અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૮ માર્ચ ૨૦૨૫, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ વદ ૧૪ | અંક : ૨૬૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### ઓલા, ઉબેર, રેપિડોની જેમ હવે સહકારી ટેક્સી સેવા શરૂ થશે

# નવી સહકારી ટેક્સી સેવા સહકાર ટેક્સી શરૂ કરવાની જાહેરાત થઈ

## કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું, સહકારી ટેક્સી દેશભરમાં ટુ-વ્હીલર ટેક્સીઓ, ઓટો-રિક્ષા અને ફોર-વ્હીલર ટેક્સીઓની નોંધણી કરાવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

કેન્દ્ર સરકારે ગુરુવાર, ૨૭ માર્ચ ૨૦૨૫ ના રોજ નવી સહકારી ટેક્સી સેવા સહકાર ટેક્સી શરૂ કરવાની જાહેરાત કરી છે. તેનો ઉદ્દેશ બાઈક, કેબ અને ઓટો સેવાઓ પૂરી પાડવાનો છે. આ સહકારી ટેક્સી સેવાની શરૂઆત ઓલા, ઉબેર અને રેપિડો જેવી ઓનલાઈન ટેક્સી માર્કેટમાં હાજર કંપનીઓને પડકાર આપશે. ગૃહમંત્રી અમિત શાહે આ યોજનાની જાહેરાત કરતા કહ્યું કે આ સેવાનો લાભ કોઈ મોટા ઉદ્યોગપતિને નહીં, પરંતુ ડ્રાઈવરોને મળશે.



કેન્દ્ર સરકારના આ પગલાનો ઉદ્દેશ્ય એક વૈકલ્પિક પરિવહન સેવા પૂરી પાડવાનો છે, જ્યાં ડ્રાઈવરો મોટી કંપનીઓને કોઈ લાભ આપ્યા વિના પૈસા કમાઈ શકશે. સંસદમાં આ પહેલની જાહેરાત કરતા કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું, સહકારી ટેક્સી દેશભરમાં ટુ-વ્હીલર ટેક્સીઓ, ઓટો-રિક્ષા અને ફોર-વ્હીલર ટેક્સીઓની નોંધણી કરાવશે. અમિત શાહે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું સહકાર દ્વારા સમૃદ્ધિ ફક્ત એક સૂત્ર નથી. આને વાસ્તવિકતા બનાવવા માટે, સહકાર મંત્રાલયે છેલ્લા સાડા ત્રણ વર્ષમાં દિવસ-રાત કામ કર્યું છે. કેન્દ્રીય મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે આગામી મહિનાઓમાં સહકારી ટેક્સી સેવા શરૂ કરવામાં આવશે. ખાનગી કંપનીઓથી વિપરીત, આ સરકારી સેવા ખાતરી કરશે કે બધી કમાણી ડ્રાઈવરો પાસે જ રહે, જેનાથી તેમને વધુ નાણાકીય લાભ મળશે. અમિત શાહે કહ્યું કે આ ઉપરાંત, એક સહકારી વીમા કંપની પણ બનાવવામાં આવશે જે દેશના લોકોને વીમા સેવાઓ પૂરી પાડશે. તેમણે વધુમાં કહ્યું કે ટુંક સમયમાં તે ખાનગી ક્ષેત્રની સૌથી મોટી વીમા કંપની બનશે.

યાત્રી સાથી નામની આવી જ સેવા પશ્ચિમ બંગાળમાં પહેલેથી જ ચાલી રહી છે, જે પહેલા ફક્ત કોલકાતામાં જ ઉપલબ્ધ હતી. હવે તે સિલિગુડી, આસનસોલ અને દુર્ગાપુર જેવા શહેરોમાં પણ વિસ્તરી છે. યાત્રી સાથી ઝડપી બુકિંગ, સ્થાનિક ભાષામાં માહિતી, સસ્તા ભાડા અને ૨૪૮૭ ગ્રાહક સપોર્ટ પણ પ્રદાન કરે છે, જે તેને પ્રવાસીઓમાં લોકપ્રિય પસંદગી બનાવે છે. કેરળ દેશનું પ્રથમ રાજ્ય હતું જેણે ૨૦૨૨માં સરકારી ઓનલાઈન ટેક્સી સેવા કેરળ સવારી શરૂ કરી હતી.

# વિદેશી કાર પર ૨૫% ટેરિફનું ડોનાલ્ડ ટ્રમ્પનું એલાન, દુનિયાભરના ઓટો સેક્ટરમાં ભૂકંપ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૭ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે ઓટો આયાત પર ભારે ટેરિફની જાહેરાત કરી. વ્હાઈટ હાઉસે માહિતી આપી હતી કે ટ્રમ્પે વિદેશી ઉત્પાદિત વાહનો પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી છે. ટ્રમ્પના આ પગલાથી ઓટો સેક્ટરમાં અરાજકતા ફેલાઈ શકે છે કારણ કે ટ્રમ્પના ઓચિંતા નિર્ણયને કારણે વ્યવસાયિક ભાગીદારો સાથે તણાવ વધશે.ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં કહ્યું કે, “જે કારનું નિર્માણ અમેરિકામાં થયું નથી અમે તેના પર ૨૫ ટકા ટેરિફ લાદવા જઈ રહ્યા છીએ. જો અમેરિકામાં જ કારનું નિર્માણ થયેલું હશે તો કોઈ ટેરિફ નહીં ચૂકવવો પડે. મારો નિર્ણય આગામી ૨ એપ્રિલથી અમલમાં આવશે. ટ્રમ્પે ખાસ કહ્યું કે હાલમાં વિદેશી કાર અને હળવા ટ્રક પર જે ટેરિફ લાગુ છે એના સિવાય આ નવો ટેરિફ ઝીંકવામાં આવી રહ્યો છે. યુરોપિયન યુનિયનના વડા ઉર્સુલા વોન ડેર લેયેને બુધવારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા તમામ ઓટો આયાત પર ૨૫ ટકાના નવા ટેરિફની જાહેરાતની આકરી ટીકા કરી હતી.




## RIL એ દક્ષિણ અમેરિકન દેશોમાંથી તેલ ન ખરીદવાનો નિર્ણય લીધો

। (એજન્સી) મુંબઈ, તા.૨૭ ।

ભારતીય અબજોપતિ મુકેશ અંબાણીએ ડોનાલ્ડ ટ્રંપની ટેરિફની ધમકીઓ સામે એક મોટો નિર્ણય લઈને ઝટકો આપ્યો છે. અમેરિકાના નિવનિયુક્ત ડોનાલ્ડ ટ્રંપે આવતાની સાથે ટેરિફ મુદ્દે આડેધડ નિર્ણયો લઈને વિશ્વભરમાં તબાહી મચાવી છે ત્યારે મુકેશ અંબાણીએ એક મોટો નિર્ણય લીધો છે. તેમણે દક્ષિણ અમેરિકન દેશોમાંથી તેલ ન ખરીદવાનો નિર્ણય લીધો છે. દેશની સૌથી મોટી ઓઈલ રિફાઈનરી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL) એ વેનેઝુએલા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી અસ્થાયી રૂપે બંધ કરી દીધી છે.

### સીએમ રેખા ગુપ્તાની મોટી જાહેરાત

# દિલ્હીમાં મળશે NEET અને CUETની ફ્રી કોચિંગ

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૨૭ ।

દિલ્હીના સીએમએ શિક્ષણ મંત્રીની હાજરીમાં વિદ્યાર્થીઓ માટે મોટું પગલું ભર્યુ છે. દિલ્હીની સરકારી શાળાઓના ૧,૬૩,૦૦૦ બાળકોને CUET અને NEET પ્રવેશ પરીક્ષાઓ માટે મફત કોચિંગ આપવા માટે ગુરુવારે મુખ્યમંત્રી રેખા ગુપ્તા અને દિલ્હીના શિક્ષણ પ્રધાન આશિષ સૂદની હાજરીમાં એક એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ સાથે, દિલ્હીની સરકારી શાળાઓમાંથી વધુને વધુ બાળકો સારી કોલેજોમાં જશે અને ડોકટરો અને એન્જિનિયરોની પ્રવેશ પરીક્ષા પાસ કરી શકશે. સરકારી શાળાના બાળકોને મેડિકલ અને એન્જિનિયરિંગ કોલેજમાં મોકલવા માટે સરકારે BIG અને Physics Wala સાથે આ કરાર કર્યા છે. આ એમઓયુ હેઠળ સરકારી શાળાના બાળકોને દરરોજ ૬ કલાક અને કુલ ૧૮૦ કલાક ઓનલાઈન વર્ગો આપવામાં આવશે. આ વિશે બોલતા દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ જણાવ્યું હતું કે, ‘રાજધાની દિલ્હીના બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ રહે તે માટે NEET ૨૦૨૫ અને CUET ૨૦૨૫ની તૈયારી માટે દિલ્હી સરકારના શિક્ષણ નિયામકના વિદ્યાર્થીઓને વિશેષ ઓનલાઈન ક્લાસ આપવા માટે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. તે સારી મેડિકલ કોલેજો અને કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં એડમિશન લઈ શકે છે. આ વિશે વાત કરતા દિલ્હીના શિક્ષણ મંત્રી આશિષ સૂદે કહ્યું, દિલ્હી સરકારની એક ઐતિહાસિક પહેલ આજે સાકાર થઈ છે.

### પીએમ મોદીને લઇને કહી દીધી આ વાત

# ભારત આવી રહ્યાં છે પુતિન, રશિયા-યૂક્રેન યુદ્ધ વચ્ચે પ્રવાસ

## રશિયન વિદેશ પ્રધાન સેરગેઈ લવરોવે આ વાતની પુષ્ટિ કરી અને કહ્યું કે પુતિનની ભારત મુલાકાત માટે તૈયારીઓ ચાલી રહી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ટૂંક સમયમાં ભારતની મુલાકાતે આવશે. રશિયા-યૂક્રેન યુદ્ધ પછી આ તેમની પહેલી ભારત મુલાકાત હશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગયા વર્ષે રશિયાની મુલાકાત દરમિયાન પુતિનને ભારત આવવાનું આમંત્રણ આપ્યું હતું, જેનો પુતિને હવે સ્વીકાર કરી લીધો છે. ગુરુવારે રશિયન વિદેશ પ્રધાન સેરગેઈ લવરોવે આ વાતની પુષ્ટિ કરી અને કહ્યું કે પુતિનની ભારત મુલાકાત માટે તૈયારીઓ ચાલી રહી છે, જોકે તેમણે મુલાકાતની તારીખ જાહેર કરી નથી. લવરોવે કહ્યું, ’રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ભારતીય વડાપ્રધાનનું આમંત્રણ સ્વીકાર્યું છે.’ હવે આપણો વારો છે. આ મુલાકાત એટલા માટે પણ ખાસ છે કારણ કે ભારત અને રશિયા વચ્ચેના સંબંધો હંમેશા મજબૂત રહ્યા છે. પ્રધાનમંત્રી મોદીએ તેમના ત્રીજા કાર્યકાળ પછીના પ્રથમ વિદેશ પ્રવાસમાં રશિયાની મુલાકાત લીધી. હવે, પુતિનની ભારત મુલાકાત બંને દેશો વચ્ચેના વધુ મજબૂત સંબંધોનો સંકેત છે. આ મુલાકાત દરમિયાન પુતિન અને મોદી બંને યૂક્રેન યુદ્ધ, ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા પછીના વૈશ્વિક ફેરફારો અને અન્ય મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરે તેવી અપેક્ષા છે. ભારતે યુક્રેન યુદ્ધ પર હંમેશા તટસ્થ વલણ જાળવી રાખ્યું છે. વડા પ્રધાન મોદીએ પુતિનને કહ્યું હતું કે ‘આ યુદ્ધનો યુગ નથી’. ભારતે રશિયા વિરુદ્ધ સંયુક્ત રાષ્ટ્રમાં પસાર થયેલા ઠરાવો પર મતદાન કરવાનું પણ ટાળ્યું છે અને પુતિનની જાહેર ટીકા કરવાનું ટાળ્યું છે. પ્રધાનમંત્રી મોદીએ ૨૦૨૪ માં એક એવું પગલું ભર્યું જે બહુ ઓછા નેતાઓએ કર્યું. તેમણે રશિયા અને યૂક્રેન બંનેની મુલાકાત લીધી અને યૂક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેંન્સ્કીને પણ મળ્યા. આ ઉપરાંત, વડાપ્રધાન મોદી ઓક્ટોબરમાં રશિયાના કાઝાનમાં બ્રિક્સ સમિટમાં પણ ગયા હતા. પુતિનની આ આગામી મુલાકાત બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવી શકે છે અને રશિયા-યૂક્રેન યુદ્ધની અસર પર નવી વાટાઘાટોનો માર્ગ પણ ખોલી શકે છે. રશિયાના રાષ્ટ્રપતિ પુતિન અગાઉ ૦૬ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ ભારતની મુલાકાતે આવ્યા હતા. તે સમયે, તેઓ માત્ર ૪ કલાક માટે ભારત આવ્યા હતા.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાસણગીર ખાતે જંગલ સફારીની મુલાકાત પછી ગીર આવનારા પ્રવાસીઓની સંખ્યામાં ૧૮%થી વધુનો ઉછાળો

## વડાપ્રધાનશ્રીના ગુજરાત પ્રવાસ પછી બરડા સફારીની મુલાકાત લેનારા પ્રવાસીઓની સંખ્યા ફક્ત એક જ મહિનામાં બમણી થઈ










। (માહિતી) ગાંધીનગર ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૧ થી ૩ માર્ચ, ૨૦૨૫ દરમિયાન ગુજરાતના પ્રવાસે હતા. તેમના આ પ્રવાસના છેલ્લા દિવસે એટલે કે ૩ માર્ચ, ૨૦૨૫ ના રોજ તેઓએ સાસણગીર સ્થિત જંગલ સફારી ખાતે 'વિશ્વ વન્યજીવ દિવસ'ની ઉજવણી કરી હતી. તેમણે ગીર અભયારણ્યમાં સિંહ દર્શનનો આનંદ માણ્યો હતો તેમજ ઓપન જીપમાં સવાર થઈને કેમેરાથી સિંહોના ફોટા પણ પાડ્યા હતા. વડાપ્રધાનશ્રીની આ મુલાકાત પછી સાસણગીર જંગલ સફારીમાં પ્રવાસીઓનો ધસારો જોવા મળ્યો છે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાનશ્રીની મુલાકાત પહેલાના ૨૦ દિવસમાં ગીરમાં પ્રવાસીઓની સંખ્યા ૪૯,૬૮૧ હતી, જે તેઓની મુલાકાત પછીના ૨૦ દિવસમાં વધીને ૫૯,૦૦૯ થઈ ગઈ છે, જે પ્રવાસીઓની સંખ્યામાં ૧૮.૮% નો વધારો દર્શાવે છે. વડાપ્રધાનશ્રીની ગીર જંગલ સફારીની મુલાકાતના પગલે પોરબંદર જિલ્લામાં સ્થિત બરડા વન્યજીવ અભયારણ્ય, જે એશિયાઈ સિંહોનું બીજું નિવાસસ્થાન કહેવાય છે, તેમાં પણ હવે પ્રવાસીઓનો રસ જાગૃત થયો છે. તેના કારણે, ફેબ્રુઆરી, ૨૦૨૫ની સરખામણીએ માર્ચ, ૨૦૨૫માં બરડા સફારીની મુલાકાત લેનારા પ્રવાસીઓની સંખ્યા બમણી થઈ છે. ફેબ્રુઆરી મહિના દરમિયાન બરડા સફારીની મુલાકાતે ૧૦૮ પ્રવાસીઓ આવ્યા હતા, જેની સામે માર્ચ મહિનામાં ૨૧૫ પ્રવાસીઓએ બરડા સફારીની મુલાકાત લીધી છે.

**બરડા વન્યજીવ અભયારણ્ય બન્યું એશિયાઇ સિંહોનું બીજું નિવાસસ્થાન**

અત્યારસુધી જૂનાગઢ સ્થિત ગીર અભયારણ્ય એશિયાઈ સિંહોનું એકમાત્ર નિવાસસ્થાન હતું. પોરબંદર જિલ્લામાં આવેલું બરડા વન્યજીવ અભયારણ્ય ગીર સંરક્ષિત વિસ્તાર સાથે આવાસસ્થાનો, ભૌગોલિક ક્ષેત્ર અને ભૂમિપ્રદેશની દ્રષ્ટિએ ખૂબ જ સમાનતા ધરાવે છે. બરડા અભયારણ્ય સિંહ જનીનપૂલના સંરક્ષણ માટે ખૂબ જ મહત્વનું સ્થળ છે. ઐતિહાસિક રીતે તે સિંહોના નિવાસસ્થાન તરીકે જાણીતું હતું. બરડા અભયારણ્યમાં સિંહોનું જૂથ છેલ્લે ૧૮૭૯માં જોવા મળ્યું હતું. પરંતુ, પછીથી આ વિસ્તારમાં સિંહો લુપ્ત થયા હતા.

સિંહોને તેમના ઐતિહાસિક રહેઠાણોમાં પુનઃસ્થાપિત કરવા માટે ગુજરાત વન વિભાગે બરડા વન્યજીવ અભયારણ્યમાં આહાર શ્રૃંખલાના પાયાને પુનઃસ્થાપિત કરવાનો કાર્યક્રમ શરૂ કર્યો. આ કાર્યક્રમ ચિતલ અને સાબરના સંવર્ધન અને પુનઃસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે સિંહો માટે જરૂરી શિકાર પ્રજાતિઓ છે. આ સંરક્ષણ પ્રયાસોને ૧૯ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ મોટી સફળતા મળી, જ્યારે બરડા વન્યજીવ અભયારણ્યમાં એક નર એશિયાઈ સિંહની હિલચાલ નોંધવામાં આવી. સિંહો એક સદી પછી તેમના ઐતિહાસિક નિવાસસ્થાનમાં પાછા ફર્યા. બરડા સ્થિત અભયારણ્યમાં ૮ સિંહોની વસ્તી સ્થાયી થયા પછી તેને સિંહોના 'સેકન્ડ હોમ' એટલે કે બીજા નિવાસસ્થાન તરીકે વિકસિત કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. તાજેતરમાં, બરડા વન્યજીવ અભયારણ્યમાં એશિયાઈ સિંહોના કુદરતી ફેલાવા અને સફળ સંવર્ધનને કારણે, બરડા આજે સિંહોના બીજા નિવાસસ્થાન તરીકે ઉભરી આવ્યું છે. આજે બરડા વન્યજીવ અભયારણ્યમાં ૧૭ સિંહો વસવાટ કરે છે, જેમાં ૧ નર, ૫ માદા સિંહ અને ૧૧ બાળસિંહ છે.

**ગીરમાં ઇકો-ટુરિઝમને પ્રોત્સાહન**

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન ગીરના સિંહોના વિસ્તારમાં ઈકો-ટુરિઝમને પ્રોત્સાહન આપ્યું હતું. આ જ સમયગાળા દરમિયાન ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા 'ખૂશ્બૂ ગુજરાત કી' કેમ્પેઈન શરૂ કરવામાં આવ્યું હતું. આ કેમ્પેઈને મોટી સંખ્યામાં પ્રવાસીઓને આકર્ષિત કર્યા. ભારતભરના પ્રવાસીઓની સાથે અન્ય દેશોના પ્રવાસીઓને પણ આમંત્રિત કરીને ગીરના સંરક્ષિત ક્ષેત્રની વિઝિબિલિટીમાં વધારો કરવામાં આવ્યો, જેનાથી ગીર વૈશ્વિક પ્રવાસન નકશા પર આવી ગયું.

ગીરમાં ઈકો-ટુરિઝમના વિકાસે વન્યજીવ સંરક્ષણમાં જ યોગદાન નથી આપ્યું, પરંતુ હજારો સ્થાનિક રહેવાસીઓની આવકમાં પણ હકારાત્મક પરિવર્તન આણ્યું છે, જેનાથી આ વિસ્તારના ટકાઉ વિકાસને પ્રોત્સાહન મળ્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૩૩,૧૫,૬૩૭ પ્રવાસીઓએ ગીર સંરક્ષિત વિસ્તારની મુલાકાત લીધી છે.

## સુરેન્દ્રનગર જિલ્લામાં કોલસાની ૧૫૦થી વધુ ખાણો પર દરોડા

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૨૭ ।

સુરેન્દ્રનગર જિલ્લાના થાન તાલુકામાં અનેક સ્થળે ગેરકાયદે કોલસા ખાણો ચાલે છે અને અત્યારસુધી તેની સામે આંખ મીંચામણાં થતા હતા. પરંતુ ચોટીલાના ડેપ્યુટી કલેક્ટર એચ.ટી. મકવાણા અને તેમની ટીમે એકસાથે ૧૫૦થી વધુ ગેરકાયદે ખાણો પર દરોડા પાડીને સપાટો બોલાવી દીધો છે. આ સાથે ખાણમાફિયાઓને મોટો ઝટકો આપ્યો છે. ચોટીલાના ડેપ્યુટી કલેક્ટર એચ.ટી. મકવાણાએ સિંઘમ સ્ટાઈલથી ખાણ માફીયાઓ સામે એક્શન શરૂ કર્યા છે. તેમની ટીમ દ્વારા જામવાળી અને ભડુલો વિસ્તારમાં દરોડા અને ચેકીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, જ્યાં અધિકારીઓએ કોલસો કાઢવા માટે ખોદવામાં આવેલા ૧૫૦થી વધુ ખાડાઓ શોધી કાઢ્યા હતા. દરોડા દરમિયાન હજારો ટન કોલસાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. તપાસ દરમિયાન ખનન માટે વપરાતાં ટ્રેક્ટર અને અન્ય સાધનો પણ જપ્ત કરવામાં આવ્યાં છે. આ સાધનોનો ઉપયોગ ગેરકાયદે ખનન માટે કરવામાં આવતો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, પકડાયેલી કેટલીક ખાણોમાં રાજકીય આગેવાનોની સંડોવણી હોવાની શક્યતા છે.

## વડોદરાના વાઘોડિયામાં પાણીનો કકળાટ જોવા મળ્યો

। (એજન્સી) વડોદરા, તા.૨૭ ।

વડોદરાના વાઘોડિયામાં પાણીનો કકળાટ જોવા મળ્યો. વાઘોડિયા નગરપાલિકામાં આજે પાણીની સમસ્યાને લઈને મહિલાઓએ માટલા ફોડી વિરોધ નોંધાવ્યો. વાઘોડિયાના માળોધર ગામમાં ગરમીની સિઝન શરૂ થઈ છતાં પીવાના પાણીને લઈને લોકો હાલાકીનો સામનો કરી રહ્યા છે. માળોધર ગામની મહિલાઓ આજે વાઘોડિયા નગરપાલિકા પંહોચી પાણીની સમસ્યાનો જલદી ઉકેલ લાવવા રજૂઆત કરી. માર્ચ મહિના આરંભ સાથે જ આ વખતે તાપમાનના પારો વધુ જોવા મળ્યો. ગરમીમાં પાણીની વધુ જરૂરિયાત રહેતી હોય છે. ગરમીમાં લોકો ખોરાક ઓછો લે છે અને પાણીનું વધુ સેવન કરતા હોય છે. ઉનાળામાં પાણી પ્રાથમિક જરૂરિયાત હોવાનું સરકારને ધ્યાનમાં હોવા છતાં ગામના લોકોની પાણીની સમસ્યા સામે આંખ આડા કાન કરી રહ્યા છે.

### અમદાવાદમાં બે વર્ષમાં

## ૪૬૦૦થી વધુ બાળકને હૃદય, કિડની અને કેન્સર જેવી ગંભીર સમસ્યા

### સમગ્ર જિલ્લામાં હૃદયની બીમારીના કુલ ૨૩૧૮, કિડની બીમારીના કુલ ૧૬૨૦ અને કેન્સરની બીમારીના કુલ ૬૭૦ બાળકો નોંધાયા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે સ્કૂલોમાં થતા શાળા આરોગ્ય ચકાસણીનો કાર્યક્રમ અંતર્ગત માત્ર અમદાવાદ જિલ્લામાં જ છેલ્લા બે વ ર્ષમાં ૪૬૦૦થી વધુ બાળકો કિડની, હૃદય અને કેન્સરની બીમારીથી પીડિતા હોવાનું નોંધાયુ છે. જેમાં સૌથી વધુ ૨૩૧૮ બાળકો હૃદય સંબંધિત બીમારીના છે અને ૧૬૨૦ બાળકો કિડની તેમજ ૬૭૦ બાળકો કેન્સરની બીમારીથી પીડાતા હોવાનું નોંધાયુ છે. શાળા આરોગ્ય ચકાસણી દરમિયાન ધ્યાનમાં આવેલા બાળકોને ૨૦.૫૦ કરોડના ખર્ચે સારવાર અપાઈ છે. ગુજરાત વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં આરોગ્ય વિભાગ દ્વારા માહિતી આપવામા આવી હતી કે, ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ની સ્થિતિએ શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર સહિત સમગ્ર જિલ્લામાં ૪૬૦૮ બાળકો હૃદય, કિડની અને કેન્સરની બિમારથી પીડાતા નોંધાયા છે. જેમાં અમદાવાદ શહેરમાં હૃદયની બીમારીના ૧૯૩૩, કિડનીની બીમારીના ૧૪૮૨ અને કેન્સરની બીમારીના ૫૭૯ બાળકો છે. જ્યારે જિલ્લામાં હૃદયની બીમારીના ૩૮૫, કિડનીની બીમારીના ૧૩૮ અને કેન્સરની બીમારીના ૯૧ બાળકો છે. આમ, સમગ્ર જિલ્લામાં હૃદયની બીમારીના કુલ ૨૩૧૮, કિડની બીમારીના કુલ ૧૬૨૦ અને કેન્સરની બીમારીના કુલ ૬૭૦ બાળકો નોંધાયા છે.સરકારે બાળકોની સારવારને લઈને જણાવ્યું કે, સરકાર દ્વારા હૃદયની બીમારીવાળા બાળકોને યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યુટમાં ,કિડનીની બીમારીના બાળકોને કિડની હોસ્પિટલ અને કેન્સરની બીમારીના બાળકોને અમદાવાદની કેન્સર હોસ્પિટલમાં વિના મૂલ્યે સારવારમા આવી છે.

### ફાયર વિભાગે ૨૦ કરોડથી વધુના દાગીના બચાવ્યા

## સી.જી. રોડ પરની ખ્યાતનામ જ્વેલર્સની દુકાન બળીને ખાક

### ચારમાળના સુપરમોલમાં ત્રીજા માળે આવેલી દુકાનમાં આગ લાગતા લોકો ધુમાડાથી બચવા ઉપરના માળે દોડી ગયા હતા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

સી.જી.રોડ પરની ખ્યાતનામ જવેલર્સની દુકાન બળીને ખાખ, ફાયર વિભાગે ૨૦ કરોડથી વધુના દાગીના બચાવ્યાઅમદાવાદના સી.જી.રોડ ઉપર આવેલા સુપરમોલના ત્રીજા માળે કૃણાલ જવેલર્સમાં ગત સાંજે ઈલેકટ્રીક બોર્ડમાં શોટ સર્કીટ થવાથી ભયાનક આગ લાગી હતી. ફાયર વિભાગની ટીમે સ્થળ પર પહોંચી કાચ તોડીને દુકાનમાં પ્રવેશ કર્યો હતો,અને આગ પર કાબૂ મેળવ્યો હતો.દરમિયાન દુકાનમાં રખાયેલા ૧૦ કિલો સોના સહીત અંદાજે ૨૦ કરોડનો માલસામાન સલામત બહાર કાઢ્યો હતો. ફાયર વિભાગે બચાવેલું સોનુ માલિકને પરત કર્યુ હતુ. ફાયર વિભાગની કામગીરી સમયે ઉપરના માળે વિડીયો ઉતારી રહેલા લોકોને પોલીસે ખદેડીને દુર કર્યા હતા.આ અંગે પ્રાપ્ત થતી વિગત મુજબ બુધવારે બપોરે ચાર કલાકના સુમારે સી.જી.રોડ ઉપર આવેલા સુપરમોલ ખાતે ત્રીજા માળે આવેલા કૃણાલ જવેલર્સમાં આગ લાગતા નવરંગપુરા ફાયર સ્ટેશન ખાતેથી ત્રણ વાહન સાથે ડિવીઝનલ ફાયર ઓફિસર ઘટના સ્થળે પહોંચ્યા હતા.આગને કાબૂમાં લેવા ટોરેન્ટ પાવરની ટીમ સાથે પોલીસની મદદ લેવામાં આવી હતી.ટોરેન્ટ પાવરની ટીમ દ્વારા પાવર સપ્લાય બંધ કરાવીને આગને કાબૂમાં લેવાની કામગીરી શરુ કરવામાં આવી હતી.ફાયર વિભાગની ટીમે અંદાજે એક કલાકના સમયમાં જવેલર્સની દુકાનમાં લાગેલી આગને સંપૂર્ણપણે કાબૂમાં લીધી હતી. આ બિલ્ડિંગમાં નવા ફાયર સેફટી ઈકવીપ મેન્ટ લગાવવામાં આવ્યા હોવાનું ફાયર વિભાગના સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

### ૪૦-૪૫ વર્ષ જૂનો પુલ હાલ જર્જરિત હાલતમાં છ

## અમરેલી-રાજકોટ નેશનલ હાઈવે પરનો પુલ જર્જરિત હાલતમાં

### રાહદારીઓ જીવના જોખમે આ પુલ પરથી પસાર થવા મજબૂર છે, તો શું તંત્ર મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે

। (એજન્સી) અમરેલી, તા.૨૭ ।

અમરેલી-રાજકોટ નેશનલ હાઈવે પર આવેલો ૪૦-૪૫ વર્ષ જૂનો પુલ હાલ જર્જરિત હાલતમાં છે. ૨૪ કલાક ભારે વાહનોથી પુલ ધમધમતો રહે છે, પુલ ગમે ત્યારે પડી શકે તેમ છે તેમ છતાં તંત્ર હજુ ચુપ છે. પુલની રેલીંગ તૂટી ગઈ અત્યંત જર્જરિત હાલતમાં પુલ છે અને રાત્રી દરમિયાન અનેક અકસ્માતો ભૂતકાળમાં બનેલા છે. રાહદારીઓ જીવના જોખમે આ પુલ પરથી પસાર થવા મજબૂર છે, તો શું તંત્ર મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે. અમરેલી-રાજકોટ નેશનલ હાઈવે પર નાના માચીયાળા ગામ પાસે આવેલી ઠેબી



નદી પરનો પુલ હાલ ગંભીર જર્જરિત અવસ્થામાં છે. પુલને અંદાજીત ૪૦-૪૫ વર્ષ થયા છે, પુલ જર્જરિત હાલતમાં છે, પુલની બંને બાજુની રેલીંગ જર્જરિત થઈ ગઈ છે અને પુલ નીચેથી પણ જર્જરિત બની ગયો છે અને તંત્ર દ્વારા પુલ પર ડામરની પટ્ટી મારવામાં આવી છે, પરંતુ પુલ નીચેથી જર્જરિત થઈ ગયો છે, લોખંડના સળિયા સ્પષ્ટ દેખાઈ રહ્યા છે, ગામના સરપંચ અને ગામના લોકો દ્વારા અનેક વખત લેખિત રજૂઆત કરવા છતાં હજુ સુધી નવો પુલ બનાવવામાં આવતો નથી, રાત્રી દરમિયાન અહીં ભૂતકાળમાં મોટા અકસ્માતો બન્યા છે હવે દ્રશ્યો જોતા એવુ લાગે છે કે આ મોતનો પુલ છે. જો ચોમાસા પહેલા નવો પુલ નહીં બનાવવામાં આવે તો નદીના વહેણમાં પુલ પડી જાય અને મોટી દુર્ઘટના ઘટે તો નવાઈ નહીં, જેથી કોઈ મોટી દુર્ઘટના બને તે પહેલા નવો પુલ બનાવવામાં આવે તેવી ગામના સરપંચે રજૂઆત કરી હતી, હવે જોવાનું એ રહ્યું કે તંત્ર મોટી દુર્ઘટના ઘટે તે પછી જાગશે કે શું તે હવે આવનારો સમય જ બતાવશે.

## વડોદરાના ફતેપુરા-હાથીખાના વિસ્તારના દબાણો હટાવાયા



। (એજન્સી) વડોદરા, તા.૨૭ ।

વડોદરા શહેરમાં ચારે બાજુએ પાલિકા તંત્ર દ્વારા શરૂ થયેલી દબાણ હટાવો ઝુંબેશમાં દબાણ શાખાની ટીમે આજે વોર્ડ નં.૬-૭માં દબાણ હટાવવાની કામગીરી કરી હતી. સંવેદનશીલ ફતેપુરા વિસ્તારના મંગલેશ્વર ઝાંપા વિસ્તારના કાચા પાકા દબાણો સહિત હાથી ખાનાથી ફતેપુરા વિસ્તારના આસપાસના દબાણોથી ભૂતડી ઝાપાથી શ્રીનાથ પેટ્રોલ પંપ સુધી અને ગબ્બર એપાર્ટમેન્ટથી કારેલીબાગની વાયરો હોસ્પિટલ સુધીના કાચા પાકા દબાણો સહિત શેરડીના કોલા, કેરી રસના તંબુ, તરબૂચવાળાના અનેક શેડ સહિત ખેર ઠેરથી અનેક લારી-ગલ્લા-પથારાના અને ગેરકાયદે ગેરેજ રીપેરીંગના ગલ્લા હટાવતા વિસ્તારમાં અનેક જગ્યાએ તું તું મેં મેં થવા સહિત ઉમટેલા લોક ટોળાને પોલીસ કાફલાએ ધીરજ અને સંયમપૂર્વક કુનેહ દાખવી હટાવી દીધા હતા. જોકે દબાણ શાખાની ટીમે કેટલીક લારીઓ સહિત અન્ય માલ સામાન મળીને ચાર ટ્રક જેટલો માલ સામાન કબજે કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે પાલિકા તંત્રના આદેશ મુજબ દબાણ શાખાની ટીમ આજે સંવેદનશીલ ફતેપુરાના મંગલેશ્વર ઝાપા વિસ્તારમાં પહોંચી ગઈ હતી. જ્યાં રોડ રસ્તાને રોકતા અનેક ખાણીપીણી-ચાની લારીઓ, સહિત દુકાનદારોએ બહાર ફૂટપાથ પર મુકેલો માલ સામાન, તથા શેરડીના કોલા, કેરી રસના તંબુ, અને તરબૂચના શેડ તોડી પાડ્યા હતા.

### યુનિવર્સિટી પાસેથી બોર્ડે આ બિલ્ડિંગ ભાડે લીધું હતું

## સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર ઈન્ડિયન નોલેજ સિસ્ટમ ૬ જ મહિનામાં ધૂળ ખાતું થઈ ગયું

। (એજન્સી) વડોદરા, તા.૨૭ ।

એમ.એસ.યુનિવર્સિટીમાં લાખોના ખર્ચે બનાવવામાં આવેલું સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર ઈન્ડિયન નોલેજ સિસ્ટમ ૬ જ મહિનામાં ધૂળ ખાતું થઈ ગયું છે. મળતી વિગતો પ્રમાણે યુનિવર્સિટીના પ્રેસની પાછળ આવેલા બિલ્ડિંગમાં શરૂઆતમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરી શરૂ કરવામાં આવી હતી. યુનિવર્સિટી પાસેથી બોર્ડે આ બિલ્ડિંગ ભાડે લીધું હતું. એ પછી ગાંધીનગરમાં બોર્ડની નવી કચેરી બની હતી. આમ છતા બિલ્ડિંગ બોર્ડની પાસે હતું. ૫૪ વર્ષ બાદ ૨૦૨૨માં આ બિલ્ડિંગનો કબ્જો બોર્ડ દ્વારા યુનિવર્સિટીને પાછો સોંપવામાં આવ્યો હતો. યુનિવર્સિટીમાં નવી શિક્ષણ નીતિનો અમલ થયા બાદ ગત વર્ષે તત્કાલિન વાઈસ ચાન્સેલર ડો.શ્રીવાસ્તવે આ બિલ્ડિંગને રિનોવેટ કરાવીને તેમાં સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર ઈન્ડિયન નોલેજ સિસ્ટમ શરૂ કરવાનો નિર્ણય લીધો હતો. રિનોવેશન પાછળ ૮ થી ૧૦ લાખ રૂપિયા ખર્ચાયા બાદ આ પ્રોજેક્ટનું લગભગ બાળમરણ થઈ ગયું છે.

## આંબાવાડી સર્કલ પાસે એક યુવક પર ૪ શખસો પર લાકડી વડે હુમલો કરી ઢોર માર માર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદમાં વસ્ત્રાલની ઘટના બાદ પોલીસ તંત્ર હરકતમાં આવી ગઈ છે. રાજ્યભરમાંથી અસામાજિક તત્ત્વોની યાદી તૈયાર કરી એક્શન લેવામાં આવી રહી છે. ત્યારે દરરોજ અમદાવાદ સહિત રાજ્યભરમાંથી દરરોજ અસામાજિક તત્ત્વોની ગુંડાગર્દીના વીડિયો સામે આવે છે. અસામાજિક તત્ત્વોએ પોલીસના નાકમાં દમ કરી મૂક્યો છે. મંગળવારે મોડી રાત્રે અમદાવાદના આંબાવાડી સર્કલ પાસે એક યુવક પર ૪ શખસો પર લાડકી વડે હુમલો કરી ઢોર માર માર્યો હતો. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આ સમગ્ર મામલે એલિસબ્રિજ પોલીસ દ્વારા ગુનો નોંધી તપાસ કરવામાં આવી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદના આંબાવાડી વિસ્તાર રહેતો નિહાર ઠાકોર નામનો યુવક મંગળવારે રાત્રે એક્ટિવા લઈને જઈ રહ્યો હતો. ત્યારે કલ્યાણ જ્વેલર્સ નજીક બે શખસોએ તેને રોકી ગાળાગાળી કરી હતી. ત્યારબાદ નિહારની એક્ટિવા પર લાકડી મારતાં તે નીચે પડી જતાં સૌરભ દેસાઈ, વિજય દેસાઈ અને ધવલ દેસાઈ તેમજ અન્ય એક શખસે ભેગા મળીને નિહાર ઠાકોરે તૂટી પડ્યા હતા. યુવકને ગડદાપાટુ અને લાકડીઓ વડે હુમલો કરી લોહીલુહાણ કરી નાખ્યો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### મહારાષ્ટ્રમાં ડ્રગ્સનું દૂષણ વધ્યું

# મહારાષ્ટ્રના મુંબઈમાં ફરી મેફેડ્રોનનો મસમોટો જથ્થો ઝડપાયો

## બે લોકો પાસેથી ૪૬.૮ કિલો મેફેડ્રોનનો જથ્થો જપ્ત કર્યો જેની કિંમત આશરે રૂપિયા ૫૦ કરોડ આંકવામાં આવી છે

। (એજન્સી) મુંબઈ, તા.૨૭ ।

મહારાષ્ટ્રમાં ડ્રગ્સના દૂષણમાં વધારો થયો હોય, તેમ ફરી મેફેડ્રોનનો મસમોટો જથ્થો ઝડપાયો છે. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો (NCB) એ રાયગઢ જિલ્લાના મહાડ ઔદ્યોગિક ક્ષેત્રમાં એક ડ્રગ્સ લેબનો ભાંડો ફોડ્યો છે. NCBની ટીમને અહીં દરોડો પાડી બે લોકો પાસેથી ૪૬.૮ કિલોગ્રામ મેફેડ્રોનનો જથ્થો જપ્ત કર્યો છે, જેથી કિંમત આશરે રૂપિયા ૫૦ કરોડ આંકવામાં આવી છે. NCBના જણાવ્યા મુજબ, તેમની ટીમે ભાંડુપ વિસ્તારના એક મકાનમાં દરોડો પાડ્યો હતો. જેમાં ટીમે શોધખોળ હાથ ધરતા મકાનમાં એક પ્લાસ્ટિકના કન્ટેનરમાંથી જથ્થો જોવા મળ્યો હતો, જેની તપાસ કરવામાં આવતા તે જથ્થો મેફેડ્રોન હોવાનો ખુલાસો થયો હતો. આ સાથે ૪૬.૮ કિલોગ્રામ ડ્રગ્સ સાથે બે લોકોની પણ ધરપકડ કરવામાં આવી છે. પૂછપરછમાં આરોપીઓએ કહ્યું કે, મહાડના ઔદ્યોગિક એકમમાં આવેલી એક લેબમાં ડ્રગ્સ તૈયાર કરાઈ હતી. એક અધિકારીએ કહ્યું કે, 'ઝડપાયેલા બે આરોપી ઓમાંથી એક વિરુદ્ધ પહેલેથી જ બે વખત નાર્કોટિક્સ ડ્રગ્સ અને સાયકોટ્રોપિક પદાર્થ (NDPS) અધિનિયમ હેઠળ કેસ નોંધાયેલા છે. તેની સામે રેવન્યુ ઈન્ટેલિજન્સ ડિરેક્ટોરેટ (DRI)માં કેસ દાખલ છે.

એનસીબીના જણાવ્યા મુજબ, આ દરમિયાન તે જામીન પર બહાર હતો અને મેફેડ્રોન બનાવવાના સિન્ડિકેટમાં સામેલ હતો. એનસીબીના અધિકારીઓએ કહ્યું કે, 'આરોપી ઓની પૂછપરછ કરવામાં આવ્યા બાદ ઔદ્યોગિક એકમ સ્થિત એક લેબોરેટરી સીલ કરવામાં આવી છે. જ્યારે ટીમે લેબમાં દરોડો પાડ્યો, ત્યારે રસાયણ મળી આવતા તે પણ જપ્ત કરવામાં આવ્યું છે. આ મામલે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આ મામલામાં અન્ય કેટલાક લોકોની સંડોવણી છે તે અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રમાં



ડ્રગ્સનું દૂષણ વધ્યું હોય તેમ અવારનવાર આવા ડ્રગ્સના જથ્થા મળી આવતા હોય છે. આ પહેલા ડિસેમ્બર-૨૦૨૪માં થાણેમાં ૧૧ લાખથી વધુના મેફેડ્રોન અને કોડીન સીરપ સાથે બેને ઝડપી લેવાયા હતા. થાણેના ક્રાઈમ બ્રાન્ચ અને એન્ટી નાર્કોટિક્સ સેલે બે અલગ અલગ ઓપરેશન હાથ ધરી રુ.૧૧ લાખથી વધુની કિંમતનું ડ્રગ્સ જપ્ત કર્યું હતું. આ કેસમાં સંડોવાયેલ બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. ખોની ગાંવનો રહેવાસી આરોપી ૬૦.૩ ગ્રામ મેફેડ્રોન સાથે ઝડપાયો હતો, જેની અંદાજિત કિંમત રુ.૭.૪૩ લાખ હોવાનું સામે આવ્યું હતું.

આ ઉપરાંત બીજા ઓપરેશનમાં ૧૨ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ મુંબ્રાના રેહવાસી નવાઝ પવલેની થાણેના દાઈઘરમાં ગણેશ ખિંડ - કલ્યાણ ફાટા રોડ પરથી ધરપકડ કરવામાં આવી હતી. સપ્ટેમ્બર-૨૦૨૪માં નવી મુંબઈ ટાઉનશીપમાં રુ.૧૪.૨૬ લાખની કિંમતનો મેફેડ્રોન જપ્ત કરવામાં આવ્યો હતો. પુણેના કોંધવા વિસ્તારમાં પેટ્રોલીંગ સમયે પોલીસને ઓપેલ પાલક સોસાયટીની સામે બે શંકમદોને નજરે ચઢતા પોલીસે બંનેને અટકાવ્યા હતા અને તેમની તપાસ કરાઈ હતી. જેમાં બંને પાસેથી ૬૩ ગ્રામ એટલે કે રુ.૧૪ લાખની કિંમતનો મેફેડ્રોન મળી આવ્યો હતો. જે પોલીસે જપ્ત કર્યો હતો. આ જ મહિનામાં પોલીસે ઉલ્વે વિસ્તારમાં આવેલ માર્ગ પર શંકાના આધારે ૩૯ વર્ષીય અને ૪૫ વર્ષીય શખ્સની ધરપકડ કરી હતી. બે લોકો પાસેથી ૪૬.૮ કિલો મેફેડ્રોનનો જથ્થો જપ્ત કર્યો જેની કિંમત આશરે રૂપિયા ૫૦ કરોડ આંકવામાં આવી છે, આ બંનેની તપાસ કરતા તેમની પાસેથી પોલીસને પ્લાસ્ટિકના બે કવરમાં પેક કરાયેલ ૭૧.૩ ગ્રામ મેફેડ્રોન મળી આવ્યું હતું. પોલીસે આ મેફેડ્રોન જપ્ત કર્યું હતું. આમાં ૩૯ વર્ષીય યુવક ફુડ ડિલીવરી બોયનું કામ કરતો હતો. તો ૪૫ વર્ષીય શખ્સ ફાર્મહાઉસની દેખરેખ રાખતો હતો. ઓગસ્ટ ૨૦૨૪માં થાણે જીલ્લાના ભીવંડી ખાતે એક ફ્લેટમાં ડ્રગ્સ ફેક્ટરીનો ભાંડો ફૂટ્યો હતો, ત્યાંથી ૮૦૦ કરોડના મેફેડ્રોન ડ્રગ્સ સાથે મુળ મુંબઈના ડુંગરી વિસ્તારમાં રહેતા બે સગા ભાઈને પકડી લેવાયા હતા. બંને ભાઈઓએ નવ મહીનાથી ભીવંડીમાં ફ્લેટ ભાડે રાખ્યો હતો અને આ ડ્રગ્સનો કારોબાર ચલાવતા હતા.

---

## મેરઠ હત્યાકાંડ પર ધીરેન્દ્ર શાસ્ત્રીનું ચોંકાવનારું નિવેદન



। (એજન્સી) મેરઠ, તા.૨૭ ।

બાગેશ્વર ધામના આચાર્ય ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ ચોંકાવનારું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, આજકાલ ભારતમાં વાદળી ડ્રમ વિશે ઘણી ચર્ચા થઈ રહી છે અને ઘણા પતિઓ આઘાતમાં છે. ભગવાનનો આભાર કે હું પરણિત નથી. જણાવી દઈએ કે, મેરઠના આ ભયાનક હત્યા કેસમાં, મુસ્કાન રસ્તોગી નામની મહિલાએ તેના પ્રેમી સાહિલ શુક્લા સાથે મળીને તેના પતિ સૌરભ રાજપૂતની હત્યા કરી દીધી હતી. હત્યા પછી, મૃતદેહના ૧૫ ટુકડા કરવામાં આવ્યા હતા અને પ્લાસ્ટિકના ડ્રમમાં નાખીને સિમેન્ટથી ભરી દેવામાં આવ્યો હતો. આ મામલો પ્રકાશમાં આવ્યા બાદ દેશભરમાં સનસનાટી ફેલાઈ ગઈ છે. આ જઘન્ય હત્યાકાંડ પર પોતાની પ્રતિક્રિયા આપતા બાગેશ્વર બાબાએ કહ્યું કે, મેરઠમાં થયેલો આ હત્યાકાંડ અત્યંત નિંદનીય અને દુર્ભાગ્યપૂર્ણ છે. વર્તમાન સમયમાં, ઘટતી જતી કુટુંબ વ્યવસ્થા, પશ્ચિમી સંસ્કૃતિના આગમન અને પ્રેમ સંબંધોને કારણે, પરિણીત પુરુષો અને સ્ત્રીઓ તેમના પરિવારોને છૂટાછેડા આપવા અથવા તેમને નષ્ટ કરવાનું કાવતરું ઘડી રહ્યા છે. જેમનો પણ દીકરો કે દીકરી આવું કરી રહ્યો છે, તે વાલીપણાની ઉણપ દર્શાવે છે. ભારતીયોએ પોતાના પરિવારોને સંસ્કારી બનાવવા માટે શ્રી રામચરિતમાનસ ની મદદ લેવી જોઈએ.

## ભારતની વર્લ્ડ ચેમ્પિયન બોક્સર સ્વીટી બુરાનો પતિ પર ગંભીર આક્ષેપ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

ઈન્ટરનેશનલ બોક્સર સ્વીટી બૂરા અને નેશનલ કબડ્ડી પ્લેયર દીપક હુડ્ડા વચ્ચેનો ઘરકંકાશ છેલ્લા એક સપ્તાહથી ચર્ચામાં છે. હાલમાં જ સ્વીટીએ પતિ સાથે પોલીસ સ્ટેશનમાં મારામારી કર્યા બાદ નવો વીડિયો પોસ્ટ કર્યો છે. જેમાં તેણે પતિ પર ગંભીર આરોપ મૂક્યો છે. ૨૦૨૩ની વર્લ્ડ ચેમ્પિયનશીપ્સ ગોલ્ડ મેડલિસ્ટ સ્વીટી બૂરાએ પતિ દીપક હુડ્ડાને પુરુષ પસંદ હોવાનો ગંભીર આરોપ મૂક્યો છે. માનસિક રીતે તૂટી ગયેલી હોવાનું જણાવી બૂરાએ વીડિયોમાં રડતાં રડતાં દાવો કર્યો હતો કે, મારા પતિને પુરુષમાં રસ છે. મારી પાસે તમામ પુરાવા અને વીડિયો છે. જેને હું પુરાવા તરીકે રજૂ કરીશ. હું તેને સમાજમાં ઉઘાડો પાડવા નહોતી માગતી પણ તેણે તમામ હદ વટાવી છે. બૂરાએ જણાવ્યું કે, મારી પાસે તમામ વીડિયો અને પ્રુફ છે, જે હું કોર્ટમાં રજૂ કરીશ. હું બધુ જ જણાવીશ, જે-જે ઘટના મારી સાથે બની છે. હું સીધી રીતે છૂટાછેડાં લેવા માગતી હતી. પરંતુ તેણે કોઈ વિકલ્પ છોડ્યો નહીં. તેણે મને ખૂબ હેરાન કરી. હું મારા માતા-પિતાને પણ આ વાત કહેવા માગતી ન હતી. પરંતુ તેના વર્તનના લીધે મારે જાહેરમાં આ બોલવુ પડે છે. હું કોર્ટમાં જઈશ. હું કોઈ ખોટા આરોપો મૂકી રહી નથી. દેશની કબડ્ડી ટીમના પૂર્વ કેપ્ટન દીપક હુડ્ડાએ પત્ની અને તેના પિતા તથા મામા પર મારપીટ કરવાનો આરોપ મૂકતી ફરિયાદ નોંધાવી છે. તેણે કહ્યું કે, હિસાર મહિલા પોલીસ સ્ટેશનમાં મારી પત્ની ઈન્ટરનેશનલ બોક્સર સ્વીટી બૂરાએ મારી સાથે મારપીટ કરી હતી. તેના મામા અને પિતાએ પણ મને માર માર્યો હતો.

---

### જેટલી ઉંમર લખી છે, એટલી લખી છે : સલમાન ખાન

# લોરેન્સ બિશ્નોઈની ધમકીઓ પર પહેલીવાર સલમાન ખાનનો જવાબ

### સલમાને આકાશ તરફ ઈશારો કરીને કહ્યું, ભગવાન, અલ્લાહ બધા ઉપર છે, જેટલી ઉંમર લખી છે, એટલી લખી છે

। (એજન્સી) મુંબઈ, તા.૨૭ ।

બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનની ફિલ્મ સિકંદર રીલિઝ થવાની છે. આ ફિલ્મનું નિર્દેશન એઆર મુરુગાદોસ દ્વારા કરવામાં આવ્યું છે અને સાજિદ નડિયાદવાલાએ પ્રોડ્યુસ કર્યું છે. ફિલ્મમાં રશ્મિકા મંદાના સલમાન ખાન સાથે સ્ક્રીન પર રોમાન્સ કરતી જોવા મળશે. એવામાં હવે સિકંદરની રિલીઝ પહેલા, સલમાન ખાને લૉરેન્સ બિશ્નોઈ ગેંગ તરફથી મળતી ધમકીઓ પર પોતાની પ્રતિક્રિયા આપી છે. સલમાન ખાન છેલ્લા કેટલાક દિવસોથી પોતાની આગામી ફિલ્મ સિકંદરના



પ્રમોશનમાં વ્યસ્ત છે. પ્રમોશનની ધમાલ વચ્ચે, સુપરસ્ટારે મુંબઈમાં મીડિયા સાથે ખુલીને વાત કરી હતી. છેલ્લા કેટલાક મહિનામાં સલમાનને લૉરેન્સ બિશ્નોઈની ગેંગ તરફથી ઘણી ધમકીઓ મળી છે. ઑક્ટોબર ૨૦૨૪માં, સલમાન ખાનના નજીકના મિત્ર અને NCP નેતા બાબા સિદ્દીકીને કથિત રીતે બિશ્નોઈ ગેંગ દ્વારા નિશાન બનાવવામાં આવ્યા હતા. તેમ છતાં સલમાન ખાને પોતાનું કામ ચાલુ જ રહ્યું હતું. એવામાં જ્યારે સલમાનને પૂછવામાં આવ્યું કે શું તે પોતાની સુરક્ષાને લઈને ચિંતિત છે, તો સલમાને આકાશ તરફ ઈશારો કરીને કહ્યું, ભગવાન, અલ્લાહ બધા ઉપર છે. જેટલી ઉંમર લખી છે, એટલી લખી છે. બસ આ જ છે. ક્યારેક ક્યારેક આટલા બધા લોકોને સાથે રાખીને જવું પડે છે બસ આ જ સમસ્યા છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ત્રણ વર્ષમાં સલમાન ખાન અને તેના પરિવાર અને મિત્રો પર લૉરેન્સ બિશ્નોઈ ગેંગનો ખતરો મંડરાઈ રહ્યો છે. આ પહેલા સલીમ ખાનને મોર્નિંગ વોક દરમિયાન ધમકીભર્યો પત્ર મળ્યો હતો. ત્યારબાદ સલમાનના ઘર અને ફાર્મ હાઉસની રેકી કરવામાં આવી હતી અને સલમાનના ઘરે ફાયરિંગ કરવામાં આવ્યું હતું. આ ઘટનાઓથી સુપરસ્ટારનો પરિવાર ડરી ગયો છે. અભિનેતાએ હમ સાથ સાથ હેના શૂટિંગ દરમિયાન કથિત રીતે એક કાળા હરણને મારી નાખ્યું હતું. જેના કારણે કાળા હરણને માન આપતો બિશ્નોઈ સમુદાય આ ઘટનાથી ખૂબ જ દુઃખી થયો હતો. આ કારણે જ તે સલમાન ખાનને વારંવાર ધમકી આપે છે.

---

### CBSEની કડક ચેતવણી

## શાળામાં ગુલ્લી મારતા વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં બેસવા નહીં દેવાય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડે (CBSE) ફરી એકવાર વિદ્યાર્થીઓને વોર્નિંગ આપી છે કે, જે લોકો નિયમિત ક્લાસમાં આવી રહ્યા નથી. તેઓને બોર્ડની પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં. સાથે ડમી સ્કૂલ પ્રણાલીને પ્રોત્સાહન આપતી શાળાઓ વિરૂદ્ધ પણ કડક કાર્યવાહી હાથ ધરવાની જાહેરાત કરી છે. સીબીએસઈએ નિયમિત શાળાઓમાં અભ્યાસ ન કરતાં વિદ્યાર્થીઓને ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષામાં હાજરી ન આપવાનો આદેશ આપ્યો છે. અધિકારીએ જણાવ્યું કે, ડમી સ્કૂલમાં પ્રવેશ મેળવવાની જવાબદારી વિદ્યાર્થી તથા તેમના માતા-પિતાની રહેશે. સીબીએસઈ પોતાની પરીક્ષા નિયમાવલીમાં સંશોધન કરવા પર



વિચારણા કરી રહ્યું છે. નવા નિયમો અનુસાર, ડમી સ્કૂલમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં બેસવાની મંજૂરી મળશે નહીં. આવા વિદ્યાર્થીઓએ નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઓપન સ્કૂલિંગના માધ્યમથી પરીક્ષા આપવાની રહેશે. સીબીએસઈના એક વરિષ્ઠ અધિકારીએ મીડિયાને આ અંગે જણાવ્યું હતું કે, જો તપાસ દરમિયાન કોઈ વિદ્યાર્થી શાળામાં ગેરહાજર જોવા મળ્યો.

---

### જાગેશ્વર સાથે પાતાલ ભુવનેશ્વરના પણ થશે દર્શન

## આદિ કૈલાશ અને ઓમ પર્વત યાત્રાનું શેડ્યુલ જાહેર કરાયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

કૈલાસ માનસરોવર યાત્રા આ વર્ષે શરુ થવાની આશા સાથે કુમાઉ મંડળ વિકાસ નિગમ (KMVN) એ આદિ કૈલાસ-ઓમ પર્વત યાત્રાનું શેડ્યુલ જાહેર કર્યું છે. કૈલાસ યાત્રાની પહેલી ટીમ ૧૪ મેના રોજ કાઠગોદામથી રવાના થશે. આ ટીમ યાત્રા પૂર્ણ કર્યા પછી કાઠગોદામમાં રિપોર્ટ કરશે. તેમજ ધારચૂલાથી યાત્રાની પહેલી ટીમ ૧૫ મેના રોજ રવાના થશે. કાઠગોદામથી આઠ અને ધારચુલાથી પાંચ ટીમો યાત્રા પર જશે. કાઠગોદામથી જતાં શ્રદ્ધાળુઓ ગોલ્જુ મંદિર ચિતાઈ, પ્રસિદ્ધ શિવ મંદિર જાગેશ્વર અને પાતાળ ભુવનેશ્વર ગુફાના પણ દર્શન કરશે. ઑક્ટોબર ૨૦૨૩માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યાત્રા પછી આદિ કૈલાસ-ઓમ પર્વત યાત્રા માટે શ્રદ્ધાળુઓની



સંખ્યામાં મોટો વધારો થયો છે. યાત્રાના શેડ્યુલ પ્રમાણે પહેલા દિવસે ભક્તોનું ગ્રૂપ કાઠગોદામથી ભીમતાલ, જાગેશ્વર થઈને ૧૯૬ કિમીનું અંતર કાપીને પિથોરાગઢ પહોંચશે અને બીજા દિવસે તેઓ પિથોરાગઢથી ધારચુલા પહોંચવા માટે ૯૬ કિમીનું અંતર કાપશે. પહેલો બેઝ કેમ્પ ધારચુલામાં રહેશે. ત્રીજા દિવસે, યાત્રાળુઓ ધારચુલાથી ગુંજી જશે, ચોથા દિવસે ગુંજીથી વાયા નબી-કુટી થઈને નાભીઢાંગ જશે.

---

**US, UK, ઓસ્ટ્રેલિયા, કેનેડા અથવા UAEમાં સેટલ થવા તત્પર**

## દેશના ૨૨ ટકા સુપર રિચ નાગરિકો વિદેશમાં સ્થાયી થવાની વેતરણમાં

। (એજન્સી) મુંબઈ, તા.૨૭ ।

ભારત કરતા વધારે સારા જીવનધોરણ અને બિઝનેસ માટે અનુકૂળ માહોલ જેવા પરિબળોના કારણે સુપર રિચ ભારતીયોમાંથી ઓછામાં ઓછા ૨૨ ટકાને પરદેશમાં સ્થાયી થવાની ઈચ્છા છે. ૧૫૦ અતિ ધનિકોના સર્વેમાં બહાર આવેલા તારણ મુજબ, મોટાભાગના સુપર રિચને યુએસ, યુકે, ઓસ્ટ્રેલિયા, કેનેડા સ્થાયી થવાની ઈચ્છા છે. યુએઈની ગોલ્ડન વિઝા સ્કીમના કારણે આ દેશ પણ આકર્ષણનું કેન્દ્રનું છે. દેશની અગ્રણી વેલ્થ મેનેજર ફર્મ કોટક પ્રાઈવેટ દ્વારા કન્સલ્ટન્સી EYના સંયુક્ત સર્વે મુજબ, દર વર્ષે ૨૫ લાખ ભારતીયો અન્ય દેશોમાં સ્થળાંતર કરી રહ્યા હોવાના વિદેશ મંત્રાલયના આંકડા છે. દેશના પાંચ અલ્ટ્રા HNI (હાઈ નેટવર્થ ઈન્ડિવિજ્યુઅલ્સ) માંથી એકથી વધુ વ્યક્તિએ સ્થળાંતર કરવાની પ્રક્રિયા હાથ ધરી છે. મોટા ભાગનાની ઈચ્છા પોતાની પસંદગીના દેશમાં વસવાટ કરવાની સાથે ભારતીય નાગરિકત્વ જાળવી રાખવાની છે. ઊંચા જીવન ધોરણો, બહેતર આરોગ્ય સેવા, શિક્ષણ જેવા પરિબળોના કારણે અન્ય દેશો આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. વિદેશમાં વસવાટ કરવા ઈચ્છુક વ્યક્તિમાંથી બે તૃતિયાંશ (૬૬ ટકા)ની મતે વિદેશની પસંદગી માટે બિઝનેસ ઓપરેશનની સુગમતા મુખ્ય પરિબળ છે. વિદેશમાં સ્થળાંતરને કેટલાક લોકો ફ્યુચર ઈન્વેસ્ટમેન્ટ તરીકે જોઈ રહ્યા છે. તેના કારણે બાળકોના ભવિષ્યને પાંખો આપવાની અને ઉત્તમ ઉચ્ચ શિક્ષણ મળવાની પસંદગી પણ એક પ્રેરક બળ છે. કોટક મહિન્દ્રા બેન્કના પ્રેસિડેન્ટ ગૌતમી ગવાનકરે જણાવ્યુ હતું કે, કહ્યું હતું કે, સુપર રિચ ધનિકો દ્વારા દેશ છોડવાના કારણે દેશની સંપત્તિ પણ વિદેશમાં ખેંચાઈ જશે, તેવું માનવું જોઈએ નહીં. વ્યક્તિ પોતાનું ઘર બદલ્યા પછી પણ પોતાના નાણાને ભારતમાં જ રોકવાના છે. ગૌતમીએ વધુમાં જણાવ્યું હતું કે, ભારતમાં વસતા ભારતીય નાગરિકો વર્ષે માત્ર ૨૫૦,૦૦૦ ડોલર વિદેશમાં લઈ જઈ શકે છે. જ્યારે બિન-નિવાસી વ્યક્તિને એક મિલિયન યુએસ ડોલર લઈ જવાની મંજૂરી છે, જેથી નાણાં વિદેશમાં ન જાય તે બાબત સુનિશ્ચિત બને છે.

---

### સંસદીય સમિતિએ કરી ભલામણ

## વિદેશમાં બેઠા-બેઠા વોટિંગ કરી શકશે એનઆરઆઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

દેશની બહાર રહેતાં ભારતીયો માટે મતદાનના અધિકારના પ્રસ્તાવ પર એક ઉચ્ચ સ્તરીય સંસદીય સમિતિએ સમર્થન દર્શાવ્યું છે. સમિતિએ તેના માટે ઈલેક્ટ્રોનિક બેલેટ તથા પ્રોક્સી વોટિંગ જેવા વિકલ્પોની ભલામણ કરી છે. આ પ્રસ્તાવનો ઉદ્દેશ દેશની બહાર રહેતાં ભારતીય નાગરિકોને લોકતંત્રની પ્રક્રિયાનો ભાગ બનાવવાનો છે. હાલ આ પ્રસ્તાવ કાયદા મંત્રાલય પાસે પેન્ડિંગ છે. કોંગ્રેસ નેતા અને સાંસદ શશિ થરૂરના નેતૃત્વ હેઠળની વિદેશી બાબતો માટેની સંસદીય સમિતિએ આજે એક રિપોર્ટ રજૂ કર્યો હતો. આ રિપોર્ટમાં NRIની વ્યાખ્યાને યોગ્ય રીતે રજૂ કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. ભારત સરકારના જુદા-જુદા કાયદામાં તેનો અર્થ જુદી-જુદી રીતે દર્શાવવામાં આવ્યો છે. સંસદીય સમિતિએ પોતાના રિપોર્ટમાં રજૂઆત કરી છે કે, વર્તમાન નિયમોને આધિન NRIનું નામ મતદાન યાદીમાં હોવા છતાં તેણે મત આપવા માટે શારીરિક રૂપે ભારતમાં આવવું પડે છે. સમિતિએ તેના પર ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું કે, મોટી સંખ્યામાં NRI ભારતની નાગરિકતા છોડી ચૂક્યા છે, અથવા તો ડબલ સિટિઝનશીપ ધરાવે છે. જેના આધાર પર તેમની ચૂંટણીમાં ભાગીદારી નક્કી કરવી જોઈએ. જેમાં તેઓ ઈ-બેલેટ તથા પ્રોક્સી વોટિંગની મદદથી વિદેશમાં બેઠા-બેઠા દેશની લોકતાંત્રિક પ્રક્રિયાઓમાં ભાગ લઈ શકે. ભારતની બહાર રહેતાં NRIના વોટિંગનો મામલો હાલ કેન્દ્રીય કાયદા મંત્રાલય પાસે પેન્ડિંગ છે. પરંતુ વિદેશી બાબતોની સંસદીય સમિતિએ વિદેશ મંત્રાલયને આગ્રહ કર્યો છે કે, તે કાયદા મંત્રાલય અને ચૂંટણી પંચ સાથે મળી આ મુદ્દે સક્રિયપણે કામગીરી કરે. સમિતિએ ઈલેક્ટ્રોનિક વોટિંગ અને પ્રોક્સી વોટિંગ જેવી સંભાવનાઓ પર વિચાર કરવા પણ કહ્યું છે. જો કે, સૌથી વધુ મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે, તેના માટે કલમ ૧૯૫૦ હેઠળ બનાવવામાં આવતાં જનપ્રતિનિધિત્વ અધિનિયમમાં સંશોધન કરતાં રાજકીય પક્ષો સાથે વિચારણા કરવી જોઈએ.

---

## કેન્દ્ર સરકારના કર્મચારીઓમાં સતત પગાર વધારાની ચર્ચાઓ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે સારા સમાચાર સામે આવ્યા છે. આઠમાં પગાર પંચના લાગૂ થયા બાદ તેમના માસિક પગારમાં ૧૪,૦૦૦ રૂપિયાથી ૧૯,૦૦૦ રૂપિયા સુધીનો વધારો થઈ શકે છે. આ અનુમાન Goldman Sachs ના એક રિપોર્ટમાં લગાવવામાં આવ્યું છે. રિપોર્ટ મુજબ આઠમાં પગાર પંચની રચના એપ્રિલ ૨૦૨૫માં થાય તેવી શક્યતા છે અને તેની ભલામણો ૨૦૨૬ કે ૨૦૨૭માં લાગૂ થઈ શકે છે. કેન્દ્ર સરકારના કર્મચારીઓનો સરેરાશ મંથલી પગાર એક લાખ રૂપિયા હોય છે. જો આઠમા પગાર પંચની ભલામણો લાગૂ થાય તો આ પગાર ૧૪-૧૯% સુધી વધી શકે છે. Goldman Sachs એ જણાવી ત્રણ સંભાવનાઓ - જો સરકાર ૧.૭૫ લાખ કરોડ રૂપિયા ફાળવણી કરે તો મંથલી પગાર ૧૪,૬૦૦ રૂપિયા વધશે.


**પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન**

**'વોટર વેન્ડિંગ મશીન' ના કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન**

ઉપરોક્ત સંદર્ભમાં, 'વોટર વેન્ડિંગ મશીન' ના કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન આમંત્રિત કરવામાં આવ્યા છે. IREPS વેબસાઈટ પર યાદી પહેલાથી જ પ્રકાશિત કરવામાં આવી છે. જેની વિગતો નીચે મુજબ રજૂ કરવામાં આવી છે

| કેટલોગ નં | કરારના પ્રકારો | લોટ નં. | કરાર સમયગાળો | લોટ સમાપ્તિ તારીખ સમય |
|---|---|---|---|---|
| E-CTG-4-2025 | વોટર વેન્ડિંગ મશીન | MSS-RJT-RJT-WVM-26-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ-વોટર વેન્ડિંગ મશીનો) | સંતોષકારક કામગીરી પર ૦૫ વર્ષ + ૦૧ થી ૦૩ વર્ષ માટે નવીકરણ | બધા લોટ માટે ઈ-ઓક્શન 14.04.2025 સવારે 15:30 વાગ્યે શરૂ થશે. પ્રારંભિક કૂલિંગ ઓફ પિરિયડ 30 મિનિટ છે. ક્રમિક લોટ બંધ થવાનો અંતરાલ 10 મિનિટ છે લોટ મુજબ બંધ થવાનો સમય IREPS ના ઈ-ઓક્શન મોડ્યુલમાં દર્શાવવામાં આવશે. |
| | | MSS-RJT-SUNR-WVM-27-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ-વોટર વેન્ડિંગ મશીનો) | | |
| | | MSS-RJT-WKR-WVM-28-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ-વોટર વેન્ડિંગ મશીનો) | | |

188

અમને લાઇક કરો: facebook.com/WesternRly અમને ફોલો કરો: twitter.com/WesternRly



**પશ્ચિમ રેલવે અમદાવાદ**

**ઉમેરવું, કાઢી નાખવું, ફેરફારો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ કાર્ય**

ભારતના રાષ્ટ્રપતિ વતી, ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર, બાંધકામ, પશ્ચિમ રેલવે, ત્રીજો માળ, "એ" વિંગ, નિર્માણ ભવન, ડીઆરએમ ઓફિસ પાસે, જીસીએસ હોસ્પિટલની સામે, અમદાવાદ - 382345, નીચેના કામ માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે. (1) ટેન્ડર નં : DY.CSTE/C-II/ADI/2024-25/112 (2) કામનું નામ અને સ્થળ : પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર સાબરમતી-એ કેબિનથી અસારવા વચ્ચે વાય-કનેક્ટિવિટીના સંદર્ભમાં અમદાવાદ-આરઆરઆઈ ઇન્ડોર કાર્યમાં હાલના રૂટ રિલે ઇન્ટરલોકિંગ (સીમેન્સ મેક) નો ઉમેરવું, કાઢી નાખવું, ફેરફારો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ . (2) કામની અંદાજિત કિંમત : ₹ 90,84,247/- (રૂપિયા નેવું લાખ ચોર્યાસી હજાર બેસો સુડતાલીસ માત્ર) (4) બિડ સિક્યોરિટી : ₹ 1,81,700/- (રૂપિયા એક લાખ એક્યાસી હજાર સાતસો માત્ર) (5) ટેન્ડર રજૂ કરવાની અને ખોલવાની તારીખ: ઈ-ટેન્ડર રજૂ કરવાની તારીખ : ઈ-ટેન્ડર જમા કરવાની તારીખ : 15.04.2025 ના રોજ 15.00 કલાક સુધીમાં અને 15.04.2025 ના રોજ બપોરે 15.30 કલાકે ખુલશે. (6) ઈ-ટેન્ડર ખોલવાનો સમય અને તારીખ : 15.04.2025 ના 15.30 કલાકે. (7) વેબસાઇટની વિગતો અને નોટિસ બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો જોઈ શકાય છે અને ઓફિસનું સરનામું : ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર (બાંધકામ) ની કચેરી, પશ્ચિમ રેલવે, અમદાવાદ (ગુજરાત 382345)વેબસાઇટ : www.ireps.gov.in (8) કાર્ય પૂર્ણ થવાનો સમયગાળો : સ્વીકૃતિ પત્ર જારી કર્યાની તારીખથી બાર (12) મહિના.

138

અમને લાઇક કરો: facebook.com/WesternRly

## તંત્રી લેખ...

# રશિયા સામેના યુદ્ધમાં યુક્રેન એકલું પડ્યું

યુરોપિયન દેશો સહિત નાટો ગઠબંધનના સભ્ય દેશો કથિત રીતે પોતાની એ યોજનાથી પીછે હટ કરી રહ્યા છે, જેના હેઠળ યુક્રેનને લશ્કરી સહાય આપવાની યોજના બનાવવામાં આવી હતી. અગાઉ એવા અહેવાલો હતા કે, શાંતિ કરારની સ્થિતિમાં યુરોપિયન દેશો યુક્રેનને ભવિષ્યમાં રશિયન આક્રમણથી બચાવવા માટે ત્યાં સૈન્ય તહેનાત કરશે અને લશ્કરી સહાય પૂરી પાડશે, પરંતુ હવે આ યોજના તૂટી રહી હોય તેવું લાગી રહ્યું છે. નાટો દેશોના આ પગલાથી યુક્રેનને મોટો ઝટકો લાગ્યો છે. એક અહેવાલ પ્રમાણે યુરોપિયન નેતાઓ હવે બદલાયેલા ભૂ-રાજકીય સંજોગોમાં બ્રિટન અને ફ્રાન્સ દ્વારા પ્રસ્તાવિત સૈનિકો મોકલવાના પડકારો પર વિચાર કરી રહ્યા છે, અને તેને પલટાવી દેવાની યોજના પર કામ કરી રહ્યા છે. ટ્રમ્પ વહીવટી તંત્ર હેઠળ તાજેતરના સમયમાં યુએસ-રશિયા સંબંધોમાં સુધારો થયો છે અને મોસ્કો ધીમે-ધીમે વોશિંગ્ટનની નજીક આવી રહ્યું છે, તેથી યુરોપિયન દેશો હવે તેમના પ્રસ્તાવથી પાછળ હટી રહ્યા હોવાનું માનવામાં આવી રહ્યું છે. બીજી તરફ યુક્રેન હવે યુદ્ધના મેદાનમાં પીછેહઠ કરી રહ્યું છે અને રશિયા આગળ વધી રહ્યું હોય તેવું દેખાઈ રહ્યું છે. એક યુરોપિયન રાજદ્વારીએ જણાવ્યું કે, 'યુરોપિયન દેશો પાછળ હટી રહ્યા છે અને તેઓ જે કરી રહ્યા છે અથવા કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા તેને બદલવાનો પ્રયાસ કરી રહ્યા છે, અને આ ક્ષણે તે કરવું સૌથી સમજદારી ભર્યું પગલું હોઈ શકે છે.' અન્ય એક રાજદ્વારીએ જણાવ્યું કે, જ્યારે યુક્રેન સારી સ્થિતિમાં હતું, ત્યારે સૈનિકો મોકલવાનો વિચાર આકર્ષક લાગી રહ્યો હતો. પરંતુ હવે યુક્રેન ગ્રાઉન્ડ લેવલ પર અને અમેરિકન વહીવટી તંત્ર સાથે નબળું પડ્યું છે, તેથી હવે યુરોપિયન દેશોની યોજના વધારે આકર્ષક નથી રહી.' તમને જણાવી દઈએ કે, આ મહિને ૧૧ માર્ચે ફ્રાન્સની રાજધાની પેરિસમાં ૩૦થી વધુ દેશોના સૈન્ય અધિકારીઓની એક મીટિંગ યોજાઈ હતી. તેને પેરિસ યોજના નામ આપવામાં આવ્યું, જેમાં એક આંતરરાષ્ટ્રીય સૈન્યની રચના પર ચર્ચા કરવામાં આવી. આ પ્રકારના સૈન્યનો હેતુ યુક્રેનમાં યુદ્ધવિરામ અમલમાં આવ્યા પછી રશિયાને બીજી વાર હુમલો કરતાં અટકાવવાનો અને હુમલાની સ્થિતિમાં બચાવવાનો હતો. આ બેઠકમાં નાટો ગઠબંધનના લગભગ તમામ દેશોના ચીફ ઑફ સ્ટાફ અથવા તેમના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. જોકે, અમેરિકાને આ માટે આમંત્રણ નહોતું આપ્યું.

## રાજ્ય સરકારો ખાતરી કરે કે કોઈ પણ ખરીદી MSPથી ઓછી ન થાયઃ કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ

### આંધ્રપ્રદેશ, ગુજરાત, કર્ણાટક, મહારાષ્ટ્ર અને તેલંગાણામાં NAFED - NCCF દ્વારા MSP પર ઉત્પાદનની ખરીદી ચાલુ છેઃ કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે મોદી સરકાર ખેડૂત-મૈત્રીપૂર્ણ સરકાર છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, કેન્દ્ર સરકાર ખેડૂતોના ભલા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે સતત કામ કરી રહી છે. આ દિશામાં, ખેડૂતો પાસેથી લઘુત્તમ ટેકાના ભાવે ઉત્પાદન ખરીદવાનું કાર્ય પણ કરવામાં આવી રહ્યું છે.

ચૌહાણે જણાવ્યું હતું કે કઠોળમાં આત્મનિર્ભરતાએ અમારો સંકલ્પ છે અને આ સંદર્ભમાં, મુખ્ય તુવેર ઉત્પાદક રાજ્યોમાં તુવેરની ખરીદી કરવામાં આવી રહી છે, જેને વેગ મળ્યો છે. કઠોળનું સ્થાનિક ઉત્પાદન વધારવા, ખેડૂતોને પ્રોત્સાહિત કરવા અને આયાત પર નિર્ભરતા ઘટાડવા માટે, સરકારે ખરીદી વર્ષ ૨૦૨૪-૨૫ માટે રાજ્યના ઉત્પાદનના ૧૦૦% દરે ભાવ સહાય યોજના (PSS) હેઠળ તુવેર, અડદ અને મસૂરની ખરીદીને મંજૂરી આપી છે.


તેમણે માહિતી આપી કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સરકારે ૨૦૨૫ ના બજેટમાં જાહેરાત કરી છે કે દેશમાં કઠોળમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા માટે આગામી ચાર વર્ષ માટે ૨૦૨૮-૨૯ સુધી રાજ્યના ઉત્પાદનના ૧૦૦% તુવેર, અડદ અને મસૂર ખરીદવામાં આવશે. ખરીફ ૨૦૨૪-૨૫ સીઝન દરમિયાન ભાવ ટેકાના ભાવ યોજના હેઠળ આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, હરિયાણા, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, તેલંગાણા અને ઉત્તરપ્રદેશ રાજ્યોમાં તુવેરની ખરીદીને મંજૂરી આપવામાં આવી છે. આ સાથે, ખેડૂતોના હિતમાં, કર્ણાટક સરકારે ખરીદીનો સમયગાળો ૯૦ દિવસથી વધારીને ૩૦ દિવસ કરીને ૧ મે સુધી વધારવાની પણ મંજૂરી આપી છે.

શિવરાજ સિંહ ચૌહાણે માહિતી આપી હતી કે આંધ્રપ્રદેશ, ગુજરાત, કર્ણાટક, મહારાષ્ટ્ર અને તેલંગાણામાં NAFED અને NCCF દ્વારા MSP પર ખરીદી ચાલુ છે અને ૨૫ માર્ચ ૨૦૨૫ સુધીમાં, આ રાજ્યોમાં કુલ ૨.૪૬ લાખ મેટ્રિક ટન તુવેર (અરહર) ની ખરીદી કરવામાં આવી છે, જેનાથી આ રાજ્યોના ૧,૭૧,૫૬૯ ખેડૂતોને ફાયદો થયો છે. તેમણે કહ્યું કે ઉત્તરપ્રદેશમાં તુવેરનો ભાવ હાલમાં MSP કરતા વધુ ચાલી રહ્યો છે. કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે માહિતી આપી હતી કે ભારત સરકાર કેન્દ્રીય નોડલ એજન્સીઓ દ્વારા ખેડૂતો પાસેથી 100% તુવેર ખરીદવા માટે પ્રતિબદ્ધ છે. તેવી જ રીતે, RMS ૨૦૨૫ દરમિયાન ચણા, સરસવ અને મસૂરની ખરીદીને મંજૂરી આપવામાં આવી છે. સ્-આશા યોજના ૨૦૨૫-૨૬ સુધી લંબાવવામાં આવી છે. આ અંતર્ગત, ખેડૂતો પાસેથી MSP પર કઠોળ અને તેલીબિયાંની ખરીદી ચાલુ રહેશે. RMS 2025 માટે ચણાનો કુલ મંજૂર જથ્થો ૨૭.૯૯ લાખ મેટ્રિક ટન અને સરસવ ૨૮.૨૮ લાખ મેટ્રિક ટન છે. મુખ્ય રાજ્યોમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતનો સમાવેશ થાય છે. મસૂરનો કુલ મંજૂર જથ્થો ૯.૪૦ લાખ મેટ્રિક ટન છે. તમિલનાડુમાં કોપરા (મિલિંગ અને બોલ)ની ખરીદીને પણ મંજૂરી આપવામાં આવી છે. સરકારે ખાતરી કરી છે કે ખેડૂતો નોંધણી અને પ્રક્રિયાને સરળ બનાવવા માટે NAFED અને NCCF પોર્ટલનો ઉપયોગ કરે. શ્રી ચૌહાણે કહ્યું કે કેન્દ્ર સરકાર વતી, હું તમામ રાજ્ય સરકારોને અપીલ કરું છું કે MSP થી ઓછી ખરીદી ન થાય. અમારો ઉદ્દેશ્ય ખેડૂતોને લાભ આપવાનો છે અને અમે આ ઉમદા ઉદ્દેશ્યને પૂર્ણ કરવામાં કોઈ કસર છોડીશું નહીં.

---

**શંકરાચાર્યનાં ચોથા સૂત્ર મુજબ પેટની ભૂખ એ એક વ્યાધિ છે, અને જેમ અન્ય રોગના શમન માટે આપણે ઔષધિ લેતાં તો હોઈએ છીએ**

# ''પ્રતિદિન ભિક્ષૌષધં ભુજ્યતામ'' આ સૂત્રમાં આદિદેવ શંકરાચાર્ય કહે છે કે ભૂખ એક વ્યાધિ છે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**શંકરાચાર્યના ચોથા સૂત્રનો સીધોસાદો અર્થ કરીએ તો ભોજનને ભિક્ષા સ્વરૂપે ગ્રહણ કરવું, જગતગુરુ શંકરાચાર્ય ભૂખને વ્યાધિ ગણાવે છે, એટલે કે ભૂખ એ એક રોગ છે, પરંતુ દેશકાળ પ્રમાણે માત્ર રોગ કહેવું એ શું પર્યાપ્ત છે? આજે તો ભૂખ એ એક મહારોગ છે, એમ કહેવું પણ જરાય ખોટું નથી.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં જ મારા અંગત સ્વજન એટલે મારા માસીનું નિધન થયું! આમ જુવો તો ઉંમર કંઈ નાની નહોતી, એટલે કે ૮૦/૮૨ વર્ષ! માસી તો આમ પણ જે મા કરતાં સવાઈ હોય એ માસી! એટલે એ રીતે તો દુઃખી હતી જ, પણ એક સ્ત્રી તરીકે પણ એની જીવનયાત્રા નજર સામે પસાર થઈ હોય ને એમ લાગ્યું, કે આટલી લાંબી જીવનયાત્રામાં એવો ખાસ કોઈ પડાવ નહોતો કે જેમાં એને શાંતિ મળી હોય! રુપિયા પૈસાની કોઈ તંગી નહોતી! પણ એક પછી એક એમ જવાબદારી! આજથી ૫૦/૬૦ વર્ષ પહેલાં સ્ત્રીઓના જીવન આજ જેટલા સુવિધા જનક નહોતાં! ઉપરાંત મોટા મોટા પરિવારો એટલે દરેકની દેખભાળ કે સરભરાની જવાબદારી પણ રહેતી અને પાછા વ્યવહારો! આ બધામાં જ જીવન પુરું થાય! જોકે આજકાલ જવાબદારીને જ સમસ્યા માનવામાં આવે છે, અને દરેક એનાથી દૂર રહેવામાં માને છે! પણ વ્યક્તિગત રીતે જોઈએ તો આજકાલ સૌને સમસ્યા હોય જ છે, પછી તે ધનવાન હોય, આપણી જેમ સામાન્ય હોય, કે શ્રમજીવી હોય, દરેકને કોઈને કોઈ વ્યાધિ તો હોય જ છે. રૂપિયા વાળાને હજી વધુ રૂપિયા કેમ કમાવા? સામાન્યને પોતાની ઈજ્જત આબરૂ તથા વ્યવહાર બરકરાર રહેશે કે કેમ? અને શ્રમજીવીને આજે ચૂલો સળગશે કે નહીં? અથવા પરિવારનું પૂરું પાડી શકાશે કે નહીં? દિવસે દિવસે વધતી શારીરિક અને માનસિક વ્યાધિઓ આપણી જરૂરિયાતને કારણે જ ઊભી થઈ છે, જગતગુરુ શંકરાચાર્યના સાધન પંચ કર્મનું ચોથા સૂત્રનું પાલન કરવામાં આવે તો, આપણી ઘણી વ્યાધિઓ ઓછી થઈ જાય. તો આજે ચોથું સૂત્ર એટલે કે ''પ્રતિદિન ભિક્ષૌષધં ભુજ્યતામ'' વિશે આપણે ચિંતનમાં વાત કરીશું. શંકરાચાર્યના ચોથા સૂત્રનો સીધોસાદો અર્થ કરીએ તો ભોજનને ભિક્ષા સ્વરૂપે ગ્રહણ કરવું. જગતગુરુ શંકરાચાર્ય ભૂખને વ્યાધિ ગણાવે છે, એટલે કે ભૂખ એ એક રોગ છે. પરંતુ દેશકાળ પ્રમાણે માત્ર રોગ કહેવું એ શું પર્યાપ્ત છે? આજે તો ભૂખ એ એક મહારોગ છે, એમ કહેવું પણ જરાય ખોટું નથી, અને જે કંઈ આજે સમાજમાં ખોટું થઈ રહ્યું છે એની માટે ક્યાંક ને ક્યાંક કોઈક પ્રકારની ભૂખ જવાબદાર છે.એમણે તો પેટની ભુખની વાત કરી હતી. પરંતુ આપણે સૌ જાણીએ છીએ કે, ઘણા બધા પ્રકારની ભૂખનાં ભરડામાં આજકાલનો સમાજ ઘેરાઈ ગયો છે. શ્રમજીવી વર્ગનો માનવી તો પેટની ભુખને કારણે હજી ક્યારેક ચોરી કે અહિંસા કે અનીતિ કરે, કે અનાચરણ કરતો હોય, તો એ કદાચ થોડે ઘણે અંશે ક્ષમ્ય પણ છે. એટલે કે અતિશય ભૂખ લાગી હોય ત્યારે માનવીની બુદ્ધિ સમ રહી શકે નહીં. પરંતુ ખાતો પીતો માનવી જ્યારે ભૂખ માટે એટલે કે, પદ પ્રતિષ્ઠાની પણ ભૂખ હોય છે, રૂપિયા-પૈસા વધુને વધુ કમાવા, એની પણ ભૂખ હોય છે. દેહની પણ એક ભૂખ હોય છે, લાગણીની પણ ભૂખ હોય છે, સંબંધોમાં માન સન્માનની અપેક્ષાની પણ ભૂખ હોય છે, એમ કેટલીય પ્રકારની ભૂખની વૃત્તિ માનવની અંદર તત્વચિંતન કરતાં જોવા મળે. સમાજનું દાયિત્વ કોઈને સ્વીકારવું નથી, અથવા તો સ્વીકારવું હોય તો, માત્ર એ ભાષણ પૂરતું જ છે, આચરણ રૂપે બહુ ઓછું જોવા મળે છે. આપણે ત્યાં કહેવત છે કે ''અન્ન તેવો ઓડકાર'' એટલે આ રીતે ખોટી નિયતથી કમાયેલા રૂપિયાથી જે ભોજન ગ્રહણ કર્યું હોય, એમાંથી ઓડકાર પણ એવા જ આવે. ભગવાન જગતગુરુ શંકરાચાર્યનાં ચોથા સૂત્ર મુજબ પેટની ભૂખ એ એક વ્યાધિ છે, અને જેમ અન્ય રોગના શમન માટે આપણે ઔષધિ લેતાં તો હોઈએ છીએ, એ રીતે ભૂખ નામની વ્યાધિ મટાડવા પણ ઔષધ તો જોઈએ, અને આહાર એ જ ઔષધ છે એ સાચું, પરંતુ એને ભિક્ષા જેમ ગ્રહણ કરવામાં આવે તો આ ભૂખ એ રોગ બનતો નથી. ભીક્ષા એટલે આપણે સૌ જાણીએ છીએ કે માંગી ને ખાવું, પણ એ રીતે ન જોતાં જેમ ભીક્ષામાં આપણો આગ્રહ રહેતો નથી એ રીતે. પરંતુ આપણે તો ભિક્ષાનાં ભાવથી ભોજન ગ્રહણ કરતાં નથી. દેશકાળ પ્રમાણે ભીક્ષાનો અર્થ બદલીયે તો, થાળીમાં આવે એ ભોજનને પ્રેમપૂર્વક ફરિયાદ વગર ગ્રહણ કરવામાં આવે તો, એ ભીક્ષાની જેમ ગ્રહણ કર્યું તેમ કહી શકાય. ઈચ્છા ઉપર આપણો કાબુ હોય તો જ આ થઈ શકે, પરંતુ આગ્રહને ઈચ્છા એ બે અંદરો અંદર એટલા તત્વતઃ ભળી ગયા છે કે, તેને જુદા પાડવા મુશ્કેલ છે. જીવ અને શિવનું મિલન આ જન્મના ફેરામાં કરવું હોય, જીવતેજીવ જીવન મુક્તિનો અનુભવ કરવો હોય, તો આ અશક્ય વાતને શક્ય બનાવવી પડે, અને એની માટે આ સૂત્ર બહુ જ ઉપયોગી છે. આ સૂત્ર મુજબ જો આપણે આહાર ગ્રહણ કરીએ, એટલે કે ભૂખ નામની જે આપણી જરૂરિયાત છે, તેને પૂરી કરવા માટે, જે કંઈ આપણને મળે તેનો સંતોષ કરી અથવા તો ફરિયાદ વગર તેને પ્રસાદરૂપે ગ્રહણ કરવામાં આવે તો, ઘણી બધી વ્યાધિઓ નું શમન થતું જોવા મળે છે. દિવસે દિવસે માનવતા ઘટતી જાય છે, અને સ્વનાં દાયરામાં જીવ જીવતો જોવા મળે છે. જરૂરિયાતને નામે આગ્રહ કે ઈચ્છા છોડીશું તો મારા સિવાય પણ દુનિયાના ઘણાં લોકો જીવે છે, એને વિશે હું કંઈક કરું એવો ભાવ કેળવી શકાય. શંકરાચાર્ય એ સંન્યાસનું ઉચ્ચતમ શિખર પ્રાપ્ત કરેલું છે,તો આપણને વિચાર આવે કે નિર્ગુણ બ્રહ્મની ઉપાસના કરનાર આ જીવે સંસારી જીવો માટે સાધનાની કેટલી બધી સરળતા ઉભી કરી દીધી છે, કે જેમાં આપણે ભગવા વસ્ત્ર ધારણ કરીને સંન્યાસ લેવાનો નથી, અરણ્યમાં ભટકવાનું નથી, માત્ર સીધાસાદા આ ૫ સૂત્રોનો પ્રયોગ કરી, અને જીવન સુધારી શકાય, જીવનમાં જ સચ્ચિદાનંદ સ્વરૂપ આનંદનું પ્રસ્થાપન કરી શકાય, અને અંતિમ લક્ષ એટલે કે બ્રહ્મ સાક્ષાત્કાર સુધી પહોંચી શકાય. પરંતુ જો અને તો, એટલે કે આપણે સૌ જાણીએ છીએ કે આવું કરવું જોઈએ, પરંતુ ક્યારેય એની વિશે ગંભીરતાથી વિચાર્યું નથી. હું અને તમે આપણે બધા જ પૂર્ણ સંસારી છીએ, અને સંસારી તરીકે જ આ દુનિયામાંથી તેમજ આ સમાજમાંથી આપણે મૃત્યુ નામના સનાતન સત્યને કારણે વિદાય લેવાની છે. અને એ મૃત્યુ નામનું સંકટ પણ હવે ગમે ત્યારે આવી શકે છે. એટલે કે પહેલા તો મોટેભાગે કાળ મૃત્યુ થતાં જેમાં અવસ્થાને આરે આવેલા વયોવૃદ્ધની સંખ્યા વધુ રહેતી, પરંતુ હવે એવું રહ્યું નથી. પહેલાનો માનવી કદાચ આપણી કરતાં વધુ સંયમિત અને નિયમિત પણ હશે. આહાર એ ક્યારેક વૃદ્ધિની બદલે વિકાર પણ ઉત્પન્ન કરે છે. પહેલાની વાત જુદી હતી, હવેના કાળને કારણે આપણે સૌ જાણી ગયા છીએ, કે માથે લટકતી તલવારની જેમ મૃત્યુ તોળાઈ રહ્યું છે. હજી પણ શાંતિ ઈચ્છતા હોઈએ તો આપણી મૂળ સંસ્કૃતિ તરફ પાછાં વળવું પડશે, ત્યાં આપણો નિશ્ચિત મુકામ થાય, તો જ જીવનમાં વ્યાધિનું પ્રમાણ ઘટી શકે. સદગુરુ નિત્ય ચિંતનની ધારા રૂપે આપણને કોઈ ને કોઈ બોધ આપી રહ્યા છે, અને આપણી સંસ્કૃતિ તરફ કે માનવીય મૂળ ગુણ તરફ આપણે કેમ પાછા ફરીએ, એ વિશે સાર્વજનિક બોધ આપી રહ્યા છે. તો આ બોધને ગ્રહણ કરીને જીવન સંવારી લઈએ, તેને સરળ અને એવું મધુર લઈએ કે તેમાંથી જ મધમીઠા ખોરાક જેવો રસ આવે તો ભગવાન શ્રીકૃષ્ણને આપણે રસોવૈશ કહ્યા છે! અને આ જીવનરસ એની તરફ લઈ જાય, અને આપણે સૌ આ રીતે રસ તૃપ્તિ પ્રાપ્ત કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

---

**મહાપ્રભુની આજ્ઞા છે કે, દસમ સ્કંધએ ગોવર્ધનનાથનું હૃદય છે અને રાસલીલા પ્રાણ છે, હૃદયમાં પંચપ્રાણ રહેલા છે**

# અહી કોણ શીખવે પુણ્ય અને કોણ શીખવે પાપ!! કર્મ કર્યા પછી પ્રસન્ન રાખે એ પુણ્ય, ઉચાટમાં રાખે એ પાપ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**વાસનારૂપી વસ્ત્ર જીવ અને પરમાત્માનું મિલન થતું અટકાવે છે, ઇન્દ્રિયો વગેરેમાંથી કામને કાઢવો સહેલો છે પણ બુદ્ધિગત કામને કાઢવો મુશ્કેલ છે, ચીરહરણ સિવાય આરો નથી, વાસનાનો ક્ષય સહેલો નથી, યોગી ના શરીરમાંથી કામ જાય છે, પણ બુદ્ધિમાંથી કામ જતો નથી, વૃદ્ધાવ સ્થામાં ઇન્દ્રિયો શિથિલ થતાં ઇન્દ્રિયોમાંથી જાય છે, પરંતુ કામ બુદ્ધિમાંથી નીકળતો નથી.**

માણસને હાથે માણસનું શોષણ અત્યાચાર ભેળસેળ ભ્રષ્ટાચાર બેફામ થઈ રહ્યો છે. માણસમાં પાર વગરની નફરત અને ઈર્ષા પડેલાં છે. માનવ માનવનું અને એક દેશ બીજા દેશનું બૂરું ઈચ્છી રહ્યો છે આ બધું પરમ કૃપાળુ પરમાત્માની આજ્ઞાનું પાલન ન કરવાનું પરિણામ છે. આપણે આપણા સમાજમાં અને ખુદ આપણા કુટુંબ પરિવારમાં જોઈશું તો દેખાશે કે પ્રેમનો અભાવ આપણા જીવનને પાંગળું બનાવે છે.આજે સોનું ચાંદી આઝાદીની ઉંમર કરતાં દોઢા ત્રણ ગણા થયાં છેત્યારે કહેવાનું મન થાય કે સુખ માં સાંભરે સોનીને દુઃખે સાંભરે રામ.સાચું કહો તો આપણે બધા આમ જ કરીએ છીએ. બધું સારું ચાલતું હોય ત્યારે હું ઈશ્વર ને ભૂલી જાઉં છું.ભીડ પડતાંએની આગળ હાથ જોડું છું. ઈશ્વર પણ મારી અક્કલ ઠેકાણે રહે એ સારું ક્યારેક મારા પર દુઃખ આવવા દેતો હોય છે.ભગવાન પાસે છે છતાં દેખાતા નથી. વાસનાનો પડદો દૂર થાય તો તરત દેખાયા. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ગુરૂ આ વાસનાનો પડદો દૂર કરી આપે છે. આત્મા અને પરમાત્મા વચ્ચે આ વાસનાનો પડદો છે એટલે ભગવાનનો અનુભવ થતો નથી. તે વાસનાના આવરણને દૂર કરીને પ્રભુને મળવા જવાનું છે.બુદ્ધિગત વાસના સિદ્ધ સદગુરુ કે પરમાત્મા કૃપા કરે તો જ દૂર થાય છે. ચીરહરણએ રાસલીલાની પૂર્વ તૈયારી છે. વૃત્તિઓના આવરણનું નષ્ટ થઈ જવુંએ ચીરહરણ લીલા અને તે પછી જીવનું આત્મામાં રમણ-મિલન એ રાસ. એટલે તો ચીરહરણ લીલા પછી રાસલીલા કહે છે. કામવાસના જાય એટલે ઈશ્વર સાથે અદ્વૈત પ્રાપ્ત થાય. ચીરહરણએ કંઈ લૌકિક વસ્ત્રોની ચોરી નથી,પરંતુ બુદ્ધિગત કામ વાસનાની ચોરી છે. શ્રીકૃષ્ણ વ્યાપક હોવાથી જળમાં પણ શ્રીકૃષ્ણ છે.ગોપીઓ જળમાં પણ નહાય છે એટલે શ્રીકૃષ્ણમાં નહાય છે. એટલે એમને શ્રીકૃષ્ણ મળેલા જ છે.પણ વાસનાનું, અજ્ઞાનનું આવરણ હોવાથી શ્રી કૃષ્ણનો તેમને અનુભવ થતો નથી તેથી બુદ્ધિગત વાસનાનું વસ્ત્ર પ્રભુ કૃપા કરીને દૂર કરે છે,જ્યારે પ્રભુના બનીએ ત્યારે જ આ બને છે. પ્રભુ કહે છે કે, જેણે પોતાની બુદ્ધિ ને મારામય કરી છે તેનો વિષય ભોગનો સંકલ્પ સાંસારિક વિષય ભોગ માટે થતો નથી,પણ તે સંકલ્પ મોક્ષદાયી જ થાય છે. ભૂજેલા ધાન્યનું બી જેમ અંકુરિત થતું નથી, તેમ જેમની બુદ્ધિમાંથી વાસના નષ્ટ થઈ છે તેમનીબુદ્ધિમાં કામવાસના અંકુરિત થતી નથી. ગોપીઓને પ્રભુએ કહ્યું છે,હે વ્રજકુમારિકા ઓ તમારામાં કામ વાસના નથી, તમારા હૃદયનો શુદ્ર ભાવ હું જાણું છું,પણ તમારે હજુ મારું ધ્યાન કરી મનનો સૂક્ષ્મ મળ દૂર કરવાનો છે. તે પછી તમે મને મળશો.તમે શરદ ઋતુની રાત્રિએ મારી સાથે રમશો. શરદ ઋતુની રાત્રિ નિર્મળ હોય છે તમે એવા નિર્મળ થશો,સર્વ પ્રકારે શુદ્ધ થશો તો તમે ઈશ્વર સાથે રમી રમશો, ત્યારે જીવનું ઈશ્વર સાથે મિલન થશે ત્યારે રાસ થશે. તે પહેલાં પૂતનાવધ-અવિદ્યાનો નાશ થવો જોઈએ. અવિદ્યાનો નાશ થાય, એટલે સંસારનું ગાડું સુધરે છે. એ બતાવવા શકટાસુર નો વધ કર્યો. સંસારનું ગાડું સુધર્યું. એટલે તૃણાવર્તને મર્યો.તૃણાવર્ત એટલે કે રજોગુણ નો નાશ થયો. રજોગુણ મર્યો એટલે માખણ ચોરીની લીલા આવી શ્રીકૃષ્ણે મનની ચોરી કરી એટલે જીવન સાત્ત્વિક બન્યું. જીવન સાત્ત્વિક બને તો સંસારની આસક્તિ નષ્ટ થાય એટલે તે બતાવવા દહીંની ગોળી ફોડી. એટલે કે સંસારની આસક્તિ થઈ. સંસારની આસક્તિ જાય એટલે પ્રભુ બંધાય. તેથી તે પછી આવી દામોદર લીલા અને પ્રભુ બંધાયા એટલે દંભ મર્યો, એટલે આવી બકાસુરવધની કથા, તે પછી આવી અધાસુર વધની કથા અને સંસાર નો તાપ નાશ થયો. સંસાર દાવાગ્નિ શાંત થયો એટલે ઈન્દ્રિયોની શુદ્ધિ થઈ અને અંતઃ કરણની વાસનાનો ક્ષય થાય. તે બતાવવા નાગદમન લીલા અને પ્રલંબાસુર વધની કથા આવી.આમ જીવ ઈશ્વરને મળવા લાયક થતો ગયો એટલે તેને વેણુ ગીતની વાંસળી સંભળાઈ. વેણુ ગીત એટલે નાદ બ્રહ્મની ઉપાસના થઈ. એટલે તે પછી આવી ગોવર્ધન લીલા.ગોવર્ધન લીલા એટલે ઈન્દ્રિયોની પુષ્ટિ એટલે વૃદ્ધિ. ઈન્દ્રિયોની પુષ્ટિ એટલે કે વૃદ્ધિ ભક્તિરસથી થાય છે. ઈન્દ્રિયો પુષ્ટ થઈ એટલે ષડ્રસનો પરાભવ થયો.વરુણદેવનો પરાભવ થયો, ષડ્રસનો પરાભવ થયો, જીવ શુદ્ધ થયો,કોઈવાસના નું આવરણ ન રહ્યું એટલે ચીર હરણ લીલા થઈ અને તે પછી રાસલીલા થઈ, જીવ અને બ્રહ્મની એકતા થઈ. એકત્વ થયું.આનંદ આનંદ થઈ રહ્યો. બોલો,શ્રીકૃષ્ણ ચંદ્ર કી જય! ચીરહરણ ન થાય ત્યાં સુધી રાસ લીલા ન થાય.શરીરને વસ્ત્ર ઢાંકે છે, તેમ વાસના પરમાત્માને ઢાંકી રાખે છે. વાસનારૂપી પડદો દૂર ન થાય, ત્યાં સુધી જીવ અને શિવનું ઈશ્વરનું મિલન થતું નથી. વાસનારૂપી વસ્ત્ર જીવ અને પરમાત્માનું મિલન થતું અટકાવે છે. ઈન્દ્રિયો વગેરેમાંથી કામને કાઢવો સહેલો છે પણ બુદ્ધિગત કામને કાઢવો મુશ્કેલ છે. ચીરહરણ સિવાય આરો નથી. વાસનાનો ક્ષય સહેલો નથી. યોગીના શરીરમાંથી કામ જાય છે, પણ બુદ્ધિમાંથી કામ જતો નથી. વૃદ્ધાવ સ્થામાં ઈન્દ્રિયો શિથિલ થતાં ઈન્દ્રિયોમાંથી જાય છે, પરંતુ કામ બુદ્ધિમાંથી નીકળતો નથી. ઋષિઓ પણ કામથી હારેલા. તેઓને લાગ્યું કે, કામને મારવો કઠણ છે, તેથી તે ઋષિઓ આજે ગોપીઓ થઈને આવેલા છે. ઋષિઓએ નિશ્ચય કર્યો, આ કામભાવ હવે શ્રીકૃષ્ણને અર્પણ કરીશું અને નિષ્કામ થઈશું. મહાપ્રભુની આજ્ઞા છે કે, દસમ સ્કંધએ ગોવર્ધનનાથનું હૃદય છે અને રાસલીલા પ્રાણ છે. હૃદયમાં પંચપ્રાણ રહેલા છે, તેમ શ્રીમદ્ ભાગવતની પંચપ્રાણ આ રાસ પંચાધ્યાયી છે. રાસ પંચાધ્યાયીના પાંચ અધ્યાય છે.રાસ પંચાધ્યાયી ને ફળ પ્રકરણ કહે છે. રાસલીલા એ નિવૃત્તિ ધર્મનું પરમ ફળ છે. શ્રી રાધાજી શુકદેવજીના ગુરુ છે. રાધાજીએ શુકદેવજીને બ્રહ્મ સંબંધ કરાવ્યો છે.આ રાધાજીની કૃપા વગર રાસનું મહત્ત્વ સમજવું કઠિન છે. શુકદેવજી અગાઉના જન્મમાં પોપટ હતા. પોપટ અખંડ રાધાજી ના નામનું કીર્તન કરો. એક દિવસ રાધાજી ત્યાં પધાર્યા. ઓ હો આ કોણ મારા નામનો જપ કરે છે? ત્યાં પોપટ ઉપર દષ્ટિ પડી. પોપટ જપ કરે છે. પોપટને બોલાવ્યો.પોપટને હથેળી ઉપર રાખી કહ્યું, વત્સ, રાધા રાધા નહીં શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ બોલા રાધાજી પોપટને આ પ્રમાણે મંત્રદીક્ષા આપે છે તે વખતે શ્રી કૃષ્ણ ત્યાં પધારે છે. રાધાજીની કૃપા થઈ તો શ્રીકૃષ્ણ નાં દર્શન સુલભ બની ગયાં. વ્રજના અધિશ્વરી રાધાજી છે, શ્રીરાધાજી આદ્યશક્તિ છે. સંયોજીકા શક્તિ છે. આહલાદિકા શક્તિ છે. જગતના વિખૂટા પડેલા જીવોને શ્રીકૃષ્ણ સાથે મિલન કરાવી આપનાર શક્તિ છે, તેથી વૃંદાવનમાં મહાત્મા ઓ રાધે રાધેનો જપ કરે છે. રાધાજીની કૃપા થાય તો તે જીવને ભગવાનનાં દર્શન કરાવે છે, આ પ્રમાણે શુકદેવજી પૂર્વજન્મ માં પોપટ હતા, માટે ભાગવતમાં શુકદેવજી બોલ્યા, એમ કહેવાને બદલે શ્રીશુક બોલ્યએમ લખ્યું છે. શ્રી શબ્દનો અર્થ થાય છે રાધા. શ્રીશુક્ર એ ગુરુ-શિષ્યનું નામ છે. ભાગવતમાં કોઈના નામ સાથે શ્રી વિશેષણ લખવામાં આવતું નથી. બ્રહ્મા ઉવાચ, સનત કુમાર ઉવાચ, વ્યાસ ઉવાચ એમ લખ્યું છે. વ્યાસજીના નામ સાથે પણ શ્રી વિશેષણ વાપર્યું નથી. ફક્ત શુકદેવજી અને ભગવાનને શ્રી વિશેષણ આપવામાં આવ્યું છે. શુકદેવજીશ્રીજીના રાધાજીના કૃપાપાત્ર છે, શિષ્ય છે તેથી તેમને શ્રી વિશેષણ આપવામાં આવ્યું છે, રાધાજી શ્રીકૃષ્ણને કહે છે,આ પોપટ મને ખૂબ ગમે છે. આમ કહી રાધાજીએ શ્રીકૃષ્ણના હાથમાં પોપટ આપ્યો છે. આમ અંતરંગમાં રાધાજી શુકદેવજીના ગુરુ છે. પરમાત્મા સાથે સંબંધ જોડી આપે એ મહાપ્રભુ નું નામ પ્રગટરૂપે લેવાય નહીં. એટલે ભાગવતમાં શ્રીરાધાજીનું નામ પ્રગટરૂપે શુકદેવજીએ લીધું નથી. રાધાજીનું નામ જેમ ભાગવતમાં આવતું નથી, તેમ કોઈ ગોપીનું નામ પ્રગટરૂપે આપ્યું નથી. શુકદેવજી કથા બહુ વિવેકથી કરે છે. રાજા પરીક્ષિતને સાતદિવસમાં મોક્ષ અપાવવો છે.તે વખતે જો શુકદેવજી રાધે રાધે બોલવા લાગે તો ગુરુનું નામ લેતાં શુકદેવજીને સમાધિ લાગી જાય તો પછીરાજા નું શું? બાપડો રખડી જ પડે ને!એટલે શુકદેવજી ખૂબસાવધાન છે રાસલીલાએ સાધારણ સ્ત્રી-પુરુષ નું મિલન નથી. આ તો અંતરંગ લીલા છે.આમાં કામની ગંધ નથી. એક પતિની અનેક પત્નીઓ હોય તો તેમાં માંહોમાંહે મત્સર હોય, પણ આ ગોપીઓમાં મત્સર નથી. શુકદેવજી મહાયોગી છે.ગોપી નામની કોઈ સ્ત્રી છેએવી કલ્પના ન કરો. ગોપી અશુદ્ધ જીવ છે. ગોપીએ હૃદયનો શૂદ્ર ભાવ છે, પ્રેમભાવ છે.પ્રત્યેક ઈન્દ્રિયથી ભક્તિરસનું પાન કરતાં જે દેહ ભાન ભૂલ્યો છે તેવા વિશુદ્ધ જીવ એ ગોપી છે. સાધારણ જીવએ ગોપીની કથા કરવાને લાયક નથી અને સાધારણ જીવ આ કથા સાંભળવાનો અધિકારી નથી. કેટલાક ગોપીઓને ઈશ્વર સાથે એક થવુંનથી.એક થાય તો ઈશ્વરના રસાસ્વાદનો અનુભવ કરી શકે નહીં. જીવ ઈશ્વર સાથે એક થાય તો ઈશ્વરના રસાત્મક સ્વરૂપનો અનુભવ કરી શકતોનથી ઈશ્વર રસરૂપ હોવાથી જ્ઞાની પુરુષો તે રસમાં ડૂબી જાય છે,પણ ઈશ્વર થી અલગ રહે તો જ ઈશ્વરના રસાત્મક સ્વરૂપનો રસાનુભવ કરી શકાય.વાચક ચાહક મિત્રો, આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં અહીં અટકીએ અસ્તુ.

### હોરર કોમેડીમાં મૌની રોય અને સની સિંઘ પણ મહત્વના રોલમાં છે

## ‘સિકંદર’ સાથે સંજય દત્તની ‘ધ ભૂતની’નું ટ્રેલર બતાવામાં આવશે



**ભૂતની ૧૮ એપ્રિલે રિલીઝ થવાની છે, આ ફિલ્મમાં લોકપ્રિય ડિજિટલ ક્રીએટર બેયોયુનિક-આસિફખાન પણ દેખાશે**

હોરર કોમેડીના ટ્રેન્ડમાં સંજય દત્તે પણ ઝુકાવ્યું છે. સંજુ બાબા મૌની રોયની હોરર કોમેડી ‘ધ ભૂતની’નું પોસ્ટ પ્રોડક્શન પૂરું થઈ ગયું હોવાથી પ્રમોશનની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ફિલ્મના પ્રમોશનમાં સંજય દત્તનો ખાસ મિત્ર સલમાન ખાન પણ મદદ કરી રહ્યો છે. થીયેટરમાં ‘સિકંદર’ની સાથે ‘ધ ભૂતની’નું ટ્રેલર પણ દર્શાવવામાં આવશે. તે પૂર્વે ૨૯ માર્ચે ટ્રેલર લોન્ચ માટે મુંબઈમાં એક ઈવેન્ટનું આયોજન કરાયું છે. ‘સિકંદર’માં સલમાન ખાનને જોવા જનારા ઓડિયન્સને સંજય દત્તની ઝલક પણ જોવા મળશે. ૩૦ માર્ચે સિકંદર રિલીઝ થઈ રહી છે ત્યારે સલમાન અને સંજય દત્ત બંને એકબીજા સાથે ભાઈબંધી નિભાવવાની સાથે એન્ટરટેઈનમેન્ટાં પણ વધારો કરશે. ‘ધ ભૂતની’ની દુનિયામાં ઝલક આપતો વીડિયો અગાઉ સોહમ રોકસ્ટાર એન્ટરટેઈનમેન્ટે રિલીઝ કર્યો હતો. વીડિયોની શરૂઆત સંજય દત્તના વોઈસ ઓવરથી થાય છે અને બેકગ્રાઉન્ડમાં ભૂતિયા આકૃતિઓ અને વૃક્ષો દેખાય છે.ટીઝર વીડિયોમાં હોરર અને કોમેડીની સાથે રોમાન્સની પણ આંટીઘૂંટીઓ છે. ફિલ્મમાં સની સિંઘ અને પલક તિવારીને કપલ તરીકે દર્શાવવામાં આવ્યા છે. પલક તિવારીને કોઈ ભૂત-પ્રેત દ્વારા વશમાં કરી લેવાય છે. મૌની પાસે રહસ્યમય શક્તિઓ છે અને સંજય દત્તના કેરેક્ટરમાં આક્રમકતા જોવા મળે છે. ભૂતની ૧૮ એપ્રિલે રિલીઝ થવાની છે. આ ફિલ્મમાં લોકપ્રિય ડિજિટલ ક્રીએટર બેયોયુનિક અને આસિફખાન પણ જોવા મળશે.



### ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ચાલી રહેલા પેઈડ ટ્રોલિંગની પોલ ખુલી

## ટ્રોલર્સના શરણે સ્ટાર્સ, ટાર્ગેટ પાર પાડવાનો નવો કીમિયો

**કલાકારોની છાપ ખરાબ કરવા માટે તેમની વિરુદ્ધમાં આયોજનપૂર્વક નેગેટીવ પબ્લિસિટી કેમ્પેઇન ચલાવે છે**

લગભગ દરેક સેલેબ્રિટીને ટ્રોલિંગનો સામનો કરવો પડે છે, કેટલાંક તેને અવગણે છે તો કેટલાંક તેનો સામે જવાબ પણ આપે છે. પરંતુ હવે પૂજા હેગડેએ નવો ઘટસ્ફોટ કર્યો છે, જેમાં તેણે ઈન્ડસ્ટ્રીમાં ચાલતા પેઈડ ટ્રોલિંગની પદ્ધતિ વિશે વાત કરી છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં પૂજાએ જણાવ્યું કે કલાકારો આ ઈન્ડસ્ટ્રીની ચમકમાં ટકી રહેવા માટે કેવા-કેવા ખર્ચ કરતા હોય છે. પૂજા હેગડે કહ્યું કે અન્ય કલાકારોની છાપ ખરાબ કરવા માટે તેમની વિરુદ્ધમાં આયોજનપૂર્વક નેગેટીવ પબ્લિસિટી કેમ્પેઈન ચલાવે છે. પૂજાએ એવું પણ કહ્યું હતું કે તેની પોતાની ટીમને ઘણી વખત આ પ્રકારના કેમ્પેઈન માટે સંપર્ક કરવામાં આવ્યો હતો, જે ઈન્ડસ્ટ્રીનાં અનૈતિક ધારા ધોરણો દર્શાવે છે.સોશિયલ મીડિયાના વધતા ઉપયોગ સાથે ટ્રોલિંગ પણ તેનો એક અભિન્ન હિસ્સો બની ગયું છે, જેના કારણે પૂર્વધારણાઓને નિયંત્રણમાં લાવવી પણ મહત્વની બની ગઈ છે. અનેક કલાકારો આ સ્થિતિનો ભોગ બન્યા છે. પૂજાએ યાદ તાજી કરતા કહ્યું,‘‘અમને ખબર પડી કે તેના પર તો લાખો ખર્ચવામાં આવે છે. તેમણે અમને પણ બીજાને ટ્રોલ કરવાના ભાવ કહ્યા હતા.’’ પૂજાએ એમ પણ કહ્યું કે તે પોતાની સફળતામાં પેઈડ ટ્રોલિંગને કઈ દૃષ્ટિએ જુએ છે. પૂજાએ આગળ કહ્યું,‘‘જો એ લોકો તમને નીચે જ ખેંચવા માગતા હોય, તો એનો અર્થ કે એ લોકોથી તમે આગળ છો.’’પૂજાએ આ સાથે ઈન્ડસ્ટ્રીમાં થતા ભેદભાવ વિશે પણ વાત કરી હતી. તેણે કહ્યં કે મહિલા કલાકારોએ આ ઈન્ડસ્ટ્રીમાં ખાસ આવા ભેદભાવનો સામનો કરવો પડે છે. તેણે કહ્યું કે ફિલ્મમાં મહત્વનો રોલ હોય તેમ છતાં તેમને ફિલ્મના પ્રમોશનથી દૂર રાખવામાં આવે છે. પૂજાએ ભારપૂર્વક કહ્યું કે સેટ પરની વ્યવસ્થામાં પણ ભેદભાવ હોય છે, જ્યાં પુરુષ કલાકારોને મનપસંદ સુવિધાઓ આપવામાં આવે છે, જ્યારે મહિલા કલાકારોએ જે ઉપલબ્ધ હોય તે સ્વીકારવું પડે છે. આ ઉપરાંત પૂજાએ એક કલાકારની કારકિર્દીમાં મહત્વનો ભાગ ભજવતા નેપોટિઝમ અને ટ્રેડ પોલિટિક્સ જેવી બાબતો પર પણ વાત કરી હતી. પૂજાએ કહ્યું,‘‘આવું બધે જ થાય છે, ક્યારેક ખુલ્લે આમ, ક્યાંક છુપાઈને. પુરુષ કલાકારોની વેનિટી વેન સેટથી નજીક હોય છે.

## રેઈડ-૨ ફિલ્મથી ભ્રષ્ટ નેતા સામે બાથ ભીડવા અજય દેવગન સજ્જ

**૨૦૧૮ના વર્ષમાં હિટ રહેલી ક્રાઈમ થ્રિલર ‘રેઈડ’ની સીક્વલ સાત વર્ષે આવી રહી છે**




મહારાષ્ટ્રના વગદાર રાજકીય અગ્રણીઓમાં રીતેશ દેશમુખના પરિવારનું નામ મોખરે છે. રીતેશ દેશમુખના પિતા વિલાસરાવ દેશમુખ મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી હતા. પિતાના પગલે રાજકારણમાં શરૂઆત કરવાના બદલે રીતેશે ફિલ્મોમાં કરિયર બનાવી છે. રીતેશે ચૂંટણી દરમિયાન કોંગ્રેસ માટે અને પોતાના ભાઈઓ માટે પ્રચાર કર્યો હતો, પરંતુ સક્રિય રાજકારણમાં ઝૂકાવ્યું ન હતું. રીયલ લાઈફમાં રાજકારણી બનવાનું ટાળી રહેલા રિતેશે રીલ લાઈફમાં ખૂંખાર રાજકારણી દાદાભાઈનો રોલ કર્યો છે. અજય દેવગનની આગામી ફિલ્મ ‘રેઈડ ૨’માં રીતેશ દેશમુખનો નવો અવતાર જોવા મળશે. ‘રેઈડ ૨’માં પોતાના કેરેક્ટરનો પરિચય આપતું પોસ્ટર રીતેશ દેશમુખે શેર કર્યું હતું. જેમાં રીતેશે લખ્યુ હતું કે, કાનૂન કા મોહતાજ નહીં, કાનૂન કા માલિક હૈ દાદા ભાઈ. રેઈડ ૨ પહેલી મેથી નજીકના સિનેમા ઘરોમાં. પોસ્ટરમાં રીતેશ દેશમુખ ભીડને વચ્ચે ઊભેલો છે અને હાથ ઊંચો કરી પોતાની સત્તા અને આત્મવિશ્વાસની ઝલક આપે છે. રીતેશના ફર્સ્ટ લૂકને શેર કરતાં અગાઉ IRS ઓફિસર અમય પટનાઈકના રોલમાં અજય દેવગનની નવી સફર અંગે વાત કરતું પોસ્ટર મેકર્સે શેર કર્યું હતું. નવા શહેર અને નવી ફાઈલ સાથે અમય પટનાઈકની નવી રેઈડ માટે સજ્જ રહેવા ઓડિયન્સને કહેવાયું છે. રાજકુમાર ગુપ્તાએ ડિરેક્ટ કરેલી ‘રેઈડ ૨’માં વાણી કપૂર પણ મહત્ત્વના રોલમાં છે. ૨૦૧૮ના વર્ષમાં હિટ રહેલી અજય દેવગનની ક્રાઈમ થ્રિલર ‘રેઈડ’ની સીક્વલ સાત વર્ષે આવી રહી છે. આ ફિલ્મમાં વ્હાઈટ કોલર ક્રિમિનલ સામે બાથ ભીડતા ઈનકમ ટેક્સ અધિકારીની સ્ટોરી છે. ઈનકમ ટેક્સના દરોડા દરમિયાન બનેલી સત્યઘટનાઓના આધારે આ ફિલ્મ બની છે. ૨૦૧૮માં અજય દેવગન સાથે ઈલિયાના ડીક્રુઝ અને સૌરભ શુક્લા મહત્ત્વના રોલમાં હતા.

### આઠ વર્ષના વિરામ બાદ અહેમદ ખાને ફરી કોરિયોગ્રાફી કરી

## સલમાન ખાનને કોરિયોગ્રાફરે ડાન્સનો ‘સિકંદર’ ગણાવ્યો



**સલમાનની ફિલ્મના ગીતને અલગ બનાવવા માટે તેમાં લેવેન્ટિન ફોક ડાન્સ પ્રકારના ડબકે ડાન્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે**

લાંબા સમયથી અહેમદ ખાન તેની ડિરેક્ટર તરીકેની ફિલ્મ ‘વેલકમ ટુ ધ જંગલ’ પાછળ મહેનત કરી રહ્યો છે અને તેમાં વ્યસ્ત છે. છતાં જ્યારે તેને સાજિદ નડિયાદવાલાએ સંપર્ક કર્યો ત્યારે તેણે સલમાન ખાનની ફિલ્મ ‘સિંકદર’ના ટાઇટલ સોંગ માટે કરિયોગ્રાફી કરવાની તરત સહમતિ આપી દીધી હતી. અહેમદ ખાને સલમાનને ડાન્સનો સિકંદર ગણાવતા કહ્યું,‘‘એ ક્યારેક એવી એક્શન લઈને આવે છે, જે દાદા પણ કરી લે, તો ક્યારેક એવા સ્ટેપ સાથે આવે છે કે યુવાનો પણ ન કરી શકે.’’આઠ વર્ષના વિરામ બાદ અહેમદ ખાને ફરી કોરિયોગ્રાફી કરી છે. ‘સિકંદર નાચે’ ગીતમાં સલમાન અને રશ્મિકાની કોરિયોગ્રાફી અહેમદખાને કરી છે. અહેમદ ખાને આ પહેલાં સાજિદ નડિયાદવાલા અને સલમાન ખાન સાથે પહેલાં પણ કામ કર્યુ છે અને કેટલાંક ગીતો માટે યાદગાર કોરિયોગ્રાફી કરી છે, એ એવા સ્ટેપ હોય છે કે સલમાનના ફૅન્સ તરત જ તેને પકડી લે છે.અહેમદ ખાન કહે છે, આટલા હેન્ડસમ માણસને કેમેરા સામે મુકો એમાં જ અડધું કામ તો થઈ જાય છે. એ તમારા દરેક સ્ટેપને અનુસરે છે અને જાદુ ચાલે છે, જો એ ચોક્કસ રીતે તમારા બતાવેલા સ્ટેપ ન કરે તો પણ તમારું કામ થઈ જાય છે. સલમાનના આ ગીતને અલગ બનાવવા માટે તેમાં લેવેન્ટિન ફોક ડાન્સ પ્રકારના ડબકે ડાન્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં મુંબઈમાં મોટો સેટ અને સ્ટેજ બનાવવામાં આવ્યા હતા અને તેમાં ૫૦૦ ડાન્સર્સને એક સાથે ડાન્સ કરતા જોઈ શકાય છે. અહેમદ ખાને કહ્યું કે આ નડિયદવનાલાનું સૂચન હતું અને આવું હિન્દી સિનેમામાં પહેલાં ક્યારેય બન્યું નથી. પ્રોડ્યુસરે આ ગીત માટે ટર્કીથી ખાસ લેબનીઝ ડાન્સર્સ બોલાવ્યા હતા, જેઓ ડબકે ડાન્સમાં નિષ્ણાત છે. આ ગીત માટે સલમાન ખાને પણ ઘણી મહેનત કરી છે.

## અક્ષયની ‘કેસરી ૨’ ફિલ્મનું ટીઝર લોંચ

**ભારતીય સિનેમામાં એક નવું પ્રકરણ, અનોખા દૃષ્ટિકોણ સાથે બનેલી ફિલ્મ હોય એવું લાગે**




અક્ષય કુમારની ‘કેસરી ચેપ્ટર ૨’નું ટીઝર લોંચ થઈ ગયું છે, જેમાં આર માધવન અને અનન્યા પાંડે પણ મહત્વના રોલમાં છે, આ ફિલ્મ જલિયાંવાલા બાગ સાથે સંકળાયેલી ઘટનાની વાત કરે છે. ટીઝર એક પકડી રાખે એવા ઓડિયો સાથે શરૂ થાય છે, ત્યારે આ ફિલ્મ ક્યારેય ન જોઈ હોય એવી જલિયાંવાલા બાગની ઘટના પછીની અસરો વિશે વિત કરશે.અક્ષય કુમાર આ ફિલ્મમાં સર સી. સંકરન નાયરનો રોલ કરે છે, જેઓ એક એવા નીડર વકીલ હતા જેમણે બ્રિટિશ સામ્રાજ્ય સામે આ રાષ્ટ્રીય ઘટના અંગે અવાજ ઉઠાવ્યો હતો. આ ૩૦ સેકન્ડના ટીઝરની શરૂઆત ‘દૃશ્યો વિચલિત કરી શકે તેવા છે’ એ વાક્યથી શરૂ થાય છે, પાછળ ગોળીના, ચીસોના અને અંધાધુંધીભર્યા માહોલના અવાજો સંભળાય છે. જેના કારણે એવો માહોલ ઉભો થાય છે કે દર્શક પડદા સામે જકડાઈ રહે, આ દૃશ્યો પરથી લાગે છે કે આ એક મજબૂત વાર્તા કહેતી ફિલ્મ હશે.આગળ આ વોઈસ ઓવર કહે છે, ‘‘ભુલશો નહીં કે તમે હજુ પણ બ્રિટિશ સામ્રાજ્યના ગુલામ છો’’. અક્ષય કુમારના પાત્રની જલક તો મળે છે, પરંતુ હજુ એ જાહેર થયું નથી કે અનન્યા અને માધવન કયા રોલ કરવાના છે. આ ફિલ્મનું ટીઝર માત્ર કોઈ ઝલક નથી પણ એક નિવેદન છે. તે ૫ રંપરાત ટીઝરથી ઘણું અલગ છે, જે સાબિત કરે છે કે ઘણી વખત સૌથી અસરકારક દૃશ્યો મનમાં રચાયા હોય એ જ હોય છે. આ ફિલ્મ એક પુસ્તક ‘ધ કેસ ધેટ શૂક ધ એમ્પાયર’ પર આધારીત છે, જે પુષ્પા અને રઘુ પલાત દ્વારા લખાયું હતું. આ ફિલ્મ ભારતીય સિનેમામાં એક નવું પ્રકરણ શરૂ કરે તેના અનોખા દૃષ્ટિકોણ સાથે બનેલી ફિલ્મ હોય એવું લાગે છે. આ ફિલ્મ ૧૮ એપ્રિલે થિએટરમાં રિલીઝ થશે.

### સની દેઓલ ફરી ફોર્મમાં

## દેઓલ પરિવાર રાહ જોતો હતો, એ સમય હવે આવ્યો

સની દેઓલની ફિલ્મ ‘જાટ’ના ટેલર લોંચની ઈવેન્ટ સોમવારે મુંબઈ ખાતે યોજાઈ હતી. જેમાં સન્નીએ દેઓલ પરિવારને લાંબા સમય પછી મળેલી સફળતા અને તેમના જીવનના નવા તબક્કા વિશે વાત કરી હતી. ૬૭ વર્ષના સની દેઓલે કહ્યું કે તે આટલા કામ અને આ સમયની જ રાહ જોતો હતો.આ બાબતે સનીએ ભાઈ બૉબીની સફળતા અને તેના પિતા ધર્મેન્દ્રના જીવનમાં આવેલા નવા તબક્કાની પણ વાત કરી હતી. સની દેઓલે કહ્યું કે આખરે ઈન્ડસ્ટ્રીએ તેમના પ્રયત્નોની નોંધ લીધી હતી. સની દેઓલે કહ્યું, ‘‘મને નથી લાગતું, તેનાથી મારું પ્રેશર વધ્યું હોય. આખરે એ સમય આવી ગયો છે. અમે આ સમયની બહુ રાહ જોઈ છે. આ સફળતા જોઈને અમે હંમેશા ભૂતકાળમાં પહોંચી જઈએ છીએ. અમારો પરિવાર આવો જ રહ્યો છે અને અમે આવા જ છીએ. આને જ કહેવાય તમે મહેનત કરો અને સમય ક્યારે આવશે, ખબર નહીં. તમે બસ લડતા રહો, હટશો નહીં.’’સનીએ તેની આવનારી ફિલ્મ વિશે પણ વાત કરી હતી, જોકે, તેણે ફિલ્મ વિશે વધુ માહિતી જાહેર કરી નહોતી. તે રામાયણ અને બોર્ડર ૨માં કામ કરી રહ્યો છે, પરંતુ સનીએ તે અંગે મૌન જાળવી રાખ્યું હતું, માત્ર એટલું જ કહ્યું કે તે કૅરિઅરના સારા તબક્કામાં છે.સનીએ કહ્યું, ‘‘હાલ હું માત્ર જાટ વિશે જ વાત કરી શકીશ. હું ઘણી ફિલ્મમાં કામ કરી રહ્યો છું. હું નસીબદાર છું કે હું આ બધી ફિલ્મને બનતી જોઉં છું.

## મધુર ભંડારકર અને તબસ્સુમ ફાતિમાની ‘ચાંદની બાર’ ફિલ્મની સિક્વલ બનશે


**મધુર ભંડારકરે ૨૦૦૧માં તબ્બુ સાથે ‘ચાંદની બાર’નામની ફિલ્મ બનાવી હતી**



મધુર ભંડારકરે ૨૦૦૧માં તબ્બુ સાથે ‘ચાંદની બાર’નામની ફિલ્મ બનાવી હતી, જેમાં બાર ડાન્સરના જીવનની વાત કરવામાં આવી હતી. તબુનો લીડ રોલ ધરાવતી આ ફિલ્મને નેશનલ એવોર્ડ પણ મળ્યો હતો. હવે આ ફિલ્મની સિક્વલ બની રહી છે. હવે ફિલ્મમેકર સુદિપ્તો સેન દ્વારા આ ફિલ્મના અધિકારો મેળવી લેવાયા છે. ‘ધ કેરાલા સ્ટોરી’ જેવી ફિલ્મ માટે જાણીતા આ ડિરેક્ટર ફિલ્મની સિક્વલ માટે ઘણાં ઉત્સુક છે, તેઓ ટૂંક સમયમાં આ ફિલ્મની સિક્વલની જાહેરાત થઈ શકે છે. એક ઈન્ટરવ્યૂમાં સુદિપ્તો સેને જાહેર કર્યુ હતું કે આ ફિલ્મ અંગે ચર્ચાઓ ચાલુ છે. તે ફિલ્મના કો પ્રોડ્યુસર આર.મોહન સાથે ચર્ચા વિચારણા કરી રહ્યા છે. કેટલીક કાયદેસરની કાર્યવાહી કરવાની હજુ બાકી છે એટલે તેઓ થોડાં દિવસો પછી જ આ અંગે કોઈ માહિતી આપી શકશે. સુદિપ્તોને ‘ચાંદની બાર ૨’ બનાવવામાં રસ છે, સાથે અહેવાલો દ્વારા એવી પણ માહિતી મળે છે કે આ ડીલ લગભગ ૧.૭૫ કરોડમાં થઈ છે.પહેલાં એવી પણ ચર્ચા હતી કે ‘ચાંદની બાર’માં ડાયલોગ અને સ્ક્રીનપ્લે લખનાર મોહન આઝાદ આ ફિલ્મની સિક્વલ બનાવશે. પરંતુ હવે તેમાં સુદિપ્તો સેન પણ જોડાયા છે. ત્યારે મહત્વનો પ્રશ્ન એ છે કે તેઓ પોતે આ ફિલ્મ ડિરેક્ટ કરશે કે મધુર ભંડારકર જ પોતાની ફિલ્મની સિક્વલ ડિરેક્ટ કરશે, ખાસ તો તબ્બુ આ ફિલ્મમાં ફરી કામ કરશે કે નહીં તે અંગે પણ ઘણાં ફિલ્મ રસિકોમાં ઉત્સુકતા છે.મધુર ભંડારકરની ‘ચાંદનીબાર’માં મુંબઈની કડવી વાસ્તવિકતા દર્શાવાઈ હતી, જેમાં પ્રોસ્ટિટ્યુશન, ડાન્સ બાર અને ગેંગવૉરની વાત હતી. આ ફિલ્મમાં તબુ મુખ્ય રોલમાં હતી, તેની સાથે અતુલ કુલકર્ણી, અનન્યા ખરે, રાજપાલ યાદવ, મિનાક્ષી સહાની, વિશાલ ઠક્કર પણ મહત્વના રોલમાં હતાં. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર પણ સફળ રહી હતી.

## એલનાઝને દર મહિને પાસવર્ડ બદલવા પડે છે

**કોઈ સતત નજર રાખી રહ્યું હોય, તેવો ડર એક્ટરને સતાવી રહ્યો છે**



**સેક્રેડ ગેમ્સથી જાણીતી થયેલી એક્ટ્રેસ એલનાઝે કહ્યું, ૧૮ જાન્યુઆરીએ મને એક અજાણ્યો ઈમેલ મળ્યો હતો**

બોલિવૂડ એક્ટ્રેસ એલનાઝ નોરોઝી સાઈબર ક્રાઈમનો ભોગ બની છે. જાન્યુઆરી મહિનામાં તેના પર એક ઈમેલ આવ્યો હતો. આ ઘટના પછી તે એટલી ડરી ગઈ છે કે આજે પણ કોઈ ઈમેલ ખોલતાં તેને ડર લાગે છે.સેક્રેડ ગેમ્સથી જાણીતી થયેલી એક્ટ્રેસ એલનાઝે કહ્યું,‘‘૧૮ જાન્યુઆરીએ મને એક અજાણ્યો ઈમેલ મળ્યો હતો. સામાન્ય રીતે આપણે આવા ઈમેલ ખોલતા નથી. પરંતુ આ ઈમેલના સબજેક્ટમાં મારો પાસવર્ડ લખેલો હતો એટલે ઉસ્તુકતામાં અંદર શું છે એ જોવા મેં એ ઈમેલ ખોલી નાખ્યો. તેમાં મને મારી અંગત તસવીરો એટેચ કરેલી દેખાઈ. સાથે એક મેસેજ પણ લખેલો હતો, ‘‘મારી પાસે તારી તસવીરો છે, જો એ ઓનલાઈન પોસ્ટ થાય એવું ન ઈચ્છતા હોય તો મને બની શકે એટલો જલદી જવાબ આપો. જો નહીં આપો તો આગળના ઈમેલમાં ઓનલાઈન પોસ્ટ થયેલી તસવીરોની લિંક હશે.’’’’તેથી એલનાઝે તાત્કાલિક સાઈબર સેલનો સંપર્ક કર્યો. તેની તપાસમાં જાણવા મળ્યું કે સ્વિત્ઝરલૅન્ડના કોઈ સર્વરમાંથી આ મેઈલ મોકલાયો હતો. એલનાઝે કહ્યું,‘‘તરત જ પ્રતિસાદ મળ્યો અને તેમણે બે જ દિવસમાં કામ પણ કરી દીધું, આ એવું સર્વર હતું જેમાં તેનો ઉપયોગ કરતા માણસની માહિતી મળતી નથી. મતલબ કે આ ગુના સાથે સંકળાયેલો માણસ જાણતો હતો કે તે પકડાવાથી કઈ રીતે બચી શકે છે. અમને એ કોણે મોકલ્યો એ તો ખ્યાલ ન આવ્યો પણ સાઈબર ક્રાઈમે એ વ્યક્તિનું અકાઉન્ટ ટર્મિનેટ કરી નાખ્યું છે. મને ડર છે કે એ વ્યક્તિ ફરી નવું અકાઉન્ટ બનાવીને મારો સંપર્ક કરશે.’’સાઈબરક્રાઈમની તપાસ દરમિયાન એલનાઝને પૂછાયું કે તેણે કોઈ અજાણઈ લિંક તો ક્લિક નથી કરીને, તેમાં એલનાઝે કહ્યું,‘‘મને યાદ આવ્યું કે મેં એક અજાણી લિંક પર એક ફોર્મ ભર્યુ હતું. તેથી સાઈબર ક્રાઈમની ટીમ મારા ઘેર આવી અને મને મારી સીસ્ટમનું બેક અપ લેવા કહ્યું, પછી મારા સાધનો ફોર્મેટ કરી દીધાં. હવે મેં મારા બધાં જ પાસવર્ડ બદલી નાખ્યા છે અને હું દર મહિને તે બદલતી રહું છું. હું નિયમિત રીતે સાઈબર ક્રાઈમની ટીમના સંપર્કમાં રહું છું. તેમણે મને કોઈ પણ શંકાસ્પદ ઈમેલ કે મેસેજ આવે તો તેમને જાણ કરવા જણાવ્યું છે.’’

### અંદાજીત ૩૦ કેદીઓની અન્ય તબીબી પરીક્ષણ પણ કરવામાં આવ્યા

# ઝાલોદ શહેર ખાતે આવેલ સબ-જૈલ મુકામે કેદીઓનું ટી.બી સ્ક્રીનીંગ કરવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૭ ।

'૨૪ માર્ચ વિશ્વ ક્ષય દિવસ' અંતર્ગત અને રાજ્યમાં નેશનલ એડ્સ કંટ્રોલ પ્રોગ્રમનું અમલીકરણ મુજબ, આજ રોજ તારીખ ૨૭-૩-૨૦૨૫ ગુરૂવારના રોજ "૨૪- માર્ચ વિશ્વ ક્ષય દિવસ" અંતર્ગત અને રાજ્યમાં નેશનલ એડ્સ કંટ્રોલ પ્રોગ્રમનું અમલીકરણ મુજબ, આજ રોજ તારીખ ૨૭-૩-૨૦૨૫ ગુરૂવારના રોજ ઝાલોદ શહેર ખાતે આવેલ સબ-જૈલ મુકામે, જિલ્લા ક્ષય અધિકારી ડો આર ડી પહાડીયા અને તાલુ-કા અધિકારી ડો તુષાર ભાભોરનાં માર્ગદર્શન હેઠળ અને જિલ્લાના લેપ્રેસીના મેડીકલ ઓફિસર ડો.અલ્પના અને ડિસ્ટ્રિક પ્રોગ્રામ આસિસ્ટન્ટ સાલું શર્મા અને તાલુકાના ટીબી સુપરવાઈઝર, એચ.આઈ.વી, લેપ્રેસી, મેલેરિયા સ્ટાફ દ્વારા તમામ કુલ ૩૦ કેદીઓની ટીબીનું સ્ક્રીનિંગ અને સાથે સાથે તમામના એકસ રે વાન દ્વારા એક્સ રે તપાસ,અને લોહીના નમૂનાથી સિફિલિસ, ડાયાબીટીસ, એચ આઈ વી તપાસ, Hbsag ની પણ તપાસ કરવામાં આવી અને સાથે તમામ રોગ વિશે માહિતી આરોગ્ય સ્ટાફ દ્વારા માહિતી આપવામાં આવી. અધિકારી ડો આર ડી પહાડીયા અને તાલુકા અધિકારી ડો તુષાર ભાભોરનાં માર્ગદર્શન હેઠળ અને જિલ્લાના લેપ્રેસી ના મેડીકલ ઓફિસર મેડમ શ્રી ડો અલ્પના મેડમ અને ડિસ્ટ્રિક પ્રોગ્રામ આસિસ્ટન્ટ સાલું શર્મા અને તાલુકા ના ટીબી સુપરવાઈઝર, એચ.આઈ.વી, લેપ્રેસી, મેલેરિયા સ્ટાફ દ્વારા તમામ કુલ ૩૦ કેદીઓની ટીબી નું સ્ક્રીનિંગ અને સાથે સાથે તમામના એકસ રે વાન દ્વારા એક્સ રે તપાસ,અને લોહીના નમૂનાથી સિફિલિસ, ડાયાબીટીસ, એચ આઈ વી તપાસ, Hbsag ની પણ તપાસ કરવામાં આવી અને સાથે તમામ રોગ વિશે માહિતી આરોગ્ય સ્ટાફ દ્વારા માહિતી આપવામાં આવી.

### ઇન્ટર્નશિપ તકો તેમજ રોજગારની તકોના વ્યાપક અવકાશને કેન્દ્રમાં રાખીને સેમીનારનું આયોજન કરાયું

# સહાયક નિયામક રોજગાર કચેરી દ્વારા એલ.જે. યુનિવર્સિટી ખાતે પ્રધાનમંત્રી ઇન્ટર્નશિપ યોજના પર સેમિનાર યોજાયો



। (માહિતી) અમદાવાદ, તા.૨૭ ।

આજરોજ અમદાવાદ એલ.જે.યુનિવર્સિટી ખાતે પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના પર સેમિનાર યોજાયો હતો. જેનું આયોજન સહાયક નિયામક રોજગાર કચેરી અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં યોજના હેઠળ ઉપલબ્ધ ઈન્ટર્નશિપ તકો તેમજ રોજગારની તકોના વ્યાપક અવકાશ વિશે વિગતવાર માહિતી પૂરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં એલ.જે. યુનિવર્સિટીના લાભાર્થી વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમનો મૂળ ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને યોજનાના ફાયદાઓ સમજાવવા તેમજ વિવિધ ક્ષેત્રોમાં વ્યવહારુ અનુભવ મેળવવામાં યોજના તેમને કેવી રીતે મદદરૂપ નીવડી શકે છે, જેનાથી તેમની રોજગાર ક્ષમતામાં વધારો થાય છે તે અંગે સમજ આપવાનો હતો. સેમિનાર દરમિયાન, વક્તાઓએ ઈન્ટર્નશિપ યોજનાની મુખ્ય વિશેષતાઓ પર પ્રકાશ પાડ્યો હતો, જેમાં તેના ઉદ્દેશ્યો, પાત્રતા, માપદંડો અને ઈન્ટર્નશિપ માટે અરજી કરવાની પ્રક્રિયાનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના એ યુવાનોને વિવિધ ઉદ્યોગો સાથે કામ કરવાની તક આપે છે, જેનાથી તેઓ કાર્યના વાતાવરણને સમજી શકે છે અને મૂલ્યવાન વ્યવહારુ અનુભવ મેળવી શકે છે. તે બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ સેમિનારમાં વર્તમાન રોજગાર પરિદ્દશ્ય તથા વિવિધ ક્ષેત્રોમાં નોકરીની તકો અને ઈન્ટર્નશીપ રોજગાર માટે સેતુ તરીકે કેવી રીતે કામ કરી શકે છે તેના પર ચર્ચાઓ કરવામાં આવી હતી. આ સાથેજ વિદ્યાર્થીઓએ સંબંધિત કૌશલ્યો મેળવી ઈન્ટર્નશીપ તથા નોકરી તાલીમ જેવા કાર્યક્રમોમાં ભાગ લઈને તેમની રોજગારક્ષમતા કેવી રીતે વધારવી તે અંગે વ્યવહારુ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# આણંદ જિલ્લા કલેક્ટરશ્રી પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાયો




। (માહિતી) આણંદ, તા.૨૭ ।

જિલ્લા કલેકટરશ્રી પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી, આણંદ ખાતે જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લાના પ્રજાજનોની સુખાકારી અને તેમના પ્રશ્નોના ઝડપી નિવારણ માટે આયોજિત આ સ્વાગત કાર્યક્રમમાં જિલ્લા કક્ષા અને તાલુકા-ગ્રામ્યકક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમને અનુલક્ષીને અરજદારોની ફરિયાદોને હકારાત્મક અભિગમ આપીને જિલ્લા કક્ષાએથી કલેકટરશ્રી દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવી રહી છે.

સ્વાગત કાર્યક્રમમાં અરજદારો દ્વારા રજૂ કરાયેલ ચાલુ માસના – ૦૬ અને ગત માસનો પડતર -૦૧ પ્રશ્ન એમ કુલ -૦૭ પ્રશ્નો રૂબરૂ સાંભળી જિલ્લા કલેકટરશ્રીએ સંબંધિત અધિકારીશ્રીઓ સાથે જરૂરી જાણકારી મેળવી અરજદાર સાથે વાત કર્યા બાદ પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ગૌરવ જસાણી, નિવાસી અધિક કલેક્ટરશ્રી આર.એસ.દેસાઈ સહિત સંલગ્ન વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધોમધખતા ઉનાળામાં વન્યજીવોને પીવાનું પૂરતું પાણી મળી રહે તે માટે વિભાગ દ્વારા કામગીરી હાથ ધરાઇ



। (માહિતી) અમદાવાદ, તા.૨૬ ।

ગુજરાતના ઘરેણાં સમાન ડાંગ જિલ્લાના ઘનિષ્ઠ વન વિસ્તારમાં રહેતા વન્યજીવો માટે, વન વિભાગે આ ધોમધખતા ઉનાળામાં પીવાના પાણીની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા સાથે ફૉરેસ્ટ ફોર્સના જવાનોને સરકારી ફરજોની સાથે સાથે પુણ્ય કાર્યની પણ તક ઉપલબ્ધ કરાવી છે. ડાંગ જિલ્લાનો વન વિસ્તાર બે ભાગોમાં વહેંચાયેલો છે. ઉત્તર ડાંગ, અને દક્ષિણ ડાંગ. જે પૈકી ઉત્તર ડાંગ વન વિભાગ ૫૬૦૦૬.૯૪ હેક્ટર વિસ્તારમાં ફેલાયલો છે. જેમાં કુલ ૮ રેન્જ કાર્યરત છે. જેમાં આહવા (પશ્ચિમ), સુબીર, લવચાલી, કાલીબેલ, શિંગાણા, પિપલાઈદેવી, ભેંસકાત્રી અને બરડીપાડા રેંન્જ કાર્યરત છે. ઉત્તર વન વિભાગના કાર્યક્ષેત્રમાં ગુજરાતના ઘરેણાં સમાન 'પૂર્ણા વન્ય જીવ અભ્યારણ્ય'નો પણ સમાવેશ થાય છે. જેનો કુલ વિસ્તાર ૧૬૦.૮૪ કિ.મી.વર્ગમાં વિસ્તરેલ છે. વન્ય જીવ અને વનસંપદાની દ્રષ્ટિએ, પુર્ણા વન્ય જીવ અભ્યારણ્ય એક સમૃદ્ધ બાયોડાયર્વસિટી હોટસ્પોટ તરીકે અગત્યનું મહત્વ ધરાવતા, ભારતના પશ્ચિમ ઘાટનો ઉત્તરીય ભાગ છે. આ વન્યજીવ અભ્યારણ્યના તૃણાહારી અને માંસાહારી પ્રાણીઓ તથા પક્ષીઓના સંરક્ષણ, સંવર્ઘન માટે પ્રતિબદ્ધ ફોટેસ્ટ ફોર્સ દ્વારા, ચાલુ ઉનાળાની ધોમધખતી ઋતુમાં, હીટવેવની સંભવિત પરિસ્થિતિને ધ્યાને લઈ, આ વનિલ જીવો માટે વિશેષ વ્યવસ્થા ઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. ઉત્તર ડાંગ વન વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી દિનેશ રબારીના માર્ગદર્શન હેઠળ, તમામ રેન્જના પરિક્ષેત્ર વન અધિકારીઓ, તેમના ચુનંદા લાશ્કરો સાથે, આ પુણ્યકાર્યમાં જોતરાયા છે.

# અદાણી ગ્રીન એનર્જી ગેલેરીએ રચ્યો ઇતિહાસ, ૭ લાખ લોકોએ લીધી લંડન મ્યુઝિયમની મુલાકાત

### કાર્બન ઉત્સર્જન ઘટાડતા વૈકલ્પિક ઊર્જા ઉત્પાદનના ઉપાયોનું નિદર્શન





। અમદાવાદ, તા.૨૭ ।

લંડનના સાયન્સ મ્યુઝિયમ ખાતે અદાણી ગ્રીન એનર્જી ગેલેરીએ મુલાકાતીઓની સંખ્યામાં ઈતિહાસ રચ્યો છે. અત્યાર સુધીમાં ૭ લાખ લોકોએ લંડનના સાયન્સ મ્યુઝિયમ ખાતે 'એનર્જી રિવોલ્યુશનઃ ધ અદાણી ગ્રીન એનર્જી ગેલેરી'ની મુલાકાત લીધી છે. ઊર્જા અને આબોહવા પરિવર્તનના થીમ પર આધારિત આ ગેલેરી લોકોમાં આકર્ષણ જમાવી રહી છે. ૨૬ માર્ચ ૨૦૨૪ના રોજ લંડનના પ્રખ્યાત સાયન્સ મ્યુઝિયમ ખાતે અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ 'એનર્જી રિવોલ્યુશનઃ અદાણી ગ્રીન એનર્જી ગેલેરી'નું ઉદ્ઘાટન કર્યું હતું.

ગ્રીન એનર્જી ગેલેરી દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે વિગત એક વર્ષ દરમિયાન આ ગેલેરીમાં ૭,૦૦,૦૦૦ મુલાકાતીઓ વિઝીટ કરી ચૂક્યા છે. આ ગેલેરી દર્શાવે છે કે વિશ્વ કેવી રીતે આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટે કાર્બન ઉત્સર્જન ઘટાડીને વધુ ટકાઉ રીતે ઊર્જાનું ઉત્પાદન અને ઉપયોગ કરી શકે છે. આબોહવા વિજ્ઞાનને સમર્પિત ગ્રીન એનર્જી ગેલેરી વૈશ્વિક આબોહવા પરિવર્તનને મર્યાદિત કરવા માટે ક્લીન એનર્જી તરફ સંક્રમણ કરવાના વ્યહવારુ ઉપાયો સૂચવે છે. "વિન્ડ, સોલાર અને હાઈબ્રિડ રિન્યુએબલ ઊર્જામાં ૧૩ ગીગાવોટથી વધુના ઓપરેશનલ પોર્ટફોલિયો સાથે વિશ્વની સૌથી મોટી રિન્યુએબલ ઊર્જા કંપનીઓમાંની એક છર્ઈન નેટ ઝીરો એમીશન માટે સતત કાર્યશીલ અને સમર્પિત છે.

છેલ્લા એક વર્ષમાં, ગ્રીન ગેલેરીએ વિવિધ સંસ્થાઓ માટે ૪૦ થી વધુ ક્યુરેટરના નેતૃત્વ હેઠળના વિવિધ પ્રવાસોનું આયોજન કર્યું છે. જેમાં ક્લાઈમેટ ચેન્જ કમિટી, મેટ ઓફિસ, વર્લ્ડ એનર્જી કાઉન્સિલ અને યુકે સરકારના અનેક વિભાગોનો સમાવેશ થાય છે. આ મુલાકાતોમાં આબોહવા પરિવર્તનના પડકારોનો સામનો કરવા માટે જરૂરી ઝડપી ઊર્જા સંક્રમણ અને ડીકાર્બોનાઈઝેશન પ્રયાસો અંગેની વિસ્તૃત સમજ આપવામાં આવી છે. લો-કાર્બન બ્રિક બેન્ચ પ્રદર્શન માટે ઈનોવેશન કેટેગરીમાં ગ્રીન ગેલેરીએ પ્રતિષ્ઠિત ૨૦૨૪ બ્રિક એવોર્ડ જીત્યો એનાયત થયો છે.

એનર્જી રિવોલ્યુશન એવોર્ડ વિજેતા આર્કિટેક્ટ 'અનનોન વર્ક્સ' દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું છે. આ ટકાઉ ડિઝાઈનની ખાસિયત એ છે કે તેમાં જૂના સ્ટોર્સના ભાગોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ગેલેરીના કાર્બન ફૂટપ્રિન્ટનું કાળજીપૂર્વક નિરીક્ષણ કરવામાં આવ્યું છે, જ્યાં શક્ય હોય ત્યાં રિસાયકલ એલ્યુમિનિયમનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

# ઝાલોદ એમ.જી.વી.સી.એલ લાઇટ બિલ ન ભરતા તેત્રીસ ગ્રાહકો પર ત્રાટકી

### પોલિસની મદદ લઇ લાઇટબિલ ન ભરતા ગ્રાહકોના મીટર લઈ જવામાં આવ્યા



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૭ ।

ઝાલોદ એમ.જી.વી.સી.એલ અવારનવાર લાઈટ બિલ ન ભરતાં ગ્રાહકો પાસે જઈ બિલ ભરાવવા પ્રયત્ન કરતી રહે છે. ઝાલોદ નગરમાં લાઈટ બિલ ન ભરતાં ગ્રાહકોનું લિસ્ટ મોટું છે તે અન્વયે આજરોજ ૨૭-૦૩-૨૦૨૫ ગુરુવારના રોજ ઝાલોદ એમ.જી.વી.સી.એલના મેનેજર વસૈયાના સીધા આદેશથી ખાંટવાડા વિસ્તાર અને સાંઈ મંદિર પાસેના કુલ તેત્રીસ ગ્રાહકો પાસેથી અંદાજીત ત્રણ લાખ ત્રેસઠ હજારની લેણી નીકળતી રકમ માટે પોલીસના સહયોગથી લાઈટ બિલ લેવા ગયા હતા અને જો ગ્રાહક સ્થળ પર લાઈટ બિલ ન ભરે તો તૈયારીમાં લાઈટના થાંભલા પર થી લાઈટ કનેક્શન કાપી મીટર લઈ જવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ઝાલોદ એમ.જી.વી.સી.એલની ટીમ દ્વારા આજરોજ તેત્રીસ ગ્રાહકો પાસે લાઈટ બિલના નાણાં લેવા જતા ચૌદ ગ્રાહકોએ લાઈટ બિલના નાણાં ભર્યા હતા તેમજ ઓગણીસ ગ્રાહકોએ નાણા ન ભરતાં તેઓનુ વીજ કનેકશન કાપી નાંખી મિટર લઈ જવામાં આવ્યા હતા. આગામી દિવસોમા એમ.જી.વી.સી.એલ કંપની અન્ય વિસ્તારોમાં પણ લાઈટ બિલ અંગે ઉઘરાણી કરવા નીકળનાર છે.



ઝાલોદ નગરમાં એમ.જી.વી.સી.એલના અંદાજીત આઠ હજાર જેટલા ગ્રાહકો છે. ઝાલોદ નગરમાં સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી પણ ચાલુ કરી દેવામાં આવેલ છે તેમજ હાલ એક હજાર ગ્રાહકોને ત્યાં સ્માર્ટ મીટર નાંખી પણ દેવામાં આવેલ છે.

# પ્રાકૃતિક ખેતી થકી શાકભાજીમાં સારો નફો મેળવતા નવસારી તાલુકાના ઉન ગામના રીટાબેન પટેલ

। (માહિતી) નવસારી, તા.૨૭ ।

ખેડૂતો દ્વારા ઉત્પાદિત પ્રાકૃતિક ખેત પેદાશોની ગુણવત્તા જળવાઈ રહે તેમજ ખેત પેદાશોના વેચાણ દરમિયાન ખેડૂતોને અનુકૂળ માહોલ મળે તે માટે નવસારી જિલ્લા પંચાયત દ્વારા જુનાથાણા પર દર અઠવાડીયાના સોમવાર અને ગુરુવારે પ્રાકૃતિક કૃષિ ખેત ઉત્પાદનોની વેચાણ કેન્દ્રની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે. રાજ્ય સરકાર ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળે તે માટે પ્રોત્સાહન આપી રહી છે ત્યારે પ્રાકૃતિક ખેતીના ફાયદાથી પ્રેરાઈને પ્રાકૃતિક ખેતી તરફ વળનાર નવસારી તાલુકાના ઉન ગામના રીટાબેન પ્રમોદભાઈ પટેલ પ્રાકૃતિક ખેતી તરફ પ્રયાણ કરી સ્થાનિકોને એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડયું છે. પ્રાકૃતિક ખેડૂતમિત્ર રીટાબેન પ્રમોદભાઈ પટેલ સાથેની વાતચિતમાં જણાવ્યું હતું કે, આત્મા પ્રોજેક્ટ દ્વારા કૃષિ લગતી તાલિમો મેળવી તેમની પ્રેરણા થકી ખર્ચાળ ખેતી સરળ બની છે. આજે ઘર આંગણે જ એક આવકનું માધ્યમ ઊભુ થવાના કારણે આર્થિક પરિસ્થિતિમાં ઘણો સુધારો જોવા મળ્યો છે. ખેતરમાં મિશ્રપાકવાળી પધ્ધતિ અપનાવી કેરી, તુવેર, પાપડી, ચોરી, ગુવાર, રિંગણ, એલચી કેળા, પપૈયા, ફુદીનો જેવા શાકભાજી ઉગાડીને સારી કમાણી કરી રહ્યા છે. સાથે અઠવાડિયાના ચાર દિવસ નવસારી જિલ્લા ખેતીવાડી કચેરી દ્વારા નક્કી કરેલ વેચાણ કેન્દ્ર પર શાકભાજીનું વેચાણ કરી સારામાં સારો નફો મેળવી રહ્યા છે. વધુમાં, વર્તમાન સમયમાં પ્રાકૃતિક ખેતી દ્વારા પાકનું વર્ષભર વાવેતર કરી નોંધપાત્ર નફો કમાતા રીટાબેન પટેલ જણાવે છે કે, તેઓ પોતાના જ ખેતરમાં પોતે જ પ્રાકૃતિક ખાતર બનાવે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસેં તમે કશુંક રસપ્રદ વાંચી માનસિક વ્યાયામ કરો. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કારણ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. જો તમે દરેકની માગનું ધ્યાન રાખવા જસો તો તમે આજે અનેક વિવધ દિશાઓમાં વહેંચાયેલા રહેશો. પ્રેમ જીવન આશા લાવશે. આજે તમારા જીવનમાં પરદાની પાછળ તમારી જાણમાં હોય તેના કરતાં ઘણું વધારે બની રહ્યું હોવાનું જણાય છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. તમારા નિર્ણયોમાં માતા-પિતાની મદદ તમને ખૂબ કામમાં આવશે. તમારા જીવનસાથી પ્રત્યે તમારૂં બેદરકારીભર્યું ધ્યાન ઘરમાં તાણભરી ક્ષણો લાવી શકે છે. કાનું ટૅન્શને તમારા મગજને હજી પણ ઘેરો ઘાલ્યો છે જેને કારણે તમારી પાસે પરિવાર તથા મિત્રો માટે સમય નથી.

**મિથુન (ક,છ,ઘ) :**

ફ્ફ્ફ્દીતમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો.

**કર્ક (ડ,હ) :**

આજે તમારી અપેક્ષાઓ અને ઉમેદો પર ભયને કારણે અસર પડવાની ઊંચી શક્યાઓ જોવાય છે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે જૂના મિત્ર સાથે ફરી મુલાકાત તમારા ઉત્સાહમાં વધારો કરશે. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવા ની સલાહ લો. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. તમે ક્યારેય ચોકલેટ સાથે આદું અને ગુલાબની સુગંધ માણી છે ? તમારૂં જીવન આઈજે તમને આવો જ સ્વાદ આપશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે મોતિયાના દર્દીઓએ પ્રદૂષિત વાતાવરણ હોય તેવા સ્થળની મુલાકાત લેવાનું ટાળવું જોઈએ, કેમ કે ધુમાડાને કારણે આંખોને વધુ નુકસાન થઈ શકે છે. શક્ય હોય તો સૂર્યપ્રકાશ સાથે સંપર્ક પણ ટાળવો. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે.

**તુલા (ર,ત) :**

આજે તમારૂં અવિચારી વર્તન પત્ની સાથેના સંબંધો બગાડી શકે છે.આજે કંઈપણ કરતા પહેલા તમારા વર્તનના પ્રત્યાઘાતો વિશે વિચારજો. શક્ય હોય તો તમારો મૂડ બદલવા ક્યાક બહાર જતા રહો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમારા ખભા પર ઘણી જવાબદારી આવી પડી છે અને તેનો નિર્ણય લેવા માટે મગજની સ્પષ્ટતા તમારી માટે મહત્વની સાબિત થશે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. આજે પ્રેમ જીવન ખૂબ જ સુંદર રીતે ખીલશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે વાહન ચલાવતી વખતે સાવધાની રાખો. કમિશન, ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. તમને પ્રેમ કરતા તથા તમારી દરકાર કરતા લોકોની સંગતમાં થોડોક ગુણવત્તાયુક્ત સમય વિતાવજો. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો. આજે ઉચ્ચતમ દેખાવ અને ઉચ્ચતમ લોકોને મળવાનો દિવસ છે.

**મકર (ખ,જ) :**

આજે તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે. કામ બાકી હોવા છતાં રૉમાન્સ તથા સામાજિક બાબતો તમારા મગજ પર રાજ કરશે. હિંમતભર્યા નિર્ણયો તથા પગલાં હકારાત્મક પરિણામો લાવશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળો. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો. સમય, કામ, નાણાં, મિત્રો, પરિવાર, સંબંધીઓ, બધું જ આજે એક તરફ હશે અને તમારા પ્રિયપાત્ર બીજી તરફ હશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારી ઈચ્છા કોઈક ઉચ્ચ તથા ફૂલની જેમ ખીલશે. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. જો આખા પરિવારનો સમાવેશ થતો હોય તો મનોરંજન ખરેખર રસપ્રદ સાબિત થશે. આજે તમે તમારા કોઈ વાયદા ને પૂરો નહિ કરી શકો જેના લીધે તમારો પ્રેમી ગુસ્સે થયી શકે છે. અન્ય દેશોમાં વ્યાવસાયિક સંપર્કો વિકસાવવા માટે આ અદભુત સમય છે.

### રેલવેનો મોટો નિર્ણય

# જો તમારી પાસે વેઇટિંગ ટિકિટ હશે, તો પણ સ્ટેશન પર નહીં મળે એન્ટ્રી

## રેલવે સ્ટેશનો પર ભીડ વ્યવસ્થાપનને સુધારવા માટે ઘણા મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા : કેન્દ્રીય રેલવે મંત્રી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે સંસદમાં માહિતી આપી હતી કે, રેલવે સ્ટેશનો પર ભીડ વ્યવસ્થાપનને સુધારવા માટે ઘણા મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે. આમાં પહોળા ફૂટ-ઓવર-બ્રિજ, સીસીટીવી સર્વેલન્સ અને વોર રૂમની વ્યવસ્થાનો સમાવેશ કરવામાં આવ્યો છે. તહેવારો અને મેળાઓ દરમિયાન ભારે ભીડને નિયંત્રિત કરવા માટે, રેલવેએ મર્યાદિત પ્રવેશ નિયંત્રણ પ્રણાલી લાગુ કરી છે. આ વ્યવસ્થા હેઠળ, સ્ટેશનોની બહાર હોલ્ડિંગ એરિયા બનાવવામાં આવ્યા છે, જ્યાં ટ્રેન પ્લેટફોર્મ પર ન આવે ત્યાં સુધી મુસાફરોને પ્રવેશ આપવામાં આવશે નહીં.

રેલવે મંત્રીના જણાવ્યા મુજબ, ૨૦૨૪ ના તહેવારોની મોસમ દરમિયાન, સુરત, ઉધના, પટના અને નવી દિલ્હીમાં હોલ્ડિંગ એરિયા બનાવવામાં આવ્યા હતા. મહાકુંભ દરમિયાન પ્રયાગરાજના નવ સ્ટેશનો પર પણ આ સિસ્ટમ લાગુ કરવામાં આવી હતી. આ અનુભવોના આધારે, દેશભરના ૬૦ સ્ટેશનો પર કાયમી વેટિંગ એરિયા બનાવવામાં આવશે. હવે ૬૦ સ્ટેશનો પર સંપૂર્ણ પ્રવેશ નિયંત્રણ લાગુ કરવામાં આવશે. ફક્ત કન્ફર્મ રિઝર્વ્ડ ટિકિટ ધરાવતા મુસાફરોને જ પ્લેટફોર્મ પર પ્રવેશ આપવામાં આવશે, જ્યારે વેઈટિંગ લિસ્ટ અને ટિકિટ વગરના મુસાફરોએ બહારના વેઈટિંગ એરિયામાં રહેવું પડશે. અનધિકૃત પ્રવેશદ્વારો પણ સીલ કરવામાં આવશે. રેલવે મંત્રીએ જણાવ્યું હતું કે, નવી ડિઝાઈનના ૧૨ મીટર અને ૬ મીટર પહોળા એફઓબી બનાવવામાં આવશે, જે ભીડ વ્યવસ્થાપનમાં મદદરૂપ થશે. આ ઉપરાંત, તમામ મુખ્ય સ્ટેશનો પર દેખરેખ માટે સીસીટીવી કેમેરાની સંખ્યા વધારવામાં આવશે. આ સાથે, મુખ્ય રેલવે સ્ટેશનો પર વોર રૂમ બનાવવામાં આવશે, જ્યાં ભીડના કિસ્સામાં તમામ વિભાગોના અધિકારીઓ સંકલનમાં કામ કરશે. બધા જ ભીડભાડવાળા સ્ટેશનો પર વોકી-ટોકી, જાહેરાત સિસ્ટમ અને ડિજિટલ કોમ્યુનિકેશન સાધનો સ્થાપિત કરવામાં આવશે. રેલવે કર્મચારીઓને નવા ગણવેશ અને ઓળખપત્ર આપવામાં આવશે, જેથી ફક્ત અધિકૃત વ્યક્તિઓ જ સ્ટેશનોમાં પ્રવેશ કરી શકશે. મુખ્ય સ્ટેશનો પર સ્ટેશન ડિરેક્ટરોની નિમણૂક કરવામાં આવશે જેમને નાણાકીય સત્તાઓ આપવામાં આવશે જેથી તેઓ તાત્કાલિક નિર્ણયો લઈ શકે. સ્ટેશન ડિરેક્ટરને સ્ટેશનની ક્ષમતા અને ઉપલબ્ધ ટ્રેનો અનુસાર ટિકિટના વેચાણને નિયંત્રિત કરવાનો અધિકાર આપવામાં આવશે. સ્ટેશનો પર સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે GRP, સ્થાનિક પોલીસ અને નાગરિક વહીવટીતંત્ર પણ સામેલ થશે. આ ઉપરાંત, નવી દિલ્હી રેલવે સ્ટેશન પર તાજેતરમાં થયેલી ભાગદોડમાંથી બોધપાઠ લેતા, રેલવે ઝોનલ અધિકારીઓને પ્લેટફોર્મ ટિકિટના વેચાણને નિયંત્રિત કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. જોકે, વૃદ્ધો, અભણ અને મહિલા મુસાફરોને મદદ કરવા માટે ચોક્કસ ખાસ પરિસ્થિતિઓમાં પ્લેટફોર્મ ટિકિટ જાહેર કરવામાં આવશે.

### કાંગારુઓને ટીમ ઇન્ડિયાએ અહીં જ ધૂળ ચટાડી હતી

# ઓસ્ટ્રેલિયાનું સૌથી આઈકોનિક ગાબા ક્રિકેટ ગ્રાઉન્ડ તોડી પાડવામાં આવશે

## ગાબા ક્રિકેટ ગ્રાઉન્ડ ઓસ્ટ્રેલિયાના સૌથી આઈકોનિક સ્ટેડિયમોમાં સામેલ છે : સ્ટેડિયમમાં ઓસ્ટ્રેલિયન ટીમનો રેકોર્ડ દમદાર છે



। (એજન્સી) ગાબા, તા.૨૭ ।

ગાબા ક્રિકેટ ગ્રાઉન્ડ ઓસ્ટ્રેલિયાના સૌથી આઈકોનિક સ્ટેડિયમોમાં સામેલ છે. આ સ્ટેડિયમમાં ઓસ્ટ્રેલિયન ટીમનો રેકોર્ડ દમદાર છે. જોકે, ભારતીય ક્રિકેટ ટીમે આ જ મેદાન પર કાંગારુઓને ધૂળ ચટાડી હતી. હવે આ સ્ટેડિયમને પણ તોડવામાં આવશે. ભલે તેની તારીખ કન્ફર્મ થઈ ગઈ હોય પરંતુ હાલમાં તેને ધ્વસ્ત નહીં કરાશે. ક્વીન્સલેન્ડ સરકારે જણાવ્યું કે, ૨૦૩૨ ઓલિમ્પિક ગેમ્સ બાદ આ સ્ટેડિયમને તોડી પાડવાની યોજના છે. બ્રિસ્બેન પાસે જ ૨૦૩૨ ઓલિમ્પિક ગેમ્સની યજમાની છે. બ્રિસ્બેનના ગાબામાં ૧૯૩૧ બાદથી અત્યાર સુધીમાં ૬૭ પુરુષોની ટેસ્ટ અને ૨ મહિલા ટેસ્ટ રમાઈ ચૂકી છે. તેને ઓસ્ટ્રેલિયન ટીમનો કિલ્લો કહેવામાં આવે છે, કારણ કે અહીં વિરોધી ટીમોને જીત મેળવવામાં દાયકાઓ લાગી જાય છે. ચોંકાવનારા આંકડા એવા છે કે ૧૯૮૮થી ૨૦૨૧ સુધી ઓસ્ટ્રેલિયન ટીમ અહીં એક પણ ટેસ્ટ મેચ નથી હારી. ઓસ્ટ્રેલિયન ટીમ ઘણીવાર આ મેદાન પર સીઝનની પ્રથમ મેચ રમતી આવી છે. આ વર્ષના અંતમાં આ ઐતિહાસિક સ્ટેડિયમમાં એશેઝ સીરિઝની બીજી ટેસ્ટ મેચ પણ રમાશે. હકીકતમાં ગાબા ક્રિકેટ ગ્રાઉન્ડ તોડી પાડવા પાછળની યોજના એ પ્રકારે છે કે બ્રિસ્બેનના વિક્ટોરિયા પાર્કમાં ૬૩૦૦૦ની ક્ષમતા ધરાવતું એક નવું સ્ટેડિયમ બનાવવામાં આવશે. આ નવા સ્ટેડિયમમાં ઓલિમ્પિકની ઓપનિંગ સેરેમની અને ક્લોઝિંગ સેરેમનીનું આયોજન કરવામાં આવશે. આ રમતો બાદ ગાબા ક્રિકેટ ગ્રાઉન્ડને તોડી પાડવામાં આવશે અને આ નવા સ્ટેડિયમમાં ક્રિકેટની યજમાની શરૂ થઈ જશે. જો ૨૦૩૨ ઓલિમ્પિક ગેમ્સ પહેલા ગાબાને તોડી પાડવામાં ન આવે તો, ઓલિમ્પિકમાં ક્રિકેટનો ગોલ્ડ મેડલ મેચ આ મેદાન પર રમી શકાય છે. ક્વીન્સલેન્ડ ક્રિકેટના સીઈઓ ટેરી સ્વેનસને એક નિવેદનમાં જણાવ્યું કે, 'ગાબા ઘણા વર્ષોથી ક્રિકેટ માટે એક શાનદાર સ્થળ રહ્યું છે

### સદનસીબે આ દુર્ઘટનામાં કોઇ ઇજાના અહેવાલ નથી

# જુહૂમાં ઐશ્વર્યા રાયની કારને બેસ્ટ બસે પાછળથી ટક્કર મારી



। (એજન્સી) મુંબઈ, તા.૨૭ ।

જુહૂમાં ઐશ્વર્યા રાય બચ્ચનની લકઝરી કારને બેસ્ટ બસે અડફેટમાં લીધી હતી. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ ઈજાના અહેવાલ નથી, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. આ ઘટના બાદ ચાહકો ઝડપથી જમા થઈ ગયા હતા.આ બનાવ વખતે ઐશ્વર્યા કે બચ્ચન પરિવારના અન્ય કોઈ સભ્ય કારની અંદર હતા કે નહીં તે શરૂઆતમાં સ્પષ્ટ થયું ન હોતું. પરંતુ તેમની સલામતી અંગે ચિંતા ફેલાઈ ગઈ હતી. બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) ઉપક્રમની લાલ બસને હાઈ-એન્ડ કાર પાછળ દર્શાવતા એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. વીડિયોમાં કાર જોઈ શકાય છે. પરંતુ તેને બસની ટક્કરને કારણે કોઈ મોટું નુકસાન થયું ન હતું. કારમાંથી ડ્રાઈવરે બહાર આવી અકસ્માતથી થયેલા નુકસાનનું નિરીક્ષણ કર્યું હતું. થોડીવાર પછી કાર આગળ વધી ગઈ હતી. અકસ્માત પછી તાત્કાલિક ટ્રાફિક હળવો કરવામાં આવ્યો હતો.ઐશ્વર્યાએ ગયા વર્ષે જ આ કાર ખરીદી હોવાનું કહેવાય છે તે તેનો પ્રીમિયમ ફીચર્સ અને આરામ માટે જાણીતી છે.

### દીકરીઓએ કહ્યું - માતા-પિતા સાથે ક્રૂરતા થઇ

# પાત્રીસ વર્ષ બાદ અમેરિકાએ દંપતીને દેશમાંથી કાઢી મૂકી



। (એજન્સી) કોલંબિયા, તા.૨૭ ।

દક્ષિણ કેલિફોર્નિયન યુગલ, ગ્લેડીસ અને નેલસન ગોનઝાલેઝને અમેરિકામાં ૩૫ વર્ષ રહ્યા પછી કોલંબિયા પાછા મોકલી દેવામાં આવ્યા છે. આ કપલ ૧૯૮૯માં આવ્યું હતું અને લગભગ ચાર દાયકાથી તેમના સમુદાયનો હિસ્સો રહ્યું હતું. તેમની આઈસીઈ દ્વારા અટકાયત કરવામાં આવી હતી અને ૧૮ માર્ચે કોલંબિયા મોકલી દેવાયા અગાઉ સાડા ત્રણ અઠવાડિયા ડિટેન્શનમાં ગાળ્યા હતા. કપલે અમેરિકામાં રહેવા માટે માર્ચ ૨૦૦૦થી ઓગસ્ટ ૨૦૨૧ સુધીમાં તમામ કાનૂની વિકલ્પો અજમાવી લીધા હતા અને નેલસન ગોનઝાલેઝએ ૧૯૯૨માં શરણ માટે અરજી દાખલ કરી હતી.૫૫ અને ૫૯ વર્ષના આ દંપતિની યુએસ ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (આઈસીઈ) વિભાગે ૨૧ ફેબ્રુઆરીએ અટકાયત કરી હતી અને સાડા ત્રણ અઠવાડિયા ડિટેન્શનમાં રાખ્યા પછી ૧૮ માર્ચે તેમને નિર્વાસિત કરી દેવામાં આવ્યા હતા. નિષ્ઠાપૂર્વક ચેક-ઈન અને નાગરિકતા માટે કાનૂની માર્ગો શોધવા છતાં તેમના પ્રયાસો નિષ્ફળ નિવડયા હતા. તેમની અમેરિકામાં જન્મેલી ત્રણ પુત્રીઓએ તેમના માતા-પિતા સામેની કાર્યવાહીને ક્રૂર અને અન્યાયી ગણાવી હતી.

### ગાઝાનાં શહેરો ખાલી કરવા ઇઝરાયેલનો આદેશ

# પેલેસ્ટાઈનમાં જ હમાસનો વિરોધ થયો હજારો લોકોએ દેખાવો કર્યા

## પેલેસ્ટિનિયનોએ 'યુદ્ધ બંધ કરો', 'હમાસ બહાર નીકળો'ના નારા લગાવી રોષ વ્યક્ત કર્યો



। (એજન્સી) કેરો, તા.૨૭ ।

ગાઝા પટ્ટીમાં યુદ્ધ વિરોધી વિરોધ પ્રદર્શન દરમિયાન પેલેસ્ટિનિયનો હમાસ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. કોઈ ઉગ્રવાદી જૂથ સામે જાહેર આક્રોશનો આ એક દુર્લભ કિસ્સો હતો. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે સંગઠને લાંબા સમયથી લોકોના અસંમતિને દબાવી રાખી છે. આ સંબંધિત વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. નોંધનીય છે કે, ઈઝરાયેલ સાથે ૧૭ મહિનાના યુદ્ધ પછી પણ હમાસ આ પ્રદેશ પર શાસન કરી રહ્યું છે.ઉત્તરીય શહેર બેટ લાહિયામાં ભારે નુકસાન પામેલા યુદ્ધ વિરોધી વિરોધ પ્રદર્શનમાં સેંકડો લોકો ભાગ લેતા જોવા મળ્યા હતા. લોકો 'યુદ્ધ બંધ કરો', 'યુદ્ધ ખતમ કરો', 'અમે જીવ આપવા માંગતા નથી' અને 'અમારા બાળકોનું લોહી સસ્તું નથી' જેવા નારા લગાવી રહ્યા હતા. વીડિયોમાં કેટલાક લોકોને "હમાસ બહાર નીકળો!"ના નારા લગાવતા સાંભળી શકાય છે. અન્ય વીડિયોમાં હમાસના સમર્થકો ભીડને વિખેરી નાખતા જોવા મળ્યા. આ મહિનાની શરૂઆતમાં ઈઝરાયેલે ગાઝાના લગભગ ૨૦ લાખ પેલેસ્ટિનિયનોને ખોરાક, બળતણ, દવા અને માનવતાવાદી સહાયનો પુરવઠો અટકાવી દીધો હતો. ઈઝરાયલે હમાસને નિઃશસ્ત્ર થવા અને તેના નેતાઓને દેશનિકાલમાં મોકલવાની પણ માંગ કરી છે. જો કે, હમાસે કહ્યું છે કે તે સ્થાયી યુદ્ધવિરામ અને ગાઝામાંથી ઈઝરાયેલની સંપૂર્ણ વાપસી વિના બાકીના બંધકોને મુક્ત કરશે નહીં. જેરુસલેમઃ ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલ યુદ્ધ એક નિર્ણાયક વળાંક પર પહોંચી રહ્યું હોય તેવું લાગે છે. ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ હવે ગાઝા પર સંપૂર્ણ કબજો કરવાની યોજના બનાવી છે. આના સંકેતો તેમણે પોતાની લશ્કરી વ્યૂહરચનામાં કરેલા ફેરફારો અને ગાઝા શહેરના કેટલાક ભાગો ખાલી કરવાના તાજેતરના આદેશો છે. ઈઝરાયેલી સેનાએ ઝેઈટુન, તેલ અલ-હાવા અને ગાઝાના અન્ય વિસ્તારોના રહેવાસીઓને શક્ય તેટલી વહેલી તકે વિસ્તાર છોડવાનો આદેશ આપ્યો હતો.ગયા અઠવાડિયે હમાસ સાથે યુદ્ધવિરામ સમાપ્ત કર્યા પછી ઈઝરાયલે શ્રેણીબદ્ધ હુમલાઓ શરૂ કર્યા હતા. જેમાં સેંકડો પેલેસ્ટિનિયનો માર્યા ગયા હતા. ઈઝરાયલનો દાવો છે કે જ્યાં સુધી હમાસ તેના બંધકોને મુક્ત ન કરે ત્યાં સુધી તે લશ્કરી કાર્યવાહી ચાલુ રાખશે. ઈઝરાયલના મતે હમાસ પાસે હજુ પણ ૫૯ બંધકો છે, જેમાંથી ૨૪ જીવિત હોવાની શક્યતા છે. આ દરમિયાન બુધવારે હમાસે ગાઝાના અનેક વિસ્તારોમાંથી દક્ષિણ ઈઝરાયેલ પર રોકેટ અને મિસાઈલોથી હુમલો કર્યો હતો.



નવી દિલ્હીમાં સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહની હાજરીમાં આર્મર્ડ વ્હીકલ નિગમ લિમિટેડ સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા.

# MSME, અફોર્ડેબલ, કૃષિ-હાઉસિંગ ક્ષેત્રે લોનને મળશે વેગ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગ-પીએસએલ)ના નિયમોમાં મોટા ફેરફારોની જાહેરાત કરી છે. નવો નિયમ એક એપ્રિલ, ૨૦૨૫થી લાગુ થશે. આ ગાઈડલાઈન્સ વર્તમાન જોગવાઈઓની વ્યાપક સમીક્ષા અને સંબંધિત સ્ટેકહોલ્ડર્સ પાસેથી પ્રાપ્ત પ્રતિક્રિયાઓના આધારે તૈયાર કરવામાં આવી છે. આ ફેરફારથી એમએસએમઈ, કૃષિ, રિન્યુએબલ એનર્જી, અફોર્ડેબલ હાઉસ અને નબળા વર્ગને આપવામાં આવતી લોનને વેગ મળશે. PSL નિયમોમાં ફેરફાર, ૧. પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગનું કવરેજ વધારવાના ઉદ્દેશ સાથે હાઉસિંગ લોન સહિત અન્ય લોન મર્યાદામાં વૃદ્ધિ, ૨. રિન્યુએબલ કેટેગરીમાં લોન વર્ગીકૃત કરવાના માપદંડોનું વિસ્તરણ, ૩. અર્બન કો-ઓપરેટિવ બેંક્રો માટે કુલ PSL લક્ષ્ય સંશોધિત કરી તેમને ઓડિટેડ નેટ બેંક ક્રેડિટ તથા ઓફ બેલેન્સ શીટ એક્સપોઝરના ક્રેડિટ સમતુલ્ય જે પણ વધુ હોય તેના ૬૦ ટકા કરવામાં આવી છે. ૪. નબળા વર્ગની કેટેગરી હેઠળ પાત્ર લોનધારકોની સંખ્યામાં વધારો કરવાની સાથે UCBs દ્વારા વ્યક્તિગત મહિલા લાભાર્થીઓને આપવામાં આવતી લોનની મહત્તમ મર્યાદા વધારવામાં આવી છે. RBIએ સુધારેલી માર્ગદર્શિકામાં હાઉસિંગ લોનની મર્યાદા અને મકાન કિંમતમાં નોંધપાત્ર સુધારો કર્યો છે. જ્યાં પહેલા બે કેટેગરી હતી, હવે RBIએ પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગ (PSL) હેઠળ હાઉસિંગ લોન માટે ત્રણ કેટેગરી નક્કી કરી છે. આ પગલું વિવિધ આવક જૂથોમાં, ખાસ કરીને ટિઅર-IV/V/VI શહેરોમાં ઓછી કિંમતના/અફોર્ડેબલ હાઉસિંગને પ્રોત્સાહન આપશે. આરબીઆઈએ હવે જૂના કે જર્જરિત મકાનોના સમારકામ માટે ઉપલબ્ધ લોનની મર્યાદા વધારી છે. આ પગલું બેંક્રો અને અન્ય નાણાકીય સંસ્થાઓ માટે સલામત અને વિશિષ્ટ ક્ષેત્રમાં લોનનું વિતરણ કરવાની નવી તકો ખોલે છે. વધુમાં, તે ઘરમાલિકોના નાણાંકીય તણાવમાં પણ ઘટાડો કરશે. રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ માટે લોન મર્યાદા રૂ. ૩૦ કરોડથી વધારી રૂ. ૩૫ કરોડ કરવામાં આવી છે. લોન મર્યાદા પહેલાંની જેમ જ રૂ. ૧૦ લાખની રહેશે. આ પગલાંથી ભારતને ૨૦૩૦ સુધીમાં તેના 500 GW નોન-ફોસિલ ફ્યુલ અને ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો લક્ષ્યાંકને પહોંચી વળવામાં મદદ મળશે.

### ભારત-ચીન વચ્ચે મંત્રણા થઈ

# કૈલાસ-માનસરોવર યાત્રા જલદી શરૂ થવી જોઈએ અંગે ચર્ચા થઈ



। (એજન્સી) બેઇજિંગ, તા.૨૭ ।

ભારત અને ચીનના પ્રતિનિધિઓએ વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર વર્તમાન પરિસ્થિતિ, માનસરોવર યાત્રા સહિત અનેક મુદ્દાઓ પર સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં શક્ય તેટલી વહેલી તકે કૈલાશ માનસરોવર યાત્રા ફરી શરૂ કરવા અંગે ચર્ચા થઈ હતી. સરહદ પર વધતા તણાવને કારણે વર્ષ ૨૦૨૦માં તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ બેઠકનો મુખ્ય મુદ્દો માનસરોવર યાત્રા હતો. તાજેતરમાં વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે આ વર્ષે કૈલાશ માનસરોવર યાત્રા ફરી શરૂ કરવા પર સર્વસંમતિ બની છે.ભારત-ચીન સરહદી બાબતો પર સલાહ અને સંકલન માટે WMCCની ૩૩મી બેઠક દરમિયાન આ ચર્ચા થઈ હતી. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે WMCC બેઠક સકારાત્મક અને રચનાત્મક વાતાવરણમાં યોજાઈ હતી અને બંને પક્ષોએ વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પરની પરિસ્થિતિની વ્યાપક સમીક્ષા કરી હતી. એક નિવેદનમાં જણાવાયું હતું કે, 'બંને પક્ષો આ વર્ષના અંતમાં ભારતમાં યોજાનારી ખાસ પ્રતિનિધિઓની બેઠક માટે નક્કર તૈયારીઓ કરવા માટે સાથે મળીને કામ કરવા સંમત થયા છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, તેમણે સરહદ પારની નદીઓ અને કૈલાશ-માનસરોવર યાત્રા સહિત સરહદ પાર સહયોગ વહેલી તકે ફરી શરૂ કરવા અંગે પણ ચર્ચા કરી હતી. ભારતીય પ્રતિનિધિમંડળના નેતાએ ચીનના સહાયક વિદેશ પ્રધાન હોંગ લીની પણ સૌજન્ય મુલાકાત લીધી હતી.

### અમેરિકન ગુપ્તચર

# એજન્સીનો વધુ એક ધડાકો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૭ ।

અમેરિકન ગુપ્તચર એજન્સીએ ભારત-ચીનનો ઉલ્લેખ કરી ચોંકાવનારો ધડાકો કર્યો છે. એજન્સીનું કહેવું છે કે, ભારત-ચીને ફેન્ટાનિલ જેવી ઘાતક દવાઓનું ઉત્પાદન કરવા માટે તસ્કરો સાથે હાથ મીલાવી કાચા માલની સપ્લાય કરી રહ્યા છે. વાસ્તવમાં અમેરિકામાં ફેન્ટાનિલ અને અન્ય સિન્થેટિક ડ્રગ્સની દાણચોરીમાં ધરખમ વધારો થતાં ટ્રમ્પ વહિવટી તંત્ર આકરા પગલાઓ ભરી રહ્યું છે.

તાજેતરમાં જ અમેરિકન સેનેટમાં એક વિધેયક રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં ફેન્ટાનિલ ડ્રગ્સના ખતરાને પહોંચી વળવાના ઉપાયો બતાવાયા છે. જોકે આ તમામ ઘટનાક્રમ વચ્ચે અમેરિકન ગુપ્તચર એજન્સીનો ભારત-ચીન વિરુદ્ધનો ચોંકાવનારો રિપોર્ટ સામે આવ્યો છે. રિપોર્ટમાં કહેવાયું છે કે, 'ભારત અને ચીન ભેગા મળીને ફેન્ટાનિલ જેવી ઘાતક દવાઓનું ઉત્પાદન કરવા માટે કાચા માલની સપ્લાય કરી રહ્યા છે.

### અધિકારીઓને સસ્પેન્ડ કરાયાં

# યુપીના ઉર્જા પ્રધાનના ભાષણ દરમિયાન જ વીજળી જતી રહી



। (એજન્સી) મઉ, તા.૨૭ ।

ઉ.પ્રદેશના મઉના હરિકાશપુરા ખાતે રજ્યના ઉર્જા પ્રધાન એકે શર્માએ કાર્યક્રમમાં હાજરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન એકે શર્મા લોકોને સંબોધિત કરી રહ્યા હતાં, તેઓ ઉત્તર પ્રદેશમાં યોગી સરકારની સિદ્ધિઓના વખાણ કરી રહ્યા હતાં, એવામાં અચાનક વીજળી જતી રહી, ત્યાર બાદ અંધારામાં ભાષણ પુરું કરવું પડ્યું. એટલું જ નહીં, કાર્યક્રમ પત્યા બાદ અંધારામાં મોબાઈલની ફ્લેશ લાઈટની માદદથી જૂતા પહેરવા પડ્યા હતાં. આ ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, અને યુપી સરકાર પર કટાક્ષ કરી રહ્યા છે.ઉર્જા અને શહેરી વિકાસ પ્રધાન એકે શર્મા બુધવારે સાંજે યુપી સરકારના આઠ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે મઉમાં આયોજિત ત્રણ દિવસીય વિકાસ ઉત્સવમાં ભાગ લેવા માટે પહોંચ્યા હતા. તેઓ સાંજે લગભગ સાત વાગ્યે હરિકેશપુરાના સ્થિત હનુમાન ઘાટ ખાતે એક કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા. આ દરમિયાન વીજળી જતી રહી, અંધારું ફેલાઈ ગયું.કાર્યક્રમ દરમિયાન લગભગ સાત મિનિટ માટે વીજળી ગુલ રહી અને હોબાળો મચી ગયો. આ બેદરકારીથી રોષે ભરાયેલા એ કે શર્માએ તાત્કાલિક અસરથી એસડીઓ પ્રકાશ સિંહ, જેઈ ઓપી કુશવાહાને સ્થળ પર જ સસ્પેન્ડ કરી દીધા. ઉપરાંત ચીફ એન્જિનિયર સંજીવ વૈશ અને એક્ઝીક્યુટીવ એન્જિનિયર ભુવન રાજ સિંહ સામે ચાર્જશીટ જાહેર કરવામાં આવી છે અને આ ઘટના અંગે ખુલાસો માંગવામાં આવ્યો છે. વીજળી જતા રહ્યા બાદનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.




તસ્વીર : બ્રિજેશ ત્રિવેદી, અમદાવાદ

મણીનગરમાં દ્વારકેશ ફ્લેટની પાસે મણિયાસા સોસાયટી ખાતે મેલડી માતાજીના મંદિરમાં હવન-પૂજા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા અને પ્રસાદનો લાભ લીધી હતો.

# ગાંધીનગરમાં કલાકારોને માન અને કોરોના વોરિયર્સનું અપમાન

| (એજન્સી) ગાંધીનગર, તા.૨૭ |

ગાંધીનગરમાં એક તરફ વિધાનસભાનું સત્ર ચાલી રહ્યું છે. તો બીજી તરફ આરોગ્યકર્મીઓ અને વ્યાયામ શિક્ષકો પોતાની પડતર માંગોને લઈને આંદોલન કરી રહ્યા છે. આજે બંનેના આંદોલનને ૧૧મો દિવસ છે. વિધાનસભા સત્રમાં કલાકારો માટે લાલ જાજમ પાથરી માન-સન્માન આપવામાં આવી રહ્યું છે, ત્યારે કોરોનાકાળમાં કોરોના વૉરિયર્સનું બિરૂદ આપી સન્માન કર્યા બાદ સરકાર આરોગ્યકર્મીઓની હવે પડતર માંગો સ્વિકારવા માટે તૈયાર નથી.

સરકારે કડક વલણ અપનાવતાં ૨૦૦૦થી વધુ કર્મચારીઓને નોકરીમાંથી પાણીચુ પકડાવી દીધું છે. આ ઉપરાંત હજારો કર્મચારીઓને શો-કૉઝ નોટીસ ફટકારવામાં આવી છે, તો કેટલાક કર્મચારીઓ વિરૂદ્ધ ખાતાકીય તપાસના આદેશ આપી આંદોલન ડામવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જોકે યોગ્ય નિરાકરણ ન આવે ત્યાં સુધી આરોગ્યકર્મી માંગણી માટે મક્કમ છે. આગેવાનો પાણીમાં ન બેસે તો આરોગ્ય કર્મચારીઓ લડી લેવાના મૂડમાં છે.

ગાંધીનગરમાં એક તરફ વિધાનસભાનું સત્ર ચાલી રહ્યું છે. તો બીજી તરફ આરોગ્યકર્મીઓ અને વ્યાયામ શિક્ષકો પોતાની પડતર માંગોને લઈને આંદોલન કરી રહ્યા છે. આજે બંનેના આંદોલનને ૧૧મો દિવસ છે. વિધાનસભા સત્રમાં કલાકારો માટે લાલ જાજમ પાથરી માન-સન્માન આપવામાં આવી રહ્યું છે, ત્યારે કોરોનાકાળમાં કોરોના વૉરિયર્સનું બિરૂદ આપી સન્માન કર્યા બાદ સરકાર આરોગ્યકર્મીઓની હવે પડતર માંગો સ્વિકારવા માટે તૈયાર નથી.

સરકારે કડક વલણ અપનાવતાં ૨૦૦૦થી વધુ કર્મચારીઓને નોકરીમાંથી પાણીચુ પકડાવી દીધું છે. આ ઉપરાંત હજારો કર્મચારીઓને શો-કૉઝ નોટીસ ફટકારવામાં આવી છે, તો કેટલાક કર્મચારીઓ વિરૂદ્ધ ખાતાકીય તપાસના આદેશ આપી આંદોલન ડામવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જોકે યોગ્ય નિરાકરણ ન આવે ત્યાં સુધી આરોગ્યકર્મી માંગણી માટે મક્કમ છે. આગેવાનો પાણીમાં ન બેસે તો આરોગ્ય કર્મચારીઓ લડી લેવાના મૂડમાં છે.

આ તરફ, આરોગ્ય કર્મચારી સંઘે પણ ચીમકી ઉચ્ચારી છે કે, બે દિવસ દરમિયાન જો સરકાર વાટાઘાટો માટે આમંત્રણ નહી પાઠવે તો રાજ્યભરમાં ઉગ્ર આંદોલન કરાશે. હાલ આઠ જિલ્લામાંથી ૨ હજારથી વધુ કર્મચારીઓને નોકરીમાંથી છૂટા કરાયાં છે. પાંચ હજારથી વધુ કર્મચારીઓને શો કોઝ નોટિસ અપાઈ છે.

### ૧૩૨૯ કરોડની ફૂડ સબસિડી પ્રાપ્ત

# PM-GKAY હેઠળ ગુજરાતના ૧૪ કરોડથી વધુ લોકોને લાભ

**કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્યાન્ન અને જાહેર વિતરણ રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ માહિતી આપી**

| (એજન્સી) ગાંધીનગર, તા.૨૭ |

ભારત સરકારની મહત્વપૂર્ણ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PM-GKAY) દ્વારા છેલ્લા ચાર વર્ષમાં ગુજરાતના લગભગ ૧૪ કરોડ લોકો લાભાન્વિત થયા છે. આ યોજના હેઠળ ગુજરાતને ૨૦૨૧-૨૨ થી ૨૦૨૪-૨૫ દરમિયાન રૂ. ૧૩૨૯ કરોડની ફૂડ સબસિડી આપવામાં આવી છે.

કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્યાન્ન અને જાહેર વિતરણ રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયા દ્વારા ૨૫ માર્ચ ૨૦૨૫ના રોજ રાજ્યસભામાં સાંસદ પરિમલ નથવાણીના પ્રશ્નનો જવાબ આપતા આ માહિતી રજૂ કરવામાં આવી. કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્યાન્ન અને જાહેર વિતરણ રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં PM-GKAY અંતર્ગત ૨૦૨૧-૨૨માં ૩.૪૫ કરોડ, ૨૦૨૨-૨૩માં ૩.૪૪ કરોડ, ૨૦૨૩-૨૪માં ૩.૫૨ કરોડ અને ૨૦૨૪-૨૫ના વર્ષમાં ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીમાં ૩.૬૮ કરોડ લાભાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, રાષ્ટ્રીય ખાદ્ય નિગમ (FCI) અને અન્ય સંસ્થાઓ દ્વારા ખાદ્ય પ્રદાન અને આ વિતરણના ખર્ચ માટે રાજ્યને રૂ. ૬૯૪ કરોડની સહાય પણ આપવામાં આવી છે. PM-GKAY હેઠળ, ગુજરાત માટે કેન્દ્ર સરકારે કુલ રૂ. ૯,૬૯,૬૧૪.૦૯ કરોડનું ભંડોળ ફાળવ્યું છે. કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્યાન્ન અને જાહેર વિતરણ રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ જણાવ્યું હતું કે, FCI દ્વારા ૮૧.૩૫ કરોડ લોકોને મફત અનાજ પુરુ પાડવામાં આવે છે અને આ યોજના હેઠળ ૮૦.૫૬ કરોડ લાભાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્યાન્ન અને જાહેર વિતરણ રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ સ્પષ્ટ કર્યો કે, નાણા મંત્રાલય સમગ્ર ભંડોળ ફાળવે છે, જ્યારે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને ખાદ્ય સબસિડી અને વિતરણ માટે કેન્દ્રીય સહાય આપવામાં આવે છે. PM-GKAY ના અમલથી, ગુજરાતમાં ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને મહત્વપૂર્ણ ખાદ્ય સબસિડી મળી રહી છે, જે તેમના જીવનના ગુણવત્તાને સુધારવા માટે મોટું પગથિયું સાબિત થઈ રહી છે.

## વડોદરામાં નારાયણ વિદ્યાલય શરૂ કરવાની માગણી સાથે દેખાવો

| (એજન્સી) વડોદરા, તા.૨૭ |

વડોદરાના ડભોઈ-વાઘોડિયા રિંગ રોડ પર આવેલી નારાયણ વિદ્યાલયના વાલીઓ અને શિક્ષકોએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપીને સ્કૂલ ચાલુ કરવા માંગણી કરી હતી. સાત મહિના પહેલા સ્કૂલની એક દિવાલનો ભાગ તૂટી પડવાથી આ શાળાને સીલ મારવામાં આવ્યું હતું. આશરે ૭૦૦ કરતા વધારે વિદ્યાર્થીઓને નારાયણ ઈન્ટરનેશનલ નામની બીજી સ્કૂલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. આમ છતાં વાલીઓ અને વિદ્યાર્થીઓ બંધ પડેલી શાળા પુનઃ ચાલુ કરવા લડી રહ્યા છે. કલેકટર અને આવેદનપત્ર આપ્યા બાદ દેખાવ કરનારાઓએ જણાવ્યું હતું કે અગાઉ પણ રજૂઆત કરવામાં આવી હોવા છતાં કેમ શરૂ કરવામાં આવતી નથી, શાળાનું સીલ કેમ ખોલવામાં આવતું નથી, શાળાનો સ્ટ્રકચર સ્ટેબિલિટી રિપોર્ટ પણ જાહેર કરવામાં આવતો નથી તે સવાલ અમે ઉઠાવ્યા છે. આ મુદ્દે કલેકટર તરફથી વાલીઓ અને શિક્ષકોને સીલ નહીં ખોલવું અને રિપોર્ટ કેમ જાહેર થયો નથી તેની તપાસ કરી જિલ્લા શિક્ષણ અધિકારી સાથે મીટીંગ કરાવવા ખાતરી આપી હોવાનું તેઓએ જણાવ્યું હતું.

### અકસ્માતને લઈને ૯૮૦ લોકો પર થયો સર્વે

# ૨૩ ટકા લોકોએ મોબાઈલનો અયોગ્ય ઉપયોગ અકસ્માતનું મુખ્ય કારણ ગણાવ્યું

**સાથે સાથે ઝડપ, આલ્કોહોલ, થાક અને મોબાઈલનો અયોગ્ય ઉપયોગ મુખ્ય કારણો હોવાનું જાણવા મળ્યું હતું**

| રાજકોટ, તા.૨૭ |

શહેરના મનોવિજ્ઞાન ભવનના સંશોધકોએ અકસ્માતોની ગંભીરતા અને તેના સામાજિક પ્રભાવ પર એક અભ્યાસ હાથ ધર્યો છે, જે શહેરના નાગરિકો માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થયો છે. અકસ્માત વિશે લોકો શું માને છે અને તેના કારણો શું હોઈ શકે તે જાણવાના હેતુથી મહીડા તુષાર અને મહેતા અભિજીતે મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષ યોગેશ જોગસન અને અધ્યાપક ડો. ધારા દોશીના માર્ગદર્શન હેઠળ ૯૮૦ લોકો પર સર્વેક્ષણાત્મક અભ્યાસ કર્યો અને રસપ્રદ માહિતી એકત્રિત કરી છે.

માર્ગ પર વાહન ચલાવતી વખતે અકસ્માત એ આજના સમયની સૌથી ચિંતાજનક સમસ્યાઓ પૈકી એક છે. વિસ્તૃત સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે, અકસ્માતના કેટલાક મુખ્ય કારણો છે.

સૌ પ્રથમ, વધુ ઝડપે વાહન ચલાવવાનો પ્રયાસ અકસ્માતનું મુખ્ય કારણ બની રહ્યું છે. ૧૬% લોકોએ જણાવ્યું કે, ઝડપ અને બેદરકારીથી વાહન ચલાવવાથી અકસ્માતની સંભાવના વધી જાય છે. તેની પાછળ ૧૪% લોકોએ આલ્કોહોલ અને ડ્રગ્સનો ઉપયોગ મુખ્ય કારણ હોવાનું જણાવ્યું હતું.

ઘણી વખત થાક, કાર્યનો બોઝ, ધ્યાનનો અભાવ પણ અકસ્માતનું કારણ બને છે. ૧૨% લોકોએ વધારે કાર્ય બોઝ અને થાકને કારણે અકસ્માત થતા હોવાનું જણાવ્યું હતું. ૨૩% લોકોએ મોબાઈલનો અયોગ્ય ઉપયોગ અકસ્માતનું મુખ્ય કારણ ગણાવ્યું હતું. રાહ ચલાવતી વખતે માનસિક પરિસ્થિતિ પણ મહત્વની ભૂમિકા ભજવે છે. ૮% લોકોએ આવેગાત્મક અવસ્થા અને માનસિક દબાણને અકસ્માત માટે જવાબદાર ઠેરવ્યો હતો. રસ્તાની પરિસ્થિતિ, વાહનની તકનીકી ક્ષમતા, અને વાતાવરણ પણ અકસ્માતમાં મહત્વનો ભાગ ભજવે છે.

માર્ગ અકસ્માત ફક્ત શારીરિક નુકસાન નથી પહોંચાડતો, પરંતુ વ્યક્તિના માનસિક સ્વાસ્થ્ય પર પણ ગંભીર અસર કરે છે. ૧૦૩ અકસ્માત પીડિતોનું સંશોધન દર્શાવે છે કે PTSD (પોસ્ટ-ટ્રૉમટિક સ્ટ્રેસ ડિસઓર્ડર) જેવી માનસિક સ્થિતિઓ વ્યક્તિના જીવનને પ્રભાવિત કરી શકે છે. ડરની ભાવના, ઉદાસી, ચિંતા, અને "ડ્રાઈવિંગ ફોબિયા" જેવી સ્થિતિઓ વ્યક્તિના સામાજિક જીવન અને માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર પ્રભાવ પાડે છે.

અકસ્માત અટકાવવા માટે, વિશેષજ્ઞોનો સલાહ છે કે ગતિ મર્યાદાનું પાલન, ટ્રાફિક નિયમોનું સંચાલન, વાહનોની યોગ્ય સંભાળ, સીટ બેલ્ટ અને હેલ્મેટનો ઉપયોગ, અને ડ્રાઈવિંગ પ્રશિક્ષણ અત્યંત જરૂરી છે. નાગરિકોએ સમજવાનું છે કે માર્ગ પર સુરક્ષા ફક્ત વ્યક્તિગત જવાબદારી નથી, પરંતુ સમગ્ર સમાજની જવાબદારી છે. કાઉન્સિલિંગ, થેરાપી, અને સમર્થન જૂથો માર્ગ અકસ્માત પીડિતોને પોતાના જીવનને પાછું ઓળખવામાં મદદ કરી શકે છે.

# રાજ્ય વિધાનસભામાં ગુજરાત સ્ટેમ્પ એમેન્ડમેન્ટ ખરડો રજૂ

| (માહિતી) ગાંધીનગર, તા.૨૭ |

ગુજરાત વિધાનસભામાં 'ધ ગુજરાત સ્ટેમ્પ સુધારા ખરડો ૨૦૨૫' રજૂ કરવામાં આવ્યો છે. આ સુધારા ખરડા અનુસાર ગુજરાત સ્ટેમ્પ **Gujarat Stamp Amendment Bill 2025** અધિનિયમ ૧૯૫૮ની કલમ ૬૨-ક (૩) સાથે કલમ ૯-એની જોગવાઈનું પાલન ન કરનાર અથવા સ્ટેમ્પ ડ્યૂટી વસૂલીને સરકારમાં જમા કરાવવામાં નિષ્ફળ જનાર કે સ્ટેમ્પ ડ્યૂટી સંદર્ભે ખોટી માહિતી આપનારની દંડની રકમમાં ખાસો વધારો કરવામાં આવ્યો છે. જોગવાઈનું પાલન ન કરવા બદલ દંડની રકમ હાલના રૂપિયા ૨૦૦થી વધારીને ૧ લાખ કરવામાં આવી છે. આ રીતે કરવામાં આવતો દંડ ઓછામાં ઓછો ૧૦ હજાર રૂપિયા તો કરવો જ પડશે તેવી જોગવાઈ નવા સૂચિત સુધારા ખરડામાં દાખલ કરવામાં આવી છે. કલમ ૬૨-ક ની ૧, ૨, ૩ માં કરવામાં આવેલી નવી જોગવાઈ પ્રમાણે કેટલાક કિસ્સાઓમાં આ દંડની રકમ ૨૦૦ થી વધારીને ૫૦ હજાર રૂપિયા પણ કરી દેવામાં આવી છે. તેમ જ ઓછામાં ઓછી પેનલ્ટી ૧૦ હજાર કરી દેવાની ખરડામાં જોગવાઈ કરવામાં આવી છે. દંડની જંગી રકમ રાખીને તે રકમમાં ઘટાડો કરવાની કલેક્ટરને સલાહ આપવામાં આવી હતી. ખરડામાં કરવામાં આવેલા સુધારા અનુસાર કલમ ૬૨- કનો ભંગ કરવાના પહેલા ગુના માટે ૫૦૦ રૂપિયાનો દંડ કરવાની જોગવાઈ કરવામાં આવી રહી છે. જે તે વ્યક્તિ ગુનેગાર ઠરે ત્યારે તેને ૫ હજાર રૂપિયાનો દંડ કરવાની જોગવાઈ દાખલ કરવામાં આવી છે. કલમ ૬૨-કની જોગવાઈનો બીજીવાર ભંગ કરવા બદલ ૧ હજાર રૂપિયાનો દંડ કરવાની જોગવાઈ લાવવામાં આવી રહી છે. ત્રીજીવાર અને ત્યારબાદ આ ગુનો કરે તો ૨ હજાર રૂપિયાનો દંડ અને બે વર્ષની જેલની સજા કરવાની જોગવાઈ કરવામાં આવી છે. મૃત્યુ પામેલાની મિલકતના વારસદાર પુત્ર કે પુત્રીને માત્ર ૨૦૦ રૂપિયાના સ્ટેમ્પ લખી આપીને અન્ય ડ્યૂટી ભર્યા વિના મિલકત ટ્રાન્સફર કરી આપવાની બજેટમાં જોગવાઈ દાખલ કરવામાં આવી છે. આ જોગવાઈથી સરકારે જનતાને ખુશ કરી દીધી છે તો બીજી બાજુ કોઈ ચૂક થાય તો માટે જંગી રકમનો દંડ કરવાની જોગવાઈ દાખલ કરી છે.

### ચૈત્રી નવરાત્રી દરમિયાન સમયમાં ફેરફાર

# અંબાજી મંદિર ખાતે આરતી તથા દર્શનના સમયમાં ફેરફાર

**તા.૩૦/૦૩/૨૦૨૫ને ચૈત્ર સુદ-૧ (એકમ) રવિવારના ઘટસ્થાપન સવારે ૦૯:૧૫ કલાકે કરવામાં આવશે**

| (માહિતી) અંબાજી, તા.૨૭ |

ચૈત્રી નવરાત્રી દરમિયાન શ્રીઆરાસુરી અંબાજી મંદિર ખાતે આરતી તથા દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા એક યાદીમાં જણાવ્યું છે કે, આગામી ચૈત્રી નવરાત્રી નિમિત્તે આરતી-દર્શનના સમયમાં ફેરફાર થવાથી શ્રી અંબાજી માતા મંદિર અંબાજીમાં યાત્રાળુઓને સગવડતા ખાતર આરતી તથા દર્શનનો સમય નીચે મુજબનો રહેશે જેની જાહેર જનતાને નોંધ લેવા વિનંતી કરાઈ છે. તા.૩૦/૦૩/૨૦૨૫ને ચૈત્ર સુદ – ૧ (એકમ) રવિવારના ઘટસ્થાપન સવારે ૦૯:૧૫ કલાકે કરવામાં આવશે. જેમાં આરતી સવારે ૦૭:૦૦ થી ૦૭:૩૦, દર્શન સવારે ૦૭:૩૦ થી ૧૧:૩૦, રાજભોગ બપોરે ૧૨:૦૦ કલાકે, દર્શન બપોર ૧૨:૩૦ થી ૧૬:૩૦, આરતી સાંજે ૧૯:૦૦ થી ૧૯:૩૦, દર્શન સાંજે ૧૯:૩૦ થી ૨૧:૦૦ વાગ્યા સુધીનો સમય રહેશે. તા.૦૫/૦૪/૨૦૨૫ને ચૈત્ર સુદ-૮ (આઠમ)ના રોજ આરતીનો સમય સવારે ૦૬:૦૦ વાગ્યાનો રહેશે. તા.૧૨/૦૪/૨૦૨૫ને ચૈત્ર સુદ-૧૫ (પુનમ)ના રોજ આરતીનો સમય સવારે ૦૬:૦૦ વાગ્યાનો રહેશે તેમજ તા.૦૬/૦૪/૨૦૨૫થી મંદિરના દર્શન અને આરતીનો સમય રાબેતા મુજબ રહેશે. તમામ ભક્તજનોને વિનંતી છે કે, તેઓ ઉપરોક્ત સમય મુજબ દર્શન માટે આગમન કરે તેમ જણાવ્યું છે. પાવાગઢમાં પણ દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. પાવાગઢમાં એકમ, આઠમ, નોમ અને પૂનમના દિવસે મંદિર સવારે ૪ વાગ્યે ખુલશે. બાકીના દિવસોમાં મંદિર સવારે ૫ વાગ્યે ખુલશે. નવરાત્રિ દરમિયાન મંદિર રાત્રે આઠ વાગ્યે બંધ થઈ જશે.

### રાત્રિના સમયે ઘર આંગણે રમી રહી હતી

# કલોલમાં કાર ચાલકે ૨ વર્ષની બાળકીને અડફેટે લેતાં મોત નિપજ્યું

| (એજન્સી) ગાંધીનગર, તા.૨૭ |

ગાંધીનગરના કલોલમાં સાંતેજમાં કાર ચાલકે ૨ વર્ષની બાળકીને કચડી નાંખતા સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. માસૂમ ફૂલ જેવી દેખાતી બાળકીના મોતથી પરિવાર રોષે ભરાયેલો છે. આ મામલે સ્થાનિક પોલીસ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે. ગાંધીનગર જીલ્લાના સાંતેજ તાલુકામાં બે વર્ષની બાળકી પોતાના ઘર આંગણે રમી રહી હતી ત્યારે કાર ચાલકે ટક્કર મારતા બાળકી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. બાદમાં પરિવાર તેને હોસ્પિટલ સારવાર માટે લઈ ગયા હતા. જોકે, સારવાર દરમિયાન બાળકીનું મોત થતાં પરિવારમાં આક્રોશ જોવા મળ્યો હતો. લોકોએ સ્કોર્પિયો કારની તોડફોડ કરી હતી. ઘટનાને આધારે સાંતેજ પોલીસે કાર ચાલક સામે ગુનો દાખલ કર્યો છે. ગાંધીનગરનાં કલોલમાં ૨ વર્ષની બાળકી દેવાંશીનું મોત થતાં પરિવારમાં ગમગીની ફેલાઈ ગઈ છે. સાંતેજમાં રહેતા ગોમતીબેન પોતાની પુત્રી દેવાંશીને લઈ પિયર આવ્યા હતા. રાત્રિના સમયે ઘર આંગણે રમી રહી હતી.

### યુવકને માર મારતા યુવકનાં કપડાં પણ ઉતારવી દીધાં હતા

# માનસિક અસ્થિર યુવકને ઝાડ સાથે બાંધીને મહિલા સહિત લોકોએ પટ્ટા વડે માર્યો

| (એજન્સી) અમદાવાદ, તા.૨૭ |

અમદાવાદમાં સિવિલ હોસ્પિટલમાં એક અસ્થિર યુવકને ઝાડ સાથે બાંધીને મહિલાઓ તથા અન્ય લોકોએ માર મારવાનો ચકચારી બનાવ સામે આવ્યો છે. આ બનાવનો વીડિયો પણ વાઈરલ થયો છે. આ વીડિયોમાં દેખાતો યુવક માનસિક અસ્થિર હોવાનું સામે આવ્યું છે. યુવક મહિલાઓની ઝુંપડી પાસે ઊભો હતો જેને લઈને મહિલા અને તેનાં સ્વજનોએ ભેગા મળીને યુવકને માર માર્યો હતો.

સિવિલ હોસ્પિટલનો સિક્યોરિટી સ્ટાફ પણ બનાવ બન્યો ત્યારે હાજર હતો જેમણે યુવકને છોડાવ્યો નહતો. આ અંગે પોલીસને જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી હતી. માનસિક અસ્થિર યુવક કે મહિલા કોઈએ આ મામલે ફરિયાદ નોંધાવી નથી.સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં કન્સ્ટ્રક્શન કામ ચાલી રહ્યું છે ત્યાં એક યુવકને મહિલા અને કેટલાક વ્યક્તિઓ ભેગા મળીને ઝાડ પાસે લઈ જઈ પટ્ટા વડે માર મારતા હોવાનો વીડિયો વાઈરલ થયો છે.

### સામૂહિક આપઘાતનો કિસ્સો સામે આવ્યો

# વલસાડમાં પતિ-પત્નિએ બાળક સહિત ટૂંકાવ્યું જીવન

| (એજન્સી) વલસાડ, તા.૨૭ |

વલસાડ ના ઉમરગામ માં સામૂહિક આપઘાતનો કિસ્સો સામે આવતાં ચકચાર મચી ગઈ છે. સોળસુંબા ગામમાં પતિ-પત્ની અને બાળકે આપઘાત કરતા સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પરિવાર ભાડાના ફ્લેટમાં રહેતો હતો. જ્યાં પતિ-પત્નીએ તેમના બે વર્ષના બાળકની હત્યા કર્યા બાદ આત્મહત્યા કરી લીધી. જ્યારે આસપાસના લોકોને આ ઘટનાની જાણ થઈ, ત્યારે પડોશીઓએ તાત્કાલિક પોલીસને જાણ કરી. ઘટનાની માહિતી મળતા જ ડીએસપી સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પરિવારે આત્મહત્યા શા માટે અને કેવી રીતે કરી તે હજુ સુધી જાણી શકાયું નથી. ઉમરગામ પોલીસે ત્રણેયના મૃતદેહનો કબ્જો મેળવી લીધો છે અને ઝઝૂફ ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ પત્ની અને બાળકને ઝેરી પ્રવાહી આપવામાં આવ્યું હતું બાદમાં પતિએ ફાંસી લગાવી આપઘાત કર્યો હતો.